જૈનાચાર્ય શ્રીજગચ્ચન્દ્રસૂરિ - સૂરિપદરૌપ્યવર્ષગ્રંથમાળા-પુષ્પ-૧૬

જે મે ગુરુ સયયમણુસાસયંતિ, તે હં ગુરું સયયં પૂયયામિ (દસવેયાલિયસુત્ત-૯/૧૧)
'જે ગુરુ મને સતત અનુશાસિત કરે છે તે ગુરુની હું અનવરત પૂજા કરું છું.'

# સંવેગીપરંપરાકૃતિસંદોહ - ૨

## (ગહુંલીસંગ્રહ-પૂર્વાર્દ્ધ)

સંવેગીપરંપરા સંબંધી સાહિત્ય અને
તપા. આ. શ્રીરામસૂરીશ્વરજી મહારાજ (ડહેલાવાળા) તથા
તેઓશ્રીની ગુરુ - શિષ્ય પરંપરા વગેરે વિષયક સામગ્રીનું સંપાદન કરતી શ્રેણી

**પ્રેરક**

પ.પૂ. તપાગચ્છાધિરાજ,
આ.ભ. શ્રીમદ્વિજય રામસૂરીશ્વરજી મહારાજા
(ડહેલાવાળા)નાં શિષ્યરત્ન 'સૂરિરામ' આજીવન અંતેવાસી,
પ.પૂ. નિસ્પૃહશીલ આચાર્ય ભગવંત
**શ્રીમદ્વિજય જગચ્ચન્દ્રસૂરીશ્વરજી મહારાજા (ડહેલાવાળા)**

**સંપાદક**

**ગણિશીલચન્દ્રવિજય**

**પ્રકાશક**

**આ. શ્રીસુરેન્દ્રસૂરીશ્વરજી જૈન તત્ત્વજ્ઞાનશાળા**
અમદાવાદ - સુરત

# સંવેગીપરંપરાકૃતિસંદોહ - ૨

પ્રેરક : પ.પૂ. આ.ભ. **શ્રીજગચ્ચન્દ્રસૂરીશ્વરજી મહારાજા** (ડહેલાવાળા)

સંપાદક : ગણિશીલચન્દ્રવિજય ❖ સહાયક : મુનિ નિર્ગ્રંથચન્દ્રવિજય

આવૃત્તિ : પ્રથમ ❖ નકલ : ૭૦૦ ❖ મૂલ્ય : ૧૫૦.૦૦

પ્રકાશન વર્ષ : વીર સં. ૨૫૫૧, વિ.સં. ૨૦૮૧ ઈ.સ. ૨૦૨૪

પ્રકાશનતિથિ : માગસર-સુદ-૧૦, મંગળવાર, તા. ૧૦/૧૨/૨૦૨૪

(પ.પૂ. ભવોદધિતારક ગુરુદેવશ્રી આ.ભ. શ્રી જગચ્ચન્દ્રસૂરીશ્વરજી મહારાજા (ડહેલાવાળા)નો ૨૬મો આચાર્યપદપ્રદાન દિન)

પૃષ્ઠ : ૨૨ + ૧૨૦ = ૧૪૨

ISBN : 978-81-965608-4-3

© : સર્વહક્ક સ્વાધીન

JSBN : SURAJ0021

**: અગત્યની સૂચના :**

આ ગ્રંથનું પ્રકાશન જ્ઞાનદ્રવ્યમાંથી થયેલ હોવાથી ગૃહસ્થોએ મૂલ્ય ચૂકવી માલિકી કરવી.

પ્રાપ્તિસ્થાન

❖ **અમદાવાદ :**

આ. શ્રીસુરેન્દ્રસૂરીશ્વરજી જૈન તત્ત્વજ્ઞાનશાળા
૧૨, શ્રેયાંસનાથ સોસાયટી, ધરણીધર દેરાસર પાછળ, ગોદાવરી રોડ,
વાસણા, અમદાવાદ - ૩૮૦ ૦૦૭
મો. ૯૫૧૨૨૩૪૩૧૧

❖ **મુંબઈ :**

સુરેશભાઈ કે. શાહ
૩૦૧, સુરેશ સદન, દોલતનગર,
રોડ નં. ૪, બોરીવલી (ઈસ્ટ),
મુંબઈ - ૪૦૦ ૦૬૬
મો. ૯૮૧૯૧૮૯૫૭૩

❖ **સુરત :**

પં. શ્રીરવિવિજયજી જૈન પાઠશાળા
A-૧૦૩/૧૦૪, વાસુદર્શન રેસીડેન્સી,
ૐકારસૂરિ આરાધનાભવનની બાજુમાં,
પાલ, સુરત.
મો. ૭૭૭૮૮૮૭૯૦૯

મુદ્રક : કિરીટ ગ્રાફિક્સ - અમદાવાદ, M. ૯૮૯૮૪ ૯૦૦૯૧, ૯૪૦૯૩ ૪૨૬૦૧

# સમર્પણ

મહાન્ ક્રિયોદ્ધારક

પૂજ્યપાદ પંન્યાસપ્રવર

**શ્રીસત્યવિજયજી મહારાજ**નાં

પ્રભાવક પટ્ટધર

સુવિશુદ્ધ સંયમી

**આ.શ્રીવિજયપ્રભસૂરીશ્વરજી**નાં વરદ્હસ્તે

આણંદપુરનગરે

પંડિતપદ ધારક

**સંવેગી પરંપરા સંવાહક**

પ.પૂ. પરમકૃપાળુ પંન્યાસ પ્રવર

**શ્રીકર્પૂરવિજયજી મહારાજજી**નાં

પાવનપાણિપંકજે

સંવેગી પરંપરા કૃતિસંદોહ-રનું

ભાવભીના હૃદયે

**સ...મ...ર્પ...ણ**

## દિવ્યાશીષ વૃષ્ટિ

- પ.પૂ. અજોડ-ગણધરવાદ ઉપદેશક, અજાતશત્રુ,
  દિવ્યતેજોમૂર્તિ, પંન્યાસ-પ્રવર
  **શ્રી ધર્મવિજયજી મહારાજા.**

- પ.પૂ. અપ્રતિમ-પ્રતિભાસંપન્ન,
  ડહેલાનાં સમુદાયનાં આદ્યાચાર્ય,
  ૧૭ ગામ સમાજ સદ્ધર્મદાતા
  આ.ભ. **શ્રી સુરેન્દ્રસૂરીશ્વરજી** મહારાજા.

- પ.પૂ. તપાગચ્છાધિપતિ, ગીતાર્થગણનાયક,
  સ્વાધ્યાય-સમાધિ સાધક, પરમગુરુદેવ,
  આ.ભ. **શ્રી રામસૂરીશ્વરજી મહારાજા.**

### મંગલનિમિત્ત

પ.પૂ. તપા. ઉત્કૃષ્ટ વિશુદ્ધપરિણામી
આ.ભ. **શ્રી રામસૂરીશ્વરજી** મહારાજા (ડહેલાવાળા)નાં
આજીવન અંતેવાસી શિષ્યદેવ, પટ્ટસંરક્ષક
આ. ભ. ભવોદધિતારક પૂજ્યપાદ ગુરુદેવ
**શ્રીમદ્વિજય જગચ્ચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાનાં
આચાર્ય પદ પ્રદાનનાં ૨૫ વર્ષની પરિપૂર્ણતા રૂપ રૌપ્યવર્ષનાં
ઉપલક્ષે આ ગ્રંથપુષ્પનું પ્રકાશન થઈ રહ્યું છે.
તે અત્યંત મંગલ ઘટના છે.

## પૂજ્ય ગુરુદેવશ્રીના

# ॥आशीर्वचन ॥

॥ નમો નમઃ શ્રીગુરૂરામસૂરયે ॥

ઘણી પ્રતીક્ષા પછી સંવેગીપરંપરાકૃતિસંદોહ-૨નું પ્રકાશન તૈયાર થયું છે સંવેગી પરંપરાનાં પૂજ્યોની આ ગહુંલીઓ પુનઃ ઉપયોગમાં લેવાય એ માટેનાં પણ પ્રયાસો થાય એવી અપેક્ષા સહ ૩ જા ભાગનું કાર્ય શીઘ્ર પૂર્ણતાને વરે એ જ...

ચૈત્ર શુદ-૧૩/૨૦૮૦
લબ્ધિનિધાન જૈન સંઘ
બોપલ - આંબલી,
અમદાવાદ.

લિ. જગચ્ચન્દ્રવિજય

સંવેગીપરંપરા સંરક્ષક મહાન્ ક્રિયોદ્ધારક પ.પૂ. પંન્યાસપ્રવર
શ્રી સત્યવિજયજી ગણિવરની મુખ્ય ગુરુ-શિષ્ય-પટ્ટપરંપરાનાં સંવાહક
પ.પૂ. તપા. આ. શ્રી રામસૂરીશ્વરજી મહારાજા (ડહેલાવાળા)નાં શિષ્યરત્ન
પૂજ્યપાદ ગુરુદેવશ્રી આ.ભ.શ્રી વિજય **જગચ્ચન્દ્રસૂરીશ્વરજી** મહારાજા
(ડહેલાવાળા)નો આજ્ઞાવર્તી - નિશ્રાવર્તી - સહવર્તી

# શિષ્ય-પ્રશિષ્યાદિ શ્રમણસંઘ

- આચાર્ય. શ્રી કલ્પયશસૂરિજી મ.
- ગણિવર્ય શ્રી પૂર્ણચન્દ્રવિ.જી મ.
- મુનિરાજ શ્રી વિશ્વચન્દ્રવિ.જી મ.
- મુનિરાજ શ્રી ચિદાનંદવિ.જી મ.
- ગણિવર્ય શ્રી પ્રસન્નચન્દ્રવિ.જી મ.
- ગણિવર્ય શ્રી પ્રકાશચન્દ્રવિ.જી મ.
- મુનિરાજ શ્રી કુમુદચન્દ્રવિ.જી મ.
- મુનિરાજ શ્રી જિનચન્દ્રવિ.જી મ.
- મુનિરાજ શ્રી નયજ્ઞવિ.જી મ.
- મુનિરાજ શ્રી હીરહર્ષવિ.જી મ.
- મુનિરાજ શ્રી દિવ્યચન્દ્રવિ.જી મ.
- મુનિરાજ શ્રી ગોયમચન્દ્રવિ.જી મ.
- મુનિરાજ શ્રી દૃષ્ટિવાદવિ.જી મ.
- મુનિરાજ શ્રી કુશલચન્દ્રવિ.જી મ.
- મુનિરાજ શ્રી નિર્ગ્રન્થચન્દ્રવિ.જી મ.
- મુનિરાજ શ્રી જયઘોષવિ.જી મ.
- મુનિરાજ શ્રી કૃતનિશ્ચયવિ.જી મ.
- મુનિરાજ શ્રી ચિદ્યશવિ.જી મ.
- મુનિરાજ શ્રી વિદ્વદ્યશવિ.જી મ.
- પ.પૂ.પર્યાયસ્થવિર મુ.શ્રી વિજયચન્દ્રવિ. જી મ.
- ગણિવર્ય શ્રી શીલચન્દ્રવિ.જી મ.
- ગણિવર્ય શ્રી ચન્દ્રયશવિ.જી મ.
- મુનિરાજ શ્રી વિરાગચન્દ્રવિ.જી મ.
- મુનિરાજ શ્રી સુવ્રતચન્દ્રવિ.જી મ.
- ગણિવર્ય શ્રી વિનીતચન્દ્રવિ.જી મ.
- મુનિરાજ શ્રી હર્ષચન્દ્રવિ.જી મ.
- મુનિરાજ શ્રી રાજયશવિ.જી મ.
- મુનિરાજ શ્રી આત્મદર્શનવિ.જી મ.
- મુનિરાજ શ્રી વિજયચન્દ્રવિ.જી મ.
- મુનિરાજ શ્રી હેમચન્દ્રવિ.જી મ.
- મુનિરાજ શ્રી મનકચન્દ્રવિ.જી મ.
- મુનિરાજ શ્રી કેવલજ્ઞાનવિ.જી મ.
- મુનિરાજ શ્રી હિતાંશચન્દ્રવિ.જી મ.
- મુનિરાજ શ્રી વિજયઘોષવિ.જી મ.
- મુનિરાજ શ્રી ભવ્યયશવિ.જી મ.
- મુનિરાજ શ્રી દૃઢનિશ્ચયવિ.જી મ.
- મુનિરાજ શ્રી નંદીસૂત્રવિ.જી મ.
- મુનિરાજ શ્રી હૃદયમંદિરવિ.જી મ.

# પ્રકાશકીય

જેમની પ્રેરણા થી આ સંસ્થા આકાર પામી તે પરમ પૂજ્ય તપાગચ્છાધિપતિ આ. ભ. શ્રી વિજય રામસૂરીશ્વરજી (ડહેલાવાળા) મ. સા. ને યાદ કરી અને વર્તમાન માં તેમના જ સ્વાધ્યાય પ્રેમી શિષ્યરત્ન પ. પૂ. આ. ભ. શ્રી વિજય જગચ્ચંદ્રસૂરીશ્વરજી મ. સા. (ડહેલાવાળા), જેમના માર્ગદર્શન થી વર્તમાનમાં પણ આ સંસ્થા સક્રિયપણે કાર્યરત છે. તેઓશ્રીની પ્રેરણાથી વિવિધ ગ્રંથોનાં પ્રકાશન નું કાર્ય ચાલી રહ્યું છે. તેમાં હવે આ સંવેગીપરંપરાકૃતિસંદોહ ભાગ-૨ પ્રકાશિત થઇ રહ્યો છે તેનો અમોને અનેરો આનંદ છે.

સંવેગી પરંપરા ના પંન્યાસ ભગવંતો, મુનિવર્યો આદિ દ્વારા રચિત ગહુંલીઓ નું સુંદર સંક્ષિપ્ત વિવેચન રસિક અને જિજ્ઞાસુ સાધુ-સાધ્વી-શ્રાવક અને શ્રાવિકા માટે ખુબ જ ઉપયોગી થશે તેવો અમોને વિશ્વાસ છે.

ગુરુ કૃપાપાત્ર અને પ્રાપ્ત માર્ગદર્શનને અનુસરનાર યુવા મુનિરાજ શ્રી શીલચંદ્ર વિજયજી ગણિવર્ય મ. સા. એ બંને ભાગનું સંપાદન કર્યું છે અને હવે ભાગ ત્રણ નું પણ સંપાદન કરવાની ઈચ્છા ધરાવે છે. તેમના જ્ઞાન વર્ધક કાર્યની અમો ભૂરી ભૂરી અનુમોદના કરીએ છીએ.

આ ગ્રંથના પ્રકાશનમાં આર્થિક સહયોગ આપનાર શ્રીધર્મવર્ધક ગેલેક્ષી જૈન સંઘ, અઠવાલાઇન્સ, સુરત, જેઓ વારંવાર અમોને સહયોગ આપતા રહ્યા છે તેમના અમો અત્યંત આભારી છીએ. ગ્રંથના સંપાદન અને પ્રકાશનમાં સહાયરૂપ થનાર દરેક નામી - અનામી વ્યક્તિઓનો અમો હૃદયપૂર્વક આભાર પ્રગટ કરીએ છીએ.

તા.: ૯/૧૦/૨૦૨૪

હિતેશ સવાણી
આચાર્ય સુરેન્દ્રસૂરિ જૈન તત્ત્વજ્ઞાનશાળા.
અમદાવાદ

## ગ્રંથપ્રકાશન સંપૂર્ણ લાભ

# શ્રી ધર્મવર્ધક ગેલેક્ષી જૈન સંઘ

**અઠવાલાઇન્સ - સૂરત**
**જ્ઞાનદ્રવ્યમાંથી**

સંવેગી પરંપરાકૃતિ સંદોહ-૨નો

સંપૂર્ણ લાભ લેનાર ભાગ્યશાળી

શ્રી સંઘની

આ. શ્રી સુરેન્દ્રસૂરીશ્વરજી

જૈનતત્ત્વજ્ઞાનશાળા - અમદાવાદ

ભૂરિ ભૂરિ અનુમોદના કરે છે.

॥ નમો નમઃ શ્રીગુરુ જગચ્ચન્દ્રસૂરયે ॥

સંવેગી પરંપરાકૃતિસંદોહ-૨
(ગહુંલી સંગ્રહ - પૂર્વાર્ધ)

# પ્રસ્તાવના

સંવેગી પરંપરા એટલે પ્રભુવીરનાં પંથે પ્રવ્રજ્યાનો સ્વીકાર કરી અણીશુદ્ધ પણે એને પાળવાનો નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરનારા શ્રમણોની શ્રેણિ કે જે શિથિલાચારનો નિરોધ કરીને પંચાચારનું સુંદર પાલન કરવા-કરાવવામાં અત્યંત જાગરુક હોય છે સમયે સમયે આ પૂજ્યપુરુષોએ આદર્શભૂત સંયમજીવન પાળીને સમ્યગ્જ્ઞાનનાં રહસ્યોને ચરિતાર્થ કરી દેખાડ્યા છે.

જ્યારે જ્યારે જરૂર પડી ત્યારે ક્રિયોદ્ધાર કરીને માર્ગને પુનર્જીવિત કરવાનું પ્રશસ્ય કાર્ય કર્યું છે. શ્રમણવર્ગ તથા શ્રમણીવર્ગને ચારિત્રમાં સંગુપ્ત કરવા અનેકાનેક પટ્ટકો-નિયમો-બંધારણો બનાવ્યા છે તથા તેને અમલમાં પણ મૂકાવ્યા છે.

આવા મહાપુરુષોએ સંવેગી પરંપરામાં જન્મ પામીને શ્રીવીતરાગ-વાઙ્મયની વિશિષ્ટ સેવાભક્તિ સ્વરૂપે અનેક શાસ્ત્રો-ગ્રંથો આદિની રચના કરીને શ્રીસંઘનાં ચરણે ભેટ ધરી છે.

આ રચનાઓને સંકલિત કરવા - પ્રકાશિત કરવાનો પ્રકલ્પ એટલે જ **સંવેગીપરંપરાકૃતિસંદોહ**નું ક્રમશઃ પ્રાગટ્ય.

અત્યાર સુધીમાં આ મહાપુરુષોની અનેક રચનાઓ જુદા જુદા સ્થળેથી અનેક ગુરુભગવંતો તથા શ્રાવકો દ્વારા પ્રકાશિત થઈ છે તેમ છતાંય ભારતના વિવિધ જ્ઞાનભંડારોમાં હજુપણ અપ્રકાશિત સાહિત્ય વિપુલ પ્રમાણમાં એમનેમ પડ્યું છે તપાસ કરતાં કરતાં ઘણી બધી માહિતી-સામગ્રી મળી રહી છે તેને વિષયવાર વિભાગ પાડી પ્રકાશિત કરવા માટેના પ્રયાસો ચાલી રહ્યા છે. એનાં પ્રથમ પ્રયાસ સ્વરૂપે સંવેગીપરંપરાકૃતિસંદોહ-૧માં કુલ ૧૧ કૃતિઓ અને ૧ પટ્ટક પ્રકાશિત થયેલ. હવે પ્રસ્તુત બીજા ભાગમાં સંવેગીપરંપરાનાં પૂજ્યોએ રચેલી માત્ર ગહુંલીઓનો સંગ્રહ કરવામાં આવ્યો છે.

ગહુંલી જેને જુની દેશીભાષામાં ગુહલી પણ કહેવામાં આવતી હતી. આ ગહુંલીનાં મુખ્ય બે ભેદ જોવા મળે છે. એક : પ્રભુ અને ગુરુ વગેરેની સન્મુખ જે ચોખા વગેરેનો સાથીયો કરવામાં આવે તે અને બેઃ ગુરુ વગેરેની સન્મુખ વ્યાખ્યાનના સમયે અથવા નગરપ્રવેશરુપ સામૈયા સમયે શ્રાવિકાબહેનો દ્વારા ગવાતા જે મંગલગીતો.

આ ગહુંલીનો અર્થ મધ્યકાલીન ગુજરાતી શબ્દકોશમાં ગહુંલી એટલે ઘઉંની ઢગલી એમ આપ્યો છે.

જિનમંદિરોમાં વીતરાગપ્રભુ સન્મુખ અષ્ટપ્રકારી પૂજા વગેરેની અંતર્ગત અક્ષતપૂજા સમયે આ ગહુંલી કરવામાં આવે છે જેમાં વર્તમાનકાળે મુખ્યતયા ચોખાનો પ્રયોગ - ઉપયોગ વધુ જોવા મળે છે. માત્ર આસો-ચૈત્રની ઓળીમાં અને બીજા અન્ય વિશેષ - વિશિષ્ટ પ્રસંગોમાં ઘઉં વગેરે જુદા જુદા ધાન્યો ગ્રહણ કરીને પણ સાથીયો,

નંદ્યાવર્ત, નવપદ (સિદ્ધચક્રજી)નું માંડલું વગેરે બનાવવામાં આવે છે. તેમાં ઘઉં વગેરેનો વપરાશ પણ થતો જોવા મળે છે.

ગહુંલી શબ્દનાં અર્થને સમજવા પ્રાચીન શાસ્ત્રો-ગ્રંથોમાં એનો આધાર મેળવવાનો પ્રયત્ન કરીએ તો છેક આગમ સુધી એનું મૂળ પહોંચે છે આ વાતનો સંદર્ભ આ.શ્રી ભાવપ્રભસૂરિજી કૃત 'ગોધૂલિકાર્થ'માંથી મળી આવે છે.

આ લઘુગ્રંથની આદિમાં જ સ્પષ્ટતા કરતાં જણાવ્યું છે કે- 'શ્રી જિનશાસનમાં દેવ-ગુરુ પ્રમુખની આગળ ભક્તિને માટે, મંગલને માટે તથા સિદ્ધાન્ત પ્રત્યેનાં વિનયને પ્રદર્શિત કરવા માટે જે સ્વસ્તિકની રચના કરાય છે તેને ગહુંલી કહેવાય છે. જેઓ આ સ્વસ્તિક રચના સ્વરૂપ ગહુંલીને સ્વીકારતા નથી તેઓ સમજણ વગરનાં છે ગુરુકુલવાસથી પતિત છે અને તેથી જ તેઓ અનંત સંસારી છે.'

એક વાત ચોક્કસ છે કે સાધુ આવા પ્રકારની ગહુંલી કરવા માટે મનથી પણ ઈચ્છા ન જ કરે પરંતુ શ્રાવકોએ દેવ-ગુરુ પ્રત્યેનાં બહુમાનભાવને પ્રગટ કરવા આવી ગહુંલીઓ કરવી જોઇએ એમાં કોઈ બાધ નથી.

શ્રીઉત્તરાધ્યયનસૂત્ર આગમનાં ૩૫માં અધ્યયનની ૧૮મી ગાથામાં ગુરુ ભગવંતનાં અર્ચન, રંજન, વંદન, પૂજન આદિનો ઉલ્લેખ છે તેમાં રંજનનો અર્થ ગહુંલી છે. ગોધુલિકાર્થમાં આ ગહુંલી શબ્દનાં છ મંગલરૂપ અર્થ, દસ શબ્દાર્થ, બાર આધ્યાત્મિક અર્થ અને તેર લૌકિક અર્થ એમ કુલ મળીને એકતાલીસ અર્થ સ્પષ્ટ કરવામાં આવ્યા છે. ગહુંલી શબ્દ માટે આનાથી વિશેષ વિવરણ પ્રાયઃ અન્યત્ર ક્યાંય જોવા મળ્યું નથી.

લૌકિકક્ષેત્રમાં પણ આ ગહુંલીનું અત્યંત આદર પાત્ર સ્થાન જોવા મળે છે દરેક શુભ પ્રસંગોમાં મંગલને માટે સાથીયો કરવામાં આવતો હોય છે જમણવાર જેવા પ્રસંગો પણ મિઠાઈ ખૂટી ન જાય એ માટે એના વાસણની નજીકમાં સાથીયા કરવામાં આવતા હોય છે. જે મંગલસૂચક છે. લૌકિકમાં આવા તો ઘણા દૃષ્ટાંતો મળે છે જેમાં સ્વસ્તિક વગેરે

દ્વારા ગહુંલીનું સ્વરૂપ પ્રગટ થતું હોય છે. એ જ રીતે લોકોત્તર માર્ગમાં પણ આ ગહુંલીનું સ્થાન વિશિષ્ટ છે દેવ-ગુરુનાં પ્રવેશ સમયે, સ્નાત્રમાં, સામૈયામાં, વ્યાખ્યાનમાં, પ્રભુપૂજામાં, કલ્પસૂત્ર-બારસાસૂત્ર સમયે નવપદ ઓળીમાં વગેરે વગેરે અનેકાનેક સદ્ધર્માનુષ્ઠાનોમાં સાથીઓ વગેરે દ્વારા ગહુંલી કરવામાં આવતી હોય છે. અને બીજી રીતે બેનો દ્વારા - શ્રાવિકાઓ દ્વારા ગહુંલીઓ ગાવામાં પણ આવતી હોય છે.

એમાં મુખ્યતયા પ્રવચન સમયે આ ગહુંલીઓ ગાવાનો રિવાજ વધુ પ્રચલનમાં છે. ક્યાંક ક્યાંક ભાઈઓ દ્વારા પણ આવા પ્રકારની ગહુંલીઓ ગવાતી જોવામાં આવી છે. આ બધાનો મુખ્ય હેતુ એ જ કે પ્રવચનમાં સાધુ ભગવંતે જે વિષયની છણાવટ કરી હોય તેનો સાર આ ગહુંલી દ્વારા રજુ કરવામાં આવે તો ક્યારેક વળી પ્રવચનપ્રદાતા ગુરુમહારાજનાં ગુણોનું વર્ણન આ ગહુંલી દ્વારા કરવામાં આવે ક્યારેક જે સૂત્ર ઉપર વ્યાખ્યાન અપાતું હોય એ સૂત્રનો મહિમા આ ગહુંલી દ્વારા પ્રદર્શિત કરવામાં આવે તો ક્યારેક વળી વ્યાખ્યાન આપનાર ગુરુ ભગવંતની વાણીનો પ્રભાવ કેટલો વિશિષ્ટ છે એ સૂચિત કરવા પણ ગહુંલીમાં તેવી વાતો વણી લઈને તે ગાવામાં આવતી હોય છે એકંદરે ગુરુ અને ગ્રંથ, પ્રભુ અને પ્રભુવચનનો મહિમા જ આ ગહુંલીઓ દ્વારા વિસ્તરે છે અને તે દ્વારા શ્રોતાવર્ગ પુલકિત થાય છે ગદ્ગદિત બને છે.

આ ગહુંલીઓ પ્રાયઃ કરીને સધવા સ્ત્રીઓ જ ગાતી હોય છે. ઘણીવાર તેઓ સ્વયં જ આ ગહુંલીઓની રચના કરીને ગાતા હોય છે તો ક્યારેક બીજાની રચના કરેલી ગહુંલીઓ પણ ગાતા હોય છે.

સાધુભગવંતો પણ સદ્ગુરુ અને શાસ્ત્ર પ્રત્યેની ભક્તિથી પ્રેરાઈને ગહુંલીઓની રચના કરતાં હોય છે અને એ દ્વારા સદ્ગુરુ અને શાસ્ત્રની મહત્તા પ્રકાશિત કરતા હોય છે વિશિષ્ટજ્ઞાની અને પ્રભાવ-સંપન્ન મુનિભગવંતો દ્વારા રચાયેલી ગહુંલીઓમાં વિશેષરીત્યા વિદ્વત્તા, ભાષામાધુર્ય, શબ્દ સૌંદર્ય, વિશુદ્ધગાંભીર્ય વગેરે ગુણો ઉડીને આંખે વળગતા

હોય છે. અવનવી અનેક પ્રાંજલ કલ્પનાઓ, નવરસ-અલંકારોનો વિધ-વિધ પ્રયોગ કરવા દ્વારા જાત-જાતની ચમત્કૃતિઓ પણ માણવા મળે છે.

અહિંયા આવી કુલ પચાસ ગહુંલીઓનો સંગ્રહ થયો છે આ ગહુંલીઓ - કૃતિઓની હસ્તપ્રતો જુદા જુદા અનેક જ્ઞાનભંડારોમાંથી પ્રાપ્ત થઈ છે. ઘણા લાંબા સમયની મહેનત પછી આ બધુ સાહિત્ય હાથ લાગ્યું છે. અને મળ્યા પછી પણ સીધે સીધુ બસ છપાવી દીધુ એવું નથી હોતું હસ્તપ્રતની બાબતમાં તો ઘણીબધી પ્રક્રિયામાંથી અભિમન્યુનાં કોઠાની જેમ પસાર થવાનું હોય છે આ કાર્ય અત્યંત પરિશ્રમ, સ્થિરતા અને ધીરજથી સાધ્ય છે દરેક કૃતિઓ પ્રગટ છે કે અપ્રગટ તેનો નિર્ણય કરવાનો ત્યાર પછી તેનું લિપ્યંતર થાય એના પછી અન્ય સાથે/સામે રાખી પાઠ ભેદ નોંધવાનું કાર્ય થાય એ થઈ ગયા પછી એ કૃતિનો પરિચય લખવાનો વગેરે ઘણી બધી ક્રિયા પ્રક્રિયાનું આસેવન કરવું પડે છે ત્યારે એક પછી એક કૃતિ પ્રકાશનને યોગ્ય બને છે.

વર્તમાન સમયમાં આ વિષયને લગતું નિરંતર-સાતત્ય-શુદ્ધિ અને સચોટતા પૂર્વકનું આ ક્ષેત્રનું જો કોઈ સામયિક પ્રકાશિત થતુ હોય તો એ છે 'અનુસંધાન' હસ્તપ્રત સંશોધન-સંપાદનનાં ક્ષેત્રે એક શ્રેષ્ઠમાર્ગદર્શક બની શકે તેવું એકમાત્ર આ સામયિક છે જે ટૂંક સમયમાં શતકનાં અંક ને આંબવા જઈ રહ્યું છે અહિં એનો ઉલ્લેખ આદરપૂર્વક એટલા માટે કરવામાં આવ્યો છે કે પ્રસ્તુત કાર્ય કરવામાં આવા કાર્ય કરવાનો ઉત્સાહ જગાડવામાં, જ્યાં જ્યાં જ્યારે જ્યારે અવરોધ આવે ત્યારે મૂકભાવે આંગળી ચીંધણુ કરવામાં અને એકદમ સ્પષ્ટ કહી દઉં તો મારા જેવા અલ્પજ્ઞને અકલ્પ્ય સમજ આપવામાં આ સામયિક અને તેના સંપાદકશ્રીનો મહત્ત્વનો ફાળો છે.

આ પચાસ ગહુંલીઓ માટે પણ આ બધી પ્રક્રિયામાંથી પસાર થવાનું થયું છે. આ રીતે તેનું પ્રકાશન એ ચોક્કસ લાભદાયી નીવડે એવી આશા છે અહિંયા અપ્રકાશિત ગહુંલીઓની સાથે સાથે પ્રકાશિત હોવા છતાં પણ અજ્ઞાત કે અપ્રખ્યાત ગહુંલીઓને પણ સાધુમર્યાદા પટ્ટકની જેમ પ્રકાશિત કરવાનો છુટી છુટી વિખરાયેલી ગહુંલીઓને આ

રીતે એકત્રિત કરીને પ્રગટ કરવાનો પ્રયાસ થયો છે. સંવેગી પરંપરાનાં કુલ આઠ પૂજ્યપુરુષો દ્વારા રચિત ગહુંલીઓ અહીં પ્રકાશિત થઈ છે, આ કાર્ય પૂર્ણતાને આરે આવતાં આવતાં તો બીજી પણ ગહુંલીઓની હસ્તપ્રતો મળી છે જે આગળનાં ભાગોમાં પ્રકાશિત થશે.

આ ગહુંલીઓનાં કર્તાઓનો જીવન પરિચય અહિંયા આપવામાં આવ્યો નથી તે અન્યત્ર સહજતયા ઉપલબ્ધ છે માટે પુનરુક્તિ કરી નથી તેમ છતાંય ભવિષ્યમાં સંવેગીપરંપરાનાં આ બધા મહાપુરુષોનાં જીવનપરિચયની સંકલના ચોક્કસ પ્રકાશિત થશે એ નોંધપાત્ર છે. અહીં પ્રકાશિત ગહુંલીઓનો પરિચય તો તે તે ગહુંલીની પહેલાં જ યથામતિ રજુ કરવાનો પ્રયાસ થયો છે, અહીં તો માત્ર જે કર્તાઓની ગહુંલીઓ પ્રકાશિત થઈ છે તેમનું નામ સ્મરણ કરવાનો પ્રયાસ કરાયો છે. :

(૧) પંન્યાસ શ્રી જિનવિજયજી મહારાજ
(૨) પંન્યાસ શ્રી ઉત્તમવિજયજી મહારાજ
(૩) પંન્યાસ શ્રી પદ્મવિજયજી મહારાજ
(૪) પંન્યાસ શ્રી રૂપવિજયજી મહારાજ
(૫) પંન્યાસ શ્રી અમીવિજયજી મહારાજ
(૬) મુનિરાજ શ્રી કુંવરવિજયજી મહારાજ
(૭) પંન્યાસ શ્રી મોહનવિજયજી મહારાજ
(૮) મુનિરાજ શ્રી મોહનવિજયજી મહારાજ

ઉપરોક્ત દરેક પૂજ્યો મહાન ક્રિયોદ્ધારક શ્રીસત્યવિજયજી ગણિવરની પરંપરામાં થયેલા છે. એમાં પ્રથમનાં સાત પૂજ્યો એ પં. સત્ય-કર્પૂર-ક્ષમાવિજયજી મ.ની ગુરુ-શિષ્ય પરંપરામાં થયેલા છે. તથા આઠમાં ક્રમે રહેલા જે મુનિવર છે તે પં. સત્ય-વૃદ્ધિ-હંસવિજયજીનાં શિષ્ય છે. છઠ્ઠાક્રમે રહેલા મુનિવર પણ પં.શ્રી અમીવિજયજીનાં પટ્ટધર પં. સૌભાગ્યવિજયજી મ.નાં ગુરુભાઈ છે. અર્થાત્ પં. અમીવિજયજી મ.નાં બીજા શિષ્ય છે. આ બે પૂજ્યોની ગહુંલીઓ પ્રાપ્ત થતા તેનો પણ અહીં

સમાવેશ કર્યો છે. આ રીતે સંવેગીપરંપરાની જે જે અનંતર શાખાઓ છે તે પૂજ્યોની પ્રાપ્તકૃતિઓને પણ પ્રકાશિત કરવાનો પ્રયાસ છે. અહીંયા પ્રકાશિત ગહુંલીઓમાં તેની હસ્તપ્રતોમાં કૃતિનાં અતે કેટલીક જગ્યાએ તેનો ગહુંલી તરીકે ઉલ્લેખ થયો નથી બલ્કે 'ભાસ' આવું નામ આપ્યું છે. ગીતનાં જુદા જુદા અનેક પ્રકારો છે, તે પૈકીનાં જ આ ગહુંલી, ભાસ, હરિયાળી વગેરે ગીતો નાં પ્રકારો જોવા મળે છે. 'ભાસ' સંબંધી સ્પષ્ટતા માટે 'અનુસંધાન' માસિકનાં સંપાદક, સંશોધનકર્મમર્મજ્ઞ આત્મીય આ.ભ.શ્રી શીલચન્દ્રસૂરીશ્વરજી મ.ને પૃચ્છા કરતાં તેઓશ્રીએ જણાવ્યું કે-

"ભાસ-ભાષા. ભાષામાં એટલે કે ગુજરાતીમાં લખાતી કૃતિને પહેલાં ભાસ તરીકે ઓળખાવવાની પ્રથા હતી. ભાસ ગહુંલી પણ હોય, અન્ય નામની રચના પણ હોઇ શકે."

આ સમાધાનથી દરેક કૃતિને ગહુંલીમાં જ સ્થાન આપવામાં આવ્યું છે અને તજજ્ઞ વિદ્વાનો પણ આ ગીતોની રચનાશૈલી, વિષયગુંફન વગેરે જોતા સ્વયં સમજી શકે કે આને ગહુંલી તરીકે ગણવામાં કોઇ બાધ નથી.

વાચકોની અનુકૂળતા માટે ૧લા ભાગની જેમ આ ૨જા ભાગમાં પણ ભલેમીંડુ. 'ખ'નાં સ્થાને 'ષ'નો થતો પ્રયોગ વગેરે કાઢી નાંખવા જેવું કાંઢી નાંખ્યું છે. અને કેટલાક આવશ્યક પરિવર્તનો કરવા જેવું જે જે લાગ્યું તે પરિવર્તન કર્યું છે.

આ ૨જા ભાગને 'પૂર્વાર્દ્ધ' ગણવામાં આવ્યો છે એનું કારણ એ છે કે અહીંયા જે પણ ગહુંલીઓ પ્રકાશિત છે તે બધી સંવેગી પરંપરાનાં પૂજ્યો દ્વારા રચાયેલી - બનાવાયેલી છે તેનો અહીં સમાવેશ છે હવે પછી ૩જા ભાગમાં 'ઉત્તરાર્ધ' માં જે જે ગહુંલીઓ પ્રકાશિત થશે તે સંવેગીપરંપરાના પૂજ્યો ઉપર રચાયેલી હશે એમનાં જીવનની વિશેષ ઘટના-પ્રસંગો વગેરેને ધ્યાનમાં લઈને બનાવાઈ હશે તેવી પ્રાપ્ત ગહુંલીઓ એ હવે પછી ઉત્તરાર્દ્ધમાં પ્રકાશિત થશે એ રીતે બન્ને પ્રકારની ગહુંલીઓનાં વિષયનું વિભાજન કરવા માટે પૂર્વાર્દ્ધ અને ઉત્તરાર્દ્ધ એમ બે ભાગ પાડ્યા છે.

આ ગહુંલી સંગ્રહમાં અંતે પાંચ પરિશિષ્ટ પણ આપવામાં આવ્યા છે, જેમાંથી ગહુંલીઓની આદિ પંક્તિની સૂચિ, ગહુંલીઓમાં પ્રયુક્ત દેશીઓની સૂચિ, ગહુંલીઓમાં પ્રયોજાયેલ વિશેષ નામોની સૂચિ, કઠિનશબ્દકોશ તેમજ ગહુંલીઓનાં કર્તા વગેરેની સૂચિ સરળતાથી જોઈ શકાશે. જે સંશોધક, વિદ્વાનોને ઉપયોગી નીવડશે.

આ ૨જા ભાગમાં ૫૦ ગહુંલીઓ પરિપૂર્ણ થયા પછી ૧લા ભાગની જેમ અહીંયા પણ અજ્ઞાતોદ્ઘાટન અંતર્ગત એક સંવેગીસાધુમર્યાદા પટ્ટક પ્રકાશિત કરવામાં આવ્યો છે એના ઘણા નિયમો એ વર્તમાનકાળને આશ્રયીને એકદમ ઉપાદેય લાગે છે આવા મર્યાદાપટ્ટકો ઘણા બધા છે પૂર્વમાં પ્રકાશિત હોવા છતા'ય એ અજ્ઞાતપ્રાયઃ સ્થિતિમાં રહેલા છે.

અંતે - આ ભગીરથકાર્યનાં મુખ્ય પ્રેરણા સ્રોત જેમની અનરાધાર અમીદષ્ટિથી આ અને આવા અન્ય પણ કાર્યો સંપન્ન થઈ રહ્યા છે એવા પ.પૂ.તપાગચ્છાધિપતિ, ગીતાર્થગણનાયક, સંવિજ્ઞપરંપરાસંવાહક સુવિશુદ્ધસંયમસાધક દાદાગુરુદેવ શ્રી ભવોદધિતારક આ.ભ.શ્રી **વિજયરામસૂરીશ્વરજી** મહારાજા (ડહેલાવાળા)નાં ચરણકમળમાં અનંત વંદનાવલી.

✤ જેઓએ મહિનાઓ અને વર્ષોનો સમયગાળો માત્ર હસ્તપ્રતો- એનાં ફુટકર પાના આદિનાં સંરક્ષણ - સંમાર્જન - શુદ્ધિકરણ - સૂચિકરણ તેમજ લિપ્યંતરાદિ કાર્યોમાં ગાળ્યા છે અને સેવા - સમર્પણ એવં સ્વાધ્યાય દ્વારા દાદાગુરુદેવશ્રી નાં હૈયે સ્થાન સંપ્રાપ્ત કર્યુ છે, જેઓશ્રીનાં માર્ગદર્શન - પાવનપ્રેરણા - પરિપક્વપૃચ્છાથી સંવેગીપરંપરા કૃતિસંદોહનાં કાર્યને વેગ મળી રહ્યો છે, જેઓશ્રીનાં સૂરિપદરૌપ્યવર્ષ અંતર્ગત આવા ગ્રંથપ્રકાશનનાં મહામૂલા કાર્યો સંપન્ન થઈ રહ્યા છે તથા અંતર્મુખતા - અલ્પભાષિતા અને અનાગ્રહતા જેમનો સ્વસ્થ પરિચય છે એવા આશ્રિતગણનાયક, ગીતાર્થગુણનિધિ, સ્વાધ્યાયવ્યાસંગી પૂજ્યપાદ ગુરુદેવશ્રી આ.ભ.શ્રી વિજય **જગચ્ચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાનાં પાદપંકજે અગણિત વંદનાવલી.

✤ અને સંવેગીપરંપરાનાં - ડહેલાની પરંપરાનાં એ પ્રભાવક પુણ્ય પુરુષોનાં શાસનલક્ષી સર્વ કાર્યોને ઉજાગર કરવાની ઉત્કટ તમન્ના સાથે જે મારા આ વિરાટ કાર્યમાં સંલગ્ન છે એવા પ્રિય મુનિવરશ્રી **નિર્ગ્રંથચન્દ્રવિજયજી**નું સ્નેહસિક્ત સ્મરણ.

✤ તથા જેઓએ કેટલાક નહીં ઉકલાતા કઠિન શબ્દોનાં અર્થ તેમજ નહીં ખ્યાલ આવતી એવી દેશીઓનો ખ્યાલ આપીને તદ્દુપરાંત અપ્રત્યક્ષરીતે ઘણી સહાયતા કરવા દ્વારા આ કાર્યમાં નિમિત્ત બન્યા છે એવા શાસનસમ્રાટસમુદાયવર્તી આત્મીય આ.ભ.શ્રી **વિજયશીલચન્દ્રસૂરીશ્વરજી** મ.સા.ને સાદરવંદનાવલી.

✤ અને હા, એક ખાસ વ્યક્તિને યાદ કરુ છું એ પણ ખાસ એટલા માટે કે શ્રાવક હોવા છતાં જેને જ્ઞાનનાં ક્ષેત્રમાં-પ્રસ્તુત સંવેગી પરંપરાનાં પૂજ્યો સંબંધી સાહિત્યનાં પ્રકાશન આદિમાં ઉંડો રસ છે અને આ બીજા ભાગમાં ત્રણ ગહુંલીઓ એમણે આપેલ "જિનગુણસ્તવનાવલી તથા ગહુંલીસંગ્રહ" નામે પુસ્તકમાંથી લેવામાં આવી છે એવા શ્રમણોપાસક શ્રીમહેન્દ્રભાઈ જૈન (સૂરત - વેસુ)ને ધન્યવાદ સહ ધર્મલાભ.

✤ આ કાર્યમાં ભારતભરનાં જે જે જ્ઞાનભંડારો - તેના સંચાલકો વગેરે એ ઉદારતાપૂર્વક સહયોગ પ્રદાન કર્યો છે તે સર્વને અપાર અભિનંદન.

✤ આ સંવેગી પરંપરાકૃતિ સંદોહ-૨ (પૂર્વાર્દ્ધ)નું ટાઈપ સેટીંગથી લઈને પ્રકાશન સુધીનું સર્વકાર્ય જેમણે સ્વીકાર્યું છે તે કિરીટગ્રાફિક્સવાળા સુશ્રાવક શ્રી શ્રેણિકભાઈ તથા આગમને ધન્યવાદ.

પ્રાન્તે આ ગહુંલી સંગ્રહનાં ગાન દ્વારા શ્રવણ દ્વારા દેવ-ગુરુઆદિ પ્રત્યે ભક્તિ-બહુમાનભાવ પ્રગટાવી અર્વાચીન ગહુંલીઓની જેમ આ પ્રાચીન પૂજ્યપુરુષો દ્વારા વિરચિત પ્રભુવીર, ગૌતમસ્વામિ, સુધર્માસ્વામિ, કલ્પસૂત્ર, પર્વાધિરાજ શ્રી પર્યુષણ મહાપર્વ, મંગલ, ગુરુ માહાત્મ્ય, જિનવાણી વગેરે વિષયોને સમજાવતી ગહુંલીઓનાં સમૂહગાન માટે શ્રાવિકાસંઘને પ્રેરણા આપવી જોઈએ. જેનાથી અનાદિકાલીન મિથ્યાત્વ-મોહ-મમત્વ આદિ અદશ્યતાને પામે અને અંતરાત્મદશાથી પરમાત્મદશા સુધીની યાત્રા પરિપૂર્ણતાને પામે એ જ મંગલકામના સહ આ સંપાદનમાં

જ્યાં જ્યાં ત્રુટી-દોષ દેખાય તે તરફ સપ્રેમ ધ્યાન દોરવા તજ્જ્ઞવિદ્વાનોને નમ્રભરી પ્રાર્થના કરી વિરમું છું.

ભાદરવા - વદ-૯/૨૦૮૦ પૂજ્યપાદ આ. શ્રી જગચ્ચન્દ્રસૂરિશિષ્યાણુ
દેવચંદનગર, મલાડ (ઇ.) **શીલચન્દ્રવિજય**
મુંબઈ - ૯૭

## પ્રસ્તાવના અને પરિશિષ્ટ માટે ઉપયુક્ત સંદર્ભગ્રંથો :

* શ્રુતદીપ-૧ પ્રકા. શ્રુતભવન સંશોધન કેન્દ્ર - પૂણે
* ઉત્તરાધ્યયન સૂત્ર - અ ૩૫ ગા. ૧૮
* ગોધુલિકાર્થ - કર્તા-: આ. ભાવપ્રભસૂરિજી મ.
* મધ્યકાલીન ગુજરાતી શબ્દકોશ. સંપા. જયંત કોઠારી
* મોટો કોશ
* જૈન ગૂર્જર કવિઓ - ભા. ૬

### મુખપૃષ્ઠ પરિચય

કલકત્તા ૯૬ નંબર કેનીંગસ્ટ્રીટ જૈન સંઘ જ્ઞાનભંડાર સ્થિત (૪૦ ફૂટ લંબાઈ) વિજ્ઞપ્તિપત્રનાં ચિત્રો દર્શાવાયા છે.

મુખપૃષ્ઠ - ૧માં ગુરુભગવંતને હાથી-ઘોડા સમેત લેવા જતાં નગરજનો તથા માથા ઉપર સામૈયું (કલશ) લઈને ગહુંલી કરવા જતી સ્ત્રી દૃષ્ટિગોચર થાય છે.

•

મુખપૃષ્ઠ - ૪માં ગુરુભગવંત સભા સમક્ષ પ્રવચન ફરમાવી રહ્યાં છે.

# સાધુવાદ... સાદર ધન્યવાદ

- ✤ પં. શ્રીરૂપવિજયજી મહારાજ ડહેલાનો જૈન ઉપાશ્રય-
  જ્ઞાનભંડાર દોશીવાડાની પોળ - અમદાવાદ.
- ✤ આ.શ્રી સુરેન્દ્રસૂરીશ્વરજી જૈન તત્ત્વજ્ઞાનશાળા - અમદાવાદ.
- ✤ પં. શ્રી ધર્મવિજયજી જૈનજ્ઞાનભંડાર - ખેતરવસી ઉપાશ્રય - પાટણ (હાલ આ. સૂરેન્દ્રસૂરીશ્વરજી જૈન તત્ત્વજ્ઞાનશાળા અંતર્ગત - અમદાવાદ)
- ✤ શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર - કોબા
  આ.શ્રી કૈલાશસાગરસૂરીશ્વરજી જૈન જ્ઞાનમંદિર.
- ✤ L.D. ઇન્સ્ટીટ્યૂટ ઓફ અમદાવાદ.
- ✤ લવારની પોળ ઉપાશ્રય જ્ઞાનભંડાર - અમદાવાદ
- ✤ મુનિશ્રી લાવણ્યવિજયજી જૈન જ્ઞાનભંડાર
  અખીદોશીની પોળ, રાધનપુર.
- ✤ કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર - પાટણ
- ✤ રંજનવિજયજી જૈન જ્ઞાનભંડાર - માલવાડા.
- ✤ સુરેન્દ્રનગર શ્વે.મૂ.પૂ. જૈન સંઘ જ્ઞાનભંડાર - સુરેન્દ્રનગર.
- ✤ જિનશાસન આરાધના ટ્રસ્ટ - અમદાવાદ
- ✤ અધ્યાત્મ પરિવાર - સૂરત.
- ✤ કલકત્તા ૯૬ નં. કેનીંગસ્ટ્રીટ જૈન જ્ઞાનભંડાર - કલકત્તા

ઉપરોક્ત જ્ઞાનભંડારોમાંથી સંવેગીપરંપરાનાં પૂજ્યો સંબંધીની અઢળક હસ્તપ્રતો સંપ્રાપ્ત થઈ છે તે તે જ્ઞાનભંડારોનાં સંચાલકોએ ઉદારતા પૂર્ણ સહયોગ આપ્યો છે તે બદલ તે સહુને સાદર સાધુવાદ સહ ધર્મલાભ.

## અનુક્રમણિકા


**૧. પં. શ્રીજિનવિજયજી મ.કૃત ગહુંલીઓ** **૧-૧૦**

૧. શ્રીવીરજિનવર ગહુંલી ૬

૨. શ્રીસુધર્માસ્વામિ ગહુંલી ૭

૩. શ્રીસુધર્માસ્વામિ ગહુંલી ૮

૪. શ્રીસુધર્માસ્વામિ ગહુંલી ૯

૫. શ્રીગુરુવિહારસમય ગહુંલી ૧૦

**૨. પં. શ્રીઉત્તમવિજયજી મ. કૃત ગહુંલીઓ** **૧૧-૨૧**

૧. શાસનપતિ શ્રીવીરપ્રભુ ગહુંલી ૧૫

૨. શ્રીસોહમગણધર ગહુંલી ૧૬

૩. શ્રીગુરુગુણ ગહુંલી ૧૮

૪. શ્રીસોહમગણધર ગહુંલી ૧૯

૫. યુગપ્રધાન શ્રીજંબૂસ્વામિ ગહુંલી ૨૦

૬. શ્રીગીતાર્થગુરુ ગહુંલી ૨૧

**૩. પં. શ્રીપદ્મવિજયજી મ.કૃત ગહુંલીઓ** **૨૨-૩૮**

૧. શ્રીવીરપ્રભુ ગહુંલી ૨૮

૨. શ્રીનવપદમહિમા ગહુંલી ૨૯

૩. શ્રીગૌતમસ્વામિ ગહુંલી ૩૦

૪. શ્રીસોહમસ્વામિ ગહુંલી ૩૧

૫. શ્રીપંચમગણધર ગહુંલી ૩૨

૬. શ્રીજંબૂસ્વામિ ગહુંલી ૩૩

૭. શ્રીગણધરભગવંત ગહુંલી ૩૪

૮. શ્રીગુરુભગવંત ગહુંલી ૩૫

૯. શ્રીમંગલ ગહુંલી ૩૬

૧૦. સવારનું માંગલિક (ગહુંલી) ૩૮

| | |
|---|---|
| **૪. પં. શ્રી રુપવિજયજી મ.કૃત ગહુંલીઓ** | **૪૦-૬૧** |
| ૧. શ્રીવીરજિણંદ ગહુંલી | ૪૭ |
| ૨. શ્રીવીરજિણંદ ગહુંલી | ૪૯ |
| ૩. શ્રીવીરજિણંદ ગહુંલી | ૫૦ |
| ૪. શ્રીવીરજિણંદ ગહુંલી | ૫૧ |
| ૫. શ્રીવીરજિણંદ ગહુંલી | ૫૨ |
| ૬. શ્રીગોયમસ્વામિ ગહુંલી | ૫૪ |
| ૭. શ્રીગોયમસ્વામિ ગહુંલી | ૫૫ |
| ૮. શ્રીસોહમગણધર ગહુંલી | ૫૬ |
| ૯. શ્રીસોહમગણધર ગહુંલી | ૫૭ |
| ૧૦. શ્રીસોહમગણધર ગહુંલી | ૫૮ |
| ૧૧. શ્રીસોહમગણધર ગહુંલી | ૫૯ |
| ૧૨. શ્રીસોહમગણધર ગહુંલી | ૬૦ |
| ૧૩. શ્રીકલ્પસૂત્રપૂજા ગહુંલી | ૬૧ |
| **૫. પં. શ્રીઅમીવિજયજી મ. કૃત ગહુંલીઓ** | **૬૨-૬૪** |
| ૧. શ્રીપર્વપજુષણ ગહુંલી | ૬૩ |
| ૨. શ્રીસંવચ્છરી ગહુંલી | ૬૪ |
| **૬. મું. શ્રીકુંવરવિજયજી મ. કૃત ગહુંલીઓ** | **૬૫-૭૭** |
| ૧. શ્રીવીરજિણંદ ગહુંલી | ૭૦ |
| ૨. શ્રીવીરજિણંદ ગહુંલી | ૭૧ |
| ૩. શ્રીજિનવાણીવર્ણન ગહુંલી | ૭૨ |
| ૪. શ્રીજિનવાણીવર્ણન ગહુંલી | ૭૪ |
| ૫. શ્રીસદ્‌ગુરુદેવ ગહુંલી | ૭૫ |
| ૬. શ્રીજિનવાણીશ્રવણ વિનંતિરૂપ ગહુંલી | ૭૬ |
| ૭. શ્રીસદ્‌ગુરુ માહાત્મ્ય ગહુંલી | ૭૭ |

**૭. પં. શ્રીમોહનવિજયજી મ.કૃત ગહુંલીઓ** **૭૯-૮૬**

૧. શ્રીવીરજિણંદ ગહુંલી ૮૨

૨. શ્રી વીરજિણંદ ગહુંલી ૮૩

૩. શ્રીગૌતમગણધર ગહુંલી ૮૪

૪. શ્રીપર્વપર્યુષણ ગહુંલી ૮૫

૫. શ્રીપર્વપર્યુષણ ગહુંલી ૮૬

**૮. શ્રીમોહનવિજયજી મ. (બીજા)કૃત ગહુંલીઓ** **૮૮-૯૨**

૧. શ્રીસોહમ ગણધર ગહુંલી ૯૦

૨. શ્રીસોહમ ગણધર ગહુંલી ૯૧

૩. શ્રીસોહમ ગણધર ગહુંલી ૯૨

**અજ્ઞાતોદ્ઘાટન** **૯૩**

સંવેગી સાધુમર્યાદા પટ્ટક ૯૪

**પરિશિષ્ટ-૧** **૧૦૬**

ગહુંલીઓની આદિ પંકિતની અકારાદિ પ્રમાણે સૂચિ

**પરિશિષ્ટ-૨** **૧૦૮**

ગહુંલીઓમાં પ્રયુક્ત દેશીઓની સૂચિ

**પરિશિષ્ટ-૩** **૧૧૦**

ગહુંલીગત વિશેષ નામોની સૂચિ

**પરિશિષ્ટ-૪** **૧૧૧**

ગહુંલીગત કઠિન શબ્દ કોશ

**પરિશિષ્ટ-૫** **૧૧૪**


ગહુંલીઓનાં કર્તા વગેરેની સૂચિ


• • •

# સંવેગીપરંપરાકૃતિસંદોહ – ૨

तस्यांघ्रिसेवाकरणैकधीरः कर्पूरचन्द्रोज्ज्वलकीर्त्तिर्यस्य ।।
कर्पूरतो श्रीविजयान्तनाम्नः बभूव शिष्यागमपारदृश्वा ।।३।।

(પં.શ્રીરૂપવિજયજી મ. કૃત સુલસાચરિત્ર બાલાવબોધની પ્રશસ્તિ)



# ૧. પં. શ્રીજિનવિજયજી મ.કૃત ગહુંલીઓ

વીતરાગ પ્રભુ અને નિર્ગ્રંથ એવા ગુરુની ભક્તિ સ્વરુપે તથા પોતાના બહુમાન ભાવને પ્રગટ કરતી અનેક રચનાઓ મહાપુરુષોએ શ્રીજિનશાસનનાં ચરણે ભેટ ધરી છે. તેનાં અનેક પ્રકારો જોવા મળે છે. તે પૈકીનો એક પ્રકાર ગહુંલી છે. જે પૂર્વકાળમાં ગુહલી તરીકે પણ ઓળખાતો હતો.

ગુરુભગવંતનાં પ્રવેશ સમયે, વ્યાખ્યાનમાં, વિહાર કરતી વેળાએ, સામૈયા વગેરેમાં શ્રાવિકાઓ મુખ્યતયા આ ગહુંલીઓ ગાતી હોય છે. અહીં સહુપ્રથમ તે ગહુંલીઓનો પરિચય રજૂ કરાય છે.

### ૧. શ્રીવીરજિનવર ગહુંલી

પાંચ કડીની આ ગહુંલીમાં પ્રભુનો મહિમા વર્ણવાયો છે. અંબશાલ વનમાં પ્રભુવીર જિનેશ્વર પધાર્યા છે. ૧૧ ગણધરો, ૧૪૦૦૦ સાધુઓ અને ૩૬૦૦૦ સાધ્વીજીઓને લઈને.

ત્યારે ૬૪ ઈન્દ્રોથી પરિવરેલા પ્રભુને વંદન કરવા માટે પરિવાર સહિત કોણિકરાજા આવ્યા છે.

ભગવાનનાં દિવ્યપ્રભાવથી ક્ષણવારમાં છ મહિનાનાં રોગો પણ નાશ પામે છે. દેશના સમાપ્ત થયા પછી પ્રભુ દેવછંદામાં પધારે ત્યાર પછી પ્રભુની પાદપીઠ પર બેસીને ગણધર ભગવંત દેશના ફરમાવે છે.

દ્રવ્ય-ગુણ-પર્યાય-સપ્તભંગી-સાતનયો-નવતત્ત્વો-ચારસામાયિક-પાંચ મહાવ્રતો-બાર ભાવના આદિ વિષયોનું તે દ્વારા પ્રકાશન થાય છે. છેલ્લે ગહુંલીનું સમાપન ખૂબ સ-રસ રીતે રજું થયું છે. કર્તાની કલ્પના ચિત્તને ચમત્કૃત કરે એવી છે.

દર્શન-જ્ઞાન-ચારિત્ર અને તપરૂપી ચોકથી સ્વસ્તિક કરવાનો અને એમાં ચાર સમાધિ રૂપી ઉજ્વલ અક્ષતો પૂરવાના એ વિધિ રૂપ રચના દ્વારા અને એમાં અનુભવ રૂપ કુંકુમ ભેળવવાનુ છે તો જિનશાસનમાં કેવલજ્ઞાનરુપી શ્રીફળ એ સાથીયા પર શોભાને પામે છે.

આ રીતે ગહુંલી પૂરી થાય છે. ગહુંલીને અંતે "इति गुहली भास" એ પ્રમાણે લખ્યું છે.

આ ગહુંલીની હસ્તપ્રત શ્રીમહાવીર જૈન આરાધના કેન્દ્ર-કોબા તરફથી મળી છે. પ્રત નં. AKGM-: ૮૨૦૮૬ છે.

## ૨. શ્રીસુધર્માસ્વામિ ગહુંલી (૧)

હવે ક્રમસર ત્રણ ગહુંલી શ્રીસુધર્મા સ્વામિની છે. એમાં સર્વપ્રથમ ગહુંલી સાત કડીની છે. શ્રેણિક નૃપતિની ગૃહિણી પટ્ટરાણી ચેલ્લણા આ ગહુંલી લઈને આવે છે. ત્યાંથી મઝાની શરુઆત થાય છે.

કડી બેથી લઈને પાંચ સુધીમાં આચાર્યપદનાં ૩૬ ગુણો વિધ-વિધ રીતે સમજાવ્યા છે.

કડી ૬માં સ-રસ કલ્પના પ્રસ્તુત કરી છે કે આત્મા રૂપી બાજોઠ ઉપર સમ્યક્ત્વ રૂપી સાથીયો પૂર્યો છે. એમાં મૂલ-ઉત્તર ગુણોની ગહુંલી બનાવી છે. અને ઉપશમભાવ રૂપી ઘણા અક્ષતો ભર્યા છે.

અંતે કડી ૭માં સમાપન કરતાં કવિ જણાવે છે કે કોયલ જેવા મધુર સ્વરે આવા ઉત્તમગીતો દેવ-ગુરુની આગળ ગાવા જોઈએ આ પણ શ્રીજિનશાસનની એક રીત અર્થાત્ પદ્ધતિ છે. સાહેલડીયાની સરસ દેશીમાં આ ગહુંલી ગાઈ શકાય છે. આ દેશીમાં વર્તમાનમાં ત્રણ સ્તવન અતિખ્યાત છે.

૧. શ્રીઅનંતજિન શું કરો સાહેલડીયા......

૨. નિરખ્યો નેમિજિણંદ ને અરિહંતાજી.....

૩. નીલુડી રાયણ તરુ તળે સુણસુંદરી....

એની જેમ આ ગહુંલી પણ ગાઈ શકાય એવી છે.

આ ગહુંલીની હસ્તપ્રત L. D. ઈન્સ્ટીટયુટ ઑફ અમદાવાદ તરફથી મળેલ છે. પ્રત નં. L. D. ૧૩૮૦૭ છે.

### ૩. શ્રીસુધર્માસ્વામિ ગહુંલી (૨)

આ ગહુંલી પણ પંચમ ગણધર શ્રીસુધર્મા સ્વામિની જ છે. કુલ ૯ કડીઓ છે. **'આ છે લાલ'**ની દેશીમાં મસ્ત ગાઈ શકાય એવી છે.

૧ લી અને ૨ જી કડીમાં સુધર્મા સ્વામિ પ્રભુનો દ્રવ્ય-ભાવ પરિચય આપી કર્તા પછીની ત્રણ કડીમાં આચાર્યપદનાં ૩૬ ગુણો જુદી-જુદી રીતે વર્ણવવાનો પ્રયાસ કરે છે.

ત્યારપછીની શેષ ચાર કડીમાં ક્રમશઃ સર્વપ્રથમ ગહુંલી કેવી બનાવાય તે બતાવ્યું છે પછી અહિંયા કોણ લઈને આવે છે આ ગહુંલી તથા તે લઈને આવનાર - ગહુંલી ગાનાર ને ગુરુમુખનાં દર્શન થતાં શું થાય છે તે જણાવી અંતે શ્રીજિનશાસનનાં ધણીની સુરવધુઓ અને નરવધુઓની કરોડો જોડીઓ ગીતો ગાવા દ્વારા ભક્તિ કરે છે. આ રીતે ગહુંલી પૂર્ણ થાય છે.

આ ગહુંલીની હસ્તપ્રત પણ L. D. ઈન્સ્ટીટયુટ ઑફ અમદાવાદ તરફથી મળેલ છે. પ્રત નં. L. D. ૩૭૯૪૭ છે.

### ૪. શ્રીસુધર્માસ્વામિ ગહુંલી (૩)

આ ગહુંલી પણ શ્રી સુધર્મા સ્વામિની જ છે. કડીઓ કુલ સાત છે. આ પણ ભાવસભર રચના છે. અહીં એનો આસ્વાદ રજુ કરાય છે. કડી ૧માં રાજગૃહિનાં ઉદ્યાનમાં જાણે કલ્પવૃક્ષ મહોર્યુ હોય એમ શ્રીવીરપટ્ટધર ધીર એવા સુધર્મા સ્વામિજી પધારી રહ્યા છે.

કડી ૨માં જેમણે ક્રોધ અને માનને જીતી લીધા છે અને જેઓનાં માયા-લોભ બળી ચૂક્યા છે. તથા સંપૂર્ણ શ્રુતજ્ઞાનનાં ધારક હોવાથી જેઓ જિનવરનાં બિરુદથી શોભિત છે.

કડી ૩માં આશ્રવ-વિષય-પ્રમાદ અને નિદ્રા આ ચારનાં પંચકને તજનારા અને દશવિધ સામાચારી તથા ષટ્વિધ જયણાને જેઓ ભજનારા છે. અર્થાત્ તદ્રુપ ૩૬ ગુણથી જેઓ સંયુક્ત છે.

કડી ૪માં બીજી રીતે ૩૬ ગુણ પ્રગટ કર્યા છે. ૧૨ ભાવના, ૧૨ તપ અને ૧૨ ભિક્ષુપ્રતિમા કુલ ૩૬ ગુણોનાં ધારક, ઉપકારી, નિષ્કારણ જગબંધુ તથા ચન્દ્ર, સૂર્ય અને મેઘની સમાન છે.

કડી ૫માં સુવર્ણકમળની મધ્યમાં બિરાજી સુધર્મા સ્વામિ પ્રભુ ધર્મ કથન કરે છે. જેનાથી ભવ્યજીવોનો સમુદાય આત્મતત્ત્વ ને સંપ્રાપ્ત કરે છે.

કડી ૬માં કોણિક નરેશની નારી ઉલ્લસિત ભાવે ગહુંલી કરે છે. માણેક-મોતીથી વધાવી પુણ્યનાં ભંડાર ભરે છે.

કડી ૭માં સમાપન કરતાં કવિશ્રી જણાવે છે કે ગહુંલી ગીતોના ગાયન દ્વારા જિનશાસનની ભક્તિથી પાપોનો નાશ થાય છે.

ગહુંલીનાં અંતે 'ઇતિ શ્રી સૌધર્મગણધર ભાસ સંપૂર્ણમ્' એ પ્રમાણે લખ્યું છે. આ કૃતિની હસ્તપ્રત L. D. ઇન્સ્ટિટ્યુટથી પ્રાપ્ત થઈ છે. બે હસ્તપ્રતો દ્વારા સંપાદન થયું છે. ૧. L. ૧. N. ૩૭૯૪૭ અને ૨. L. ૨. N. ૧૩૮૦૭

### ૫. શ્રીગુરુવિહારસમય ગહુંલી

પં. શ્રીજિનવિજયજી મ. કૃત આ છેલ્લી ગહુંલી છે. કુલ ૯ કડીઓ છે. વિહાર કરતી વેળાએ શ્રીસંઘનાં ભાવો કેવા વહેતા હોય એનું રોચક વર્ણન અહીં જોવા મળે છે.

ગુરુભગવંતને રોકાઈ જવા માટે આગ્રહભરી વિનંતી તો રજુ થઈ જ છે. પણ સાથે સાથે મીઠો ઓલંભો પણ આપ્યો છે. કાકલુદી કરવામાં

પણ મણા રાખી નથી. અત્યંત આર્દ્ર ભાવે શબ્દો સંચર્યા છે. વાચક પણ ભાવભીનો બન્યા વગર ના રહે એવી શૈલી અપનાવી છે.

આગળ વધતાં હવે પછીનો વિહાર કઈ તરફનો છે. એ પણ કડી ૮માં જણાવી દીધું છે. સાધુજીવનની મર્યાદા પણ સરળતયા પેશ કરી છે એ મહત્ત્વની વાત છે. અંતમાં કર્તાએ પોતાની સંપૂર્ણ ગુરુપરંપરા ને સ્પષ્ટ કરી છે. એ એકદમ ધ્યાનપાત્ર ઘટના છે. એનાથી સ્પષ્ટ પણ થઈ શકે છે કે આ બધી રચનાઓ પં. શ્રીસત્યવિજય -> કર્પૂરવિજય -> ખિમાવિજય શિષ્ય પં. શ્રીજિનવિજયજી મ.ની જ છે. દરેક કૃતિઓમાં અંતે જિનશાસન શબ્દને અચૂક સ્થાન મળ્યું છે. એ પણ નોંધપાત્ર છે. આ કૃતિની હસ્તપ્રત શ્રીમહાવીર જૈન આરાધના કેન્દ્ર-કોબા જ્ઞાનભંડારમાંથી મળી છે. જેનો No. છે AKGM-૮૭૬૫૧

પં. શ્રી જિનવિજયજી મ.ની જેટલી અપ્રગટ ગહુંલીઓ અત્યાર સુધીમાં મળી તે બધી જ અહીં પ્રકાશિત કરી છે. આગળ બીજીપણ અપ્રગટ ગહુંલીઓ-કૃતિઓ મળે તો ચોક્કસ તે માટે પણ પ્રયાસ જારી રહેશે.

• • •

# ૧. શ્રીવીરજિનવર ગહુંલી

॥ ગરબાની દેશી ॥

સહિયર મ્હારી અરિહંત વંદન આવી રે,
પહિરણ જાદર સાડી । ॥સ૦॥
॥ સહિયર મારી ॥ અંબસાલિ ઉદ્યાન રે,
વરસી વીર જિનેશ્વર સુયકુસુમાવલિ ॥સ૦॥૧॥

॥ સહિયર મારી ॥ ગણધર વર અગીયાર રે,
ચૌદ સહસ મુનિ છત્રીસ સહસ મહાસતી ॥સ૦॥
॥ સહિયર મારી ॥ મિલીઆ ચોસઠ ઈંદ રે,
બહુ પરિવારે પ્રણમે કોણિક ભૂપતિ ॥સ૦॥૨॥

॥ સહિયર મારી ॥ અખય ફલવાને અઢો (?) સાલિ રે,
દિવ્ય સુગંધે વાસિત વીર વધાવતી ॥સ૦॥
॥ સહિયર મારી ॥ એક કિણ મહિષા ષટમાસીના રોગ રે,
નાસે કાંતિ વિકાસે જિન અતિશય થિતી ॥સ૦॥૩॥

॥ સહિયર મારી ॥ દેવછંદ પઉધારે શ્રીજગદીશ રે,
પાદપીઠ વિરાજે ગણધર દેશના ॥સ૦॥
॥ સહિયર મારી ॥ દ્રવ્ય ગુણ પજ્જવ ભંગી નય નવતત્ત રે,
ચઉ સામાયિક પંચ મહાવ્રત ભાવના ॥સ૦॥૪॥

॥ સહિયર મારી ॥ દંસણ નાણ ચરણ તપ સ્વસ્તિક ચોક રે,
પૂરો ચાર સમાધિ અક્ષત ઉજ્જવલે ॥સ૦॥
॥ સહિયર મારી ॥ વિધિ રચનાએ અનુભવ કુંકુમ રોલિ રે,
**જિન**શાસન સોહાવે કેવલ શ્રીફલે ॥સ૦॥૫॥

॥ ઇતિ ગહુંલી ભાસ ॥

## ૨. શ્રીસુધર્માસ્વામિ ગહુંલી

**।। સાહેલડીયા-એ દેશી ।।**

ચેલણા લાવે ગુંહલી ॥ ગુરુ એ રુડા ॥
શ્રેણિક નૃપ ઘરનાર ॥ સજની એ રુડા ॥
સોહમસ્વામી સમોસર્યા ॥ગુ૦॥
પ્રભુ પંચમ ગણધાર ॥સ૦॥૧॥

છત્રીસ છત્રીસે ગુણે ॥ગુ૦॥ શોભે પુણ્ય પવિત્ત ॥સ૦॥
આગમ વયણ સુધારસે ॥ગુ૦॥ વરસી ઠારે ચિત્ત ॥સ૦॥૨॥

પડિરુવાદિક ચૌદ છે ॥ગુ૦॥ ખાંત્યાદિક દશધર્મ ॥સ૦॥
બારહ ભાવના ભાવીયા ॥ગુ૦॥ એ છત્રીસે મર્મ ॥સ૦॥૩॥

દંસણ નાણ ચરણતણા ॥ગુ૦॥ તપ આચારે યુત્ત ॥સ૦॥
સત્ય સમાધિ અલંકરી ॥ગુ૦॥ સોલ કષાયે મુક્ત ॥સ૦॥૪॥

નવવિધ તત્ત્વની દેશના ॥ગુ૦॥ નવકલ્પ ઉગ્રવિહાર ॥સ૦॥
નવ નિયાણા પરિહરે ॥ગુ૦॥ નવ વાડેં વ્રત ધાર ॥સ૦॥૫॥

આતમ બાજોઠ ઉપરે ॥ગુ૦॥ સમકિત સાથીઓ પૂરી ॥સ૦॥
મૂલ ઉત્તર ગુણ ઘૌંહલી ॥ગુ૦॥ ઉપશમ અક્ષત ભૂરિ ॥સ૦॥૬॥

કોકિલ કંઠે કામિની ॥ગુ૦॥ એહવા ગાવે ગીત ॥સ૦॥
માણેક મોતિ લુંછણા ॥ગુ૦॥ શ્રી**જિન**શાસન રીત ॥સ૦॥૭॥

## 3. શ્રીસુધર્માસ્વામિ ગહુંલી

॥ આ છે લાલની દેશી ॥

જ્ઞાનાદિક ગુણખાણ, રાજગૃહી ઉદ્યાન ॥ ગણધાર લાલ ॥
સોહમસ્વામી સમોસર્યાજી ॥૧॥

કંચન ગૌર શરીર, વાણી ગંગા નીર ॥ગ૦॥
ત્રિહું પંથે પસરે સદાજી ॥૨॥

અંગ૧૧ ઉપાંગહ બાર૧૨, દસ૧૦વિધ રુચિનો આધાર ॥ગ૦॥
દુગ ૨ વિધ શિક્ષા ઉપદિસેજી ॥૩॥

તેરક્રિયા ૧૩ વ્રતબાર ૧૨, ગિહ પડિમા અગ્યાર ૧૧ ॥ગ૦॥
શ્રાવક ગુણ ભેદ ૨૧ સિદ્ધનાજી ॥૪॥

વિનય ૧૦ વેયાવચ્ચ ૧૦ કલ્પ ૧૦, ધરે દશવિધ ૧૦ છ ૬ અકલ્પ ॥ગ૦॥
વંદણદોષ ૩૨ વિકથા ૪ તજેજી ૩૬ ॥૫॥

કુંકુમરોલ કચોલ, ગહુંલી રંગમરોલ ॥ગ૦॥
અક્ષત શ્રીફલ ઉપરેજી ॥૬॥

મગધાધિપતિની નાર, સોલ સજી શણગાર ॥ગ૦॥
લળી લળી કરતી લુંછણાજી ॥૭॥

જોતી ગુરુમુખ ચંદ, પામતી પરમાનંદ ॥ગુ૦॥
ચતુર ચકોરી ગોરડીજી ॥૮॥

સુરવધુ નરવધુ કોડિ, મિલિ મિલિ સરખી જોડિ ॥ગુ૦॥
ગાવે **જિન**શાસનધણીજી ॥૯॥

# ૪. શ્રીસુધર્માસ્વામિ ગહુંલી

|| ગુણવંતાની દેશી ||[1]

ચંપાનયરી ઉદ્યાન રે ॥ ગુણ ગાજે છે ॥ સુરતરુ મોરી રહ્યોરી રે ॥ગુ૦॥
વીર પટોધર ધીર રે ॥ગુ૦॥ સોહમ આય રહ્યોરી રે ॥ગુ૦॥૧॥

જિયક્રોધ જિયમાન રે ॥ગુ૦॥ માયા લોભ દહિરી રે ॥ગુ૦॥
સંપૂરણ શ્રુતજ્ઞાન રે ॥ગુ૦॥ જિનવર બિરુદ વહેરી રે ॥ગુ૦॥૨॥

આશ્રવ ૫ વિષય ૫ પ્રમાદ ૫ રે ॥ગુ૦॥ નિદ્રા પંચ તજેરી રે ॥ગુ૦॥
દસવિધ સમાચાર રે ॥ગુ૦॥ ષટ્વિધ જયણા ભજેરી રે ॥ગુ૦॥૩॥

ઉપગારી ધરી બાર રે ॥ગુ૦॥ ભાવના તપ પડિમારી રે ॥ગુ૦॥
નિષ્કારણ જગબંધુ રે ॥ગુ૦॥ રવિ શશિ મેહ સમારી રે ॥ગુ૦॥૪॥

કાંચન કમલ વિચાલ રે ॥ગુ૦॥ બેસી ધર્મ કહેરી ॥ગુ૦॥
જિણથી ભવિયણ લોય રે ॥ગુ૦॥ આત્મતત્ત્વ લહિરી રે ॥ગુ૦॥૫॥

કોણિકભૂપતિ નારી રે ॥ગુ૦॥ ગહુંલી ગેલિ કરિરી રે ॥ગુ૦॥
માણિક મોતિ વધાય રે ॥ગુ૦॥ પુણ્યભંડાર ભરિરી રે ॥ગુ૦॥૬॥

**જિન**શાસનની ભક્તિ રે ॥ગુ૦॥ કરતા પાપ હણેરી રે ॥ગુ૦॥
સોહવ સરીખે સાદ રે ॥ગુ૦॥ ગહુંલી ગીત ભણેરી[2] રે ॥ગુ૦॥૭॥

॥ ઇતિ શ્રીસૌધર્મગણધર ભાસ સંપૂર્ણમ્ ॥

1 રામચંદ કે બાગ - એ દેશી-L-૨ ।
2 ગહુંલી ગેલી કરેરી-L-૨ ।

## ૫. શ્રીગુરુવિહારસમય ગહુંલી

**।। આજ રે કાનુડે વ્હાલે અમશું અંતર કીધો રે એ દેશી ।।**

આજ રે હો મનમોહન, તુમને કહું છું વારોવાર રે;
કઠિન રુદય તુમૌ કાં કરો, તુંમે જુઓને જગત આધાર રે. ॥આ૦॥૧॥

ચાલું ચલાયું હું કરો, તુહ્મ આગલ એહી જ કામ રે;
માનો માનો વિનતિ કરું, શ્રી{ય}સંઘની રાખો મામ રે ॥આ૦॥૨॥

આજ આવ્યા કાલ ચાલસ્યો, નીરાગી સાધુ જેહ રે;
હા હા હું ઈમ જાણતી, એહવા સાધુનો સ્યો સનેહ રે ॥આ૦॥૩॥

સુગુણ સનેહા સાધુજી, અમને તુમસ્યું ધર્મસનેહ રે;
રંગ પતંગની પરે, ઈમ છટકી ન દીજે છેહ રે. ॥આ૦॥૪॥

ઓછું અધિકું જે કહ્યું, તે ખમજો ઋષિરાય રે;
સત્તર દય હોય સાધુજી, હું લળિ લળિ લાગુ પાય રે ॥આ૦॥૫॥


ધર્મલાભ કરી પાંગર્યા, કોઈસ્યું ન આણી પ્રીત રે;
ફરી પાછું જુએ નહી, એહવી રુડી સાધુની રીત રે. ॥આ૦॥૬॥

દેસ દેસના દેહરા, જિહાં જુહારે દેવ રે;
તિહાં અમને સંભારજો, મત મુકજ્યો ધર્મસ્નેહ રે. ॥આ૦॥૭॥

ધન તે નગર પાટણપુરી, તિહાં શ્રીજી કરે વિહાર રે;
ભવિક જીવને બોધવા, એહવાની જાંઉ બલિહાર રે. ॥આ૦॥૮॥

**સત્યવિજય** ગુરુરાજીયા, **કપૂરવિજય** પંન્યાસ રે;
**ખિમાવિજય** ગુણે કરી, **જિન**શાસનમાં સોહાર રે. ॥આ૦॥૯॥

॥ ઇતિ શ્રી ભાસ સંપૂર્ણ ॥



## ૨. પં. શ્રીઉત્તમવિજયજી મ. કૃત ગહુંલીઓ

પં. શ્રીજિનવિજયજી મ.નાં પટ્ટધર શિષ્યરત્ન પં. શ્રી ઉત્તમવિજયજી મ.ની દેવ-ગુરુ પ્રત્યેનાં અનર્ગળ અહોભાવને ઉદ્દીપ્ત કરી આનંદિત કરતી ગહુંલીઓ હવે માણવાની છે. તેઓશ્રી પણ વિદ્વાન અને ભાવુક હૃદયનાં મુનિસત્તમ છે. તેઓશ્રી દ્વારા રચિત કુલ છ અપ્રગટ ગહુંલીઓ પ્રાપ્ત થઈ છે. જેનો ક્રમશઃ અહીં હવે પરિચય પ્રસ્તુત છે.

### ૧. શાસનપતિ શ્રીવીરપ્રભુ ગહુંલી

સાત કડીની આ ગહુંલીમાં મગધસમ્રાટ શ્રેણિકરાજાની પટ્ટરાણી શ્રીમતી ચેલ્લણા પ્રભુવીરને વંદન કરવા સપરિવાર સંચરી છે. એ સમયનાં રાણી ચેલ્લણાનાં ઉછળતા ભાવોલ્લાસને અહિં વાચા અપાઈ છે. પ્રભુદર્શન અને વંદનનું નિમિત્ત પણ સરસ દર્શાવ્યું છે. સરળ શબ્દોમાં સાહજિક રીતે અધ્યાત્મની આંશિક ઓળખ કરાવવા સહજ સ્વભાવ અને અનુભવ જ્ઞાન જેવા શબ્દો ને પણ વાપર્યા છે. જે વર્તમાનસ્થિતિને એકદમ ઉચિત છે. આવી ગહુંલીઓ જો પુનઃ પ્રચલનમાં આવે તો ઘણો લાભ થાય.

આ ગહુંલીની હસ્તપ્રત L. D. ઇન્સ્ટિટ્યુટ ઑફ અમદાવાદ તરફથી મળી છે. No. ૨૭૩૪૩ છે.

### ૨. શ્રીસોહમગણધર ગહુંલી (૧)

૧૫ કડીઓમાં ફેલાયેલી અને **'આ છે લાલ'**ની દેશીમાં માધુર્યભરી

રીતિથી ગાઈ શકાય એવી આ મસ્ત ગહુંલી છે. પ્રભુવીર પટ્ટધર શ્રીસુધર્મા સ્વામિનો મહિમા, જિનવાણીનો વિસ્તાર અને શ્રદ્ધાવંત શ્રાવિકાનો ભાવ શ્રૃંગાર સહ કરાયેલો આંતરગહુંલી વિસ્તાર એ સાચ્ચે અદ્ભુત ઉપમાઓ ભર્યો હોવાથી અવશ્ય ચિત્તાકર્ષક છે. કડી ૨ થી ૧૦ સુધીની સંખ્યાનાં ક્રમમાં પદાર્થ સરસ રજુ થયો છે. ગહુંલીનું નામ શ્રીસોહમગણધરની ગહુંલી એમ રાખ્યુ છે વાંચતાં એકવાર પ્રશ્ન ચોક્કસ થાય કે આ સોહમગણધર કયા ? એના સમાધાન માટે આ ગહુંલીનાં શબ્દો જ સહાયભૂત થાય એવા છે અહિં ગહુંલીમાં સુધર્મા સ્વામિજીને જ સોહમગણધર તરીકે પ્રયોજવામાં આવ્યા છે માટે અવશ્ય પઠનીય છે. L. D. ઇન્સ્ટિટ્યુટ ઑફ અમદાવાદથી આ ગહુંલીની ત્રણ જુદી જુદી હસ્તપ્રતો મળી છે. તેનાં આધારે સંપાદન થયું છે. પાઠભેદ ટીપ્પણમાં નોંધ્યા છે. L.૧.N. ૩૮૫૭૮, L.૨.N. ૪૨૮૨૧ અને L.૩.N. ૧૧૦૯૯

### ૩. શ્રીગુરુગુણ ગહુંલી

સાત કડીની આ ગહુંલીમાં ગુરુ ભ. નો મહિમા, પ્રભાવ અને આગમનનો વિધિ વર્ણિત છે.

ગહુંલીમાં ગુરુતત્ત્વનું સ્પષ્ટીકરણ, ગહુંલી કરનારનો ઉલ્લાસ વગેરે ભાવો સરસ રીતે સમજવા મળે છે.

કડી ૩માં ૨જી લાઈન કોઈક હસ્તપ્રતમાં લખી નથી તો કોઈક પ્રતમાં લખીને છેકી નાંખવામાં આવી છે તો ક્યાંક કડી ૪ ની બીજી લાઈન કડી ૩માં બીજી લાઈન તરીકે લખાઈ છે. આવું કેમ થયું હશે તે વિચારણીય છે.

કુલ બે ભંડારની થઈને છ હસ્તપ્રતો મળી છે. એક :- પં. શ્રીરુપવિજયજી મહારાજ ડહેલાનો જૈન ઉપાશ્રય - જ્ઞાનભંડાર દોશીવાડાની પોળ, અમદાવાદ D-૧. ડા. નં. ૧૬૬ પ્રત નં. ૮૪૪૫, D-૨. ડા. નં. ૧૬૬ પ્રત નં. ૮૪૪૩ અને બે :- મહાવીર જૈન આરાધના

કેન્દ્ર - કોબા તરફથી ચાર હસ્તપ્રતો મળી છે. K-૧-૯૭૩૮૬, K-૨-૫૧૫૮૧, K-૩ ૩૫૮૮૬ અને K-૪-૧૪૪૧૭૨.

### ૪. શ્રીસોહમગણધર ગહુંલી (૨)

માત્ર પાંચ કડીની આ ગહુંલીમાં પ્રથમની ત્રણ કડીઓમાં સંયમવંત સાધુ કેવા હોય એની રસભરી રજૂઆત કરી છે. મનને માંજવા અને આતમને આંજવા આવો સ્વાધ્યાય થવો જરુરી છે. સંવેગીપરંપરાનાં પૂજ્યોનાં મનમાં સંતત્વ પ્રત્યેનો સ્નેહભાવ કેવો વિશુદ્ધ હશે. એ આવી રચનાઓનાં સંપર્કથી સ્પષ્ટ સમજાય છે.

ચારજ્ઞાનનાં ધણી શ્રીપંચમગણધરની આ ગહુંલી પણ મગધસમ્રાટ શ્રેણિકની પટ્ટરાણી ચેલ્લણા બનાવી રહી છે. એ રીતે કડીમાં ગૂંથણ થયું છે. કર્તાએ ચેલ્લણાનાં સતીત્વને પણ 'સતી શિરોમણિ' કહીને બિરદાવ્યું છે. જે અનુમોદનાર્હ છે.

ચાર હસ્તોપ્રતો દ્વારા આ ગહુંલીનું સંપાદન સંપન્ન થયું છે. બે હસ્તપ્રતો L. D. ઇન્સ્ટિટ્યુટ ઑફ અમદાવાદ તરફથી મળી છે. N.L.૧ ૩૭૯૪૭, L-૨ ૩૯૯૭૪ તથા AKGM-૧૧૦૯૯ આ પ્રત મહાવીર જૈન આરાધના કેન્દ્ર-કોબા તરફથી મળી છે. અને અન્ય એક પ્રત N-P.૧-૧૫૫૩૧ આ પ્રત શ્રી હેમચન્દ્રાચાર્ય જ્ઞા.મં. પાટણથી મળી છે.

### ૫. યુગપ્રધાન શ્રીજંબૂસ્વામિ ગહુંલી

નવ કડીઓથી સભર આ ગહુંલી શ્રીસુધર્મા સ્વામિનાં અંતેવાસી શ્રીજંબૂસ્વામિની ગુણગરિમાને સાત્વિક શૈલીમાં ઉજાગર કરે છે, તો સાથે સાથે મુનિ જીવનના નિયમો કેવા સાત્ત્વિક હોય એ પણ સંક્ષેપમાં સમજાવી દે છે. અંતમાં જિનવાણી કેવી હોય? એનું મહિમાગાન કરીને કર્તા સમાપન કરે છે.

આ કૃતિની ત્રણ હસ્તપ્રતો L. D. ઇન્સ્ટિટયુટ ઑફ અમદાવાદ તરફથી મળી છે. N.L.૧. ૩૭૯૪૭ L.૨. ૩૯૯૭૪ L.૩. ૩૯૯૭૪ તથા એક હસ્તપ્રત શ્રીહેમચન્દ્રાચાર્ય જ્ઞા.મં. પાટણ થી મળી છે. જેનો N.P.૧- ૧૫૫૩૧ છે.

## ૬. શ્રી ગીતાર્થગુરુ ગહુંલી

સાત કડીમાં વિસ્તરેલી આ ગહુંલી ગુરુનાં ગુરુત્વને ઉદ્ઘાટિત કરે છે. દરેક કડીઓમાં પ્રયોજાયેલા કેટલાક વિશેષ શબ્દો નોંધપાત્ર છે એનું મનન-ચિંતન વર્તમાનકાળે અનિવાર્યપણે આવશ્યક છે. જેનાથી ભાવોલ્લાસમાં વૃદ્ધિ અને આત્મજાગૃતિમાં ઘણો વેગ આવી શકે છે.

ગીતાર્થગુરુનું આલંબન એ અનુભવ જ્ઞાનમાં સહાયક છે. એ ભાવ આ ગહુંલી સારી રીતે રજૂ કરે છે.

આ કૃતિની ત્રણ હસ્તપ્રતો મળી છે. એમાંથી બે L. D. ઇન્સ્ટિટ્યુટ ઑફ અમદાવાદ N.L.૧-૩૭૯૪૭ અને L.૨.-૩૯૯૭૪ તથા એક શ્રીહેમચન્દ્રાચાર્ય જ્ઞા.મં. પાટણથી મળી છે. N.P.૧.-૧૫૫૩૧ આમ ત્રણ હસ્તપ્રતો દ્વારા સંપાદન થયેલ છે. આ રીતે અહીં પં. શ્રીસત્યવિજય -> પં. કર્પૂરવિજય -> પં. શ્રીક્ષમાવિજય -> પં. શ્રીજિનવિજય મ.નાં શિષ્ય પં. શ્રીઉત્તમવિજયજી મ. રચિત ગહુંલીઓ પૂર્ણ થાય છે.

• • •

# ૧. શાસનપતિ શ્રીવીરપ્રભુ ગહુંલી

**।। ચઢો વરઘોડેને વાંકે અંબાડે, મીઠકરુ તાહરી ચમકતી ચાલે**
**કેસરીયા ચઢો વરઘોડે - એ દેશી ।।**

રાજગૃહી નયરી મનોહાર, શ્રાવક શ્રદ્ધાવંત અપાર,
જિન આગમ સુણી સુખકાર તો ॥૧॥
શાસનપતિ વાંદવાને વંદના કરીએને ભવજલ તરીએ તો
॥આંકણી॥

રત્નત્રયી નિજ નિર્મલ કરવા, કેવલજ્ઞાનીનું મુખડું જોવા,
પૂરવ સંચિત કર્મને ધોવા તો ॥શા૦॥૨॥

સહજ સ્વભાવ પ્રકાશ ગમાવ્યો, મોહરાય બહુ નાટક રાચ્યો,
વારવા વનખંડ વીરજી આવ્યો તો ॥શા૦॥૩॥

ચેલણા શ્રેણિક નારી સુહાલી, ટોલી સહિત વીર વંદન ચાલી,
હરખી જિનમુખ નિરખે ભાલી તો ॥શા૦॥૪॥

ચિહુંગતિ વારક સાથિઓ પૂરે, દેશના સુણી નિજકર્મને ચૂરે,
મોહ મહિપતિ મનમા ઝુરે તો ॥શા૦॥૫॥

અનુભવજ્ઞાનમાં રાતી-માતી, ઉન્નતિ તે શાસનની કરતી,
ભમરી લીએ જિનગુણ ગાતી તો ॥શા૦॥૬॥

સમવસરણ સુર વાજા વાજે, **જિન** કીરતિ સુણી કુમતિ લાજે,
**ઉત્તમ** પદથી તિહાં બહું છાજે તો ॥શા૦॥૭॥

## ૨. શ્રીસોહમગણધર ગહુંલી

॥ આ છે લાલની દેશી ॥

મુનિવરમાં પરધાન, દ્વાદશ અંગનો જાણ ॥ ગણધર લાલ ॥
સોહમ સુખકર જગજયોજી ॥૧॥

ચંપાનયરી ઉદ્યાન, સમોસર્યા ગુણખાણ ॥ગ૦॥
ઉપગારી સિર સેહરોજી ॥૨॥

દેશના અમૃતસાર, વરસે જિમ જલધાર ॥ગ૦॥
તૃષ્ણા તાપ સમાવતોજી ॥૩॥

જીવાજીવ પ્રકાશ, મિથ્યાતિમિર વિનાશ ॥ગ૦॥
કરતા ભવિજન લોકમાંજી[1] ॥૪॥

દુવિધ ધર્મ સુખકાર, દંડત્રિક પરિહાર ॥ગ૦॥
ચઉસુખ શય્યા સેવતાજી ॥૫॥

પંચપ્રકાર સજ્ઝાય, કરતા ચિત્ત લગાય ॥ગ૦॥
ષટ્વ્રત તપગુણ ધારતાજી ॥૬॥

પાન-પિંડૈષણ સાત, આઠે પ્રવચન માત ॥ગ૦॥
પાલે ટાલે કરમનેજી ॥૭॥

પરિહરી નવય નિયાણ, બ્રહ્મચર્ય દશ ઠાણં ॥ગ૦॥
ધારે વારે વિષયનેજી ॥૮॥

શ્રાવિકા શ્રદ્ધાવંત, એહવા ગુરુ ગુણવંત ॥ગ૦॥
પ્રણમતી હિયડે હરખતીજી ॥૯॥

નેઉર નિર્મલ જ્ઞાન, પેહેરી ઘાટ સુજાન[2] ॥ગ૦॥
આણા તિલક શિરે ધર્યોજી ॥૧૦॥

---

1. લોકનેજી-L-૩ ।
2. સુધ્યાન-L-૧, L-૨ ।

કંકણ જિનગુણ રાગ, હાર રિદયે વૈરાગ્ય ॥ગ૦॥
ભાવના લંગર રણઝણેજી ॥૧૧॥

કુંકુમ ગુરુગુણગ્રામ, ગહુંલી વ્રત પરિણામ ॥ગ૦॥
અનુભવ અક્ષત[3] પૂરતીજી ॥૧૨॥

શ્રીફલ શીલ સુહાય, ઉપશમ ફૂલ વધાય ॥ગ૦॥
અવિધિ નિવારણ લુંછણાજી ॥૧૩॥

ગુરુ સન્મુખ સુવિનીત, સૂત્ર સુણે એકચિત્ત ॥ગ૦॥
નય-નિક્ષેપે સમજતાજી ॥૧૪॥

હિયડે હરખ ન માય, **જિન** ગુણ મંગલ ગાય ॥ગ૦॥
અનુક્રમે **ઉત્તમ** પદ વરેજી ॥૧૫॥

**॥ ઇતિ ગહુંલી સંપૂર્ણમ્ ॥**

**॥ લિખિતં પં. જિનચંદમુનિ, પાલીમધ્યે ગુરુપ્રસાદાત્ ॥**[4]

3. અક્ષત અનુભવ - L-૨ ।
4. સંવત્ ૧૮૮૨ના આષાઢ વદ-૧ દીને શુક્રે શ્રીઅમીઝરા પ્રસાદાત, શ્રીસાણંદનગરે, લિખિતં પં. હેમવિજયગણી, બાઈ રત્નપઠનાર્થં, કલ્યાણમસ્તુ શ્રી L-૩ ।

## 3. શ્રીગુરુગુણ ગહુંલી

આતમ ધરમ સુણન ભણી, આવે ગુરુને પાસ । શ્રદ્ધાલુ શ્રાવિકા ॥
ભાવનિર્ગ્રંથ નિહાલતાં, પામે અતિ ઉલ્હાસ ॥શ્ર૦॥૧॥

ગીતારથ જયણામઈ, ભવભીરુ ગુણ રાસિ ॥શ્ર૦॥
મોહ મા(મ)હા મલ્લ જીતવા, કરતા ગુણ અભ્યાસ ॥શ્ર૦॥૨॥

ગુરુસન્મુખ રહી સાથીઓ, પ્રવચનભક્તિ ધરંત ॥શ્ર૦॥
........................................................................ ॥શ્ર૦॥૩॥

સ્યાદ્વાદની પદ્ધતેં, બોધ તે અક્ષત ભૂર ॥શ્ર૦॥
શ્રીફલ ચારિત્ર ભાવના, ઠવતાં દુખડા દૂર ॥શ્ર૦॥૪॥

અવિધિ આસાતન વારણા, લુંછણા કરે મન ભાય ॥શ્ર૦॥
વ્રતનિયમાદિક મોતીએ, વધાવેં મુનિરાય ॥શ્ર૦॥૫॥

બેસી યથોચિત સ્થાનકેં, સુણતા શુદ્ધ સિદ્ધાંત ॥શ્ર૦॥
વસ્તુસ્વભાવ તે જાણવેં, અનુભવ સ્વાદ લહંત ॥શ્ર૦॥૬॥

શાસનની પરભાવના કરતા ઉન્નત થાય ॥શ્ર૦॥
શ્રી **જિનવિજય** ગુરુ મિલેં, **ઉત્તમ** પદવી થાય ॥શ્ર૦॥૭॥

**॥ ઇતિશ્રી ગુહલી ભાસ ॥**

# ૪. શ્રીસોહમગણધર ગહુંલી

**।। સૂરતિ માસની-દેશી ।।**

જ્ઞાન દરિસન ગુણ ધરતા આતમકામ,
ચારિત્ર રમતા રામ સદા વરતે નિષ્કામ ।
પંચ ઇંદ્રીય દમે વિષયથી મમતા નહીય લગાર,
સમતા સિંધુ જગબંધુ મુનિજન આધાર ।।૧।।

પંચમહાવ્રત ધોરી તોરી સ્નેહની દામ,
પંચાચાર પાલે પલાવે[5] મન અભિરામ ।
સમિતિ ગુપ્તિ ધરે નિરમલ ન કરે નારીસંગ,
સોનાતણી પેરે દીસે દિન દિન ચઢતે રંગ ।।૨।।

જિનશાસન અજૂઆલે કરતા ઉગ્રવિહાર,
વરસે દેશના અમૃત જિમ પુષ્કલ જલધાર ।
પગ પગ વ્રતદૂષણ પરિહરતા ગુણના પાત્ર,
ભાવે ભાવના બાર દીપાવે સંયમ ગાત્ર ।।૩।।

ચઉનાણી ગુણખાણી શ્રીસોહમગણધાર,
રાજગૃહી ઉદ્યાન પધાર્યા બહુ પરિવાર ।
શ્રેણિકનૃપ ઘર ચેલણા સતીઅ શિરોમણિ ચંગ,
પૂરે સ્વસ્તિક શ્રદ્ધા અક્ષત જ્ઞાન તરંગ ।।૪।।

પંચાચારસુ ફૂલડે વધાવે મુનિરાય[6],
વાણી ગુરુની સાંભલે બેસી યથોચિત ઠાય ।
પરખે પ્રવચન પામે અનુભવ સ્વાદ અતીવ,
**જિન** શાસન પરભાવે એહવા **ઉત્તમ** જીવ ।।૫।।

**।। ઇતિ ગહુંલી સંપૂર્ણમ્ ।।**

5. પલાવે પાલે -L-૨, P-૧, K-૧ ।
6. મુનિ વધાવે રાય -L-૧, P-૧ ।

## ૫. યુગપ્રધાન શ્રીજંબૂસ્વામિ ગહુંલી

**॥ પીતલ લોટા જલભર્યા-એ દેશી ॥**

ષટવ્રત શુદ્ધા પાલતા મુનિવર સોભાગી ।
ષટ્કાય રક્ષણસાર રે ગુણવંતા ને ગુણનારાગી ॥
પાંચ ઇંદ્રીય દમે વિષયથી મુનિવર સોભાગી ।
લોભના જિતણહાર રે ગુણવંતા ને ગુણનારાગી ॥૧॥

ક્રોધ તજી સમતા ભજે[7] ॥મુ૦॥ નિર્મલ ચિત્ત સદાય રે ॥ગુ૦॥
વિધિપૂર્વક પ્રતિલેખના ॥મુ૦॥ કરતા મુનિ સુખદાય રે ॥ગુ૦॥૨॥

સંયમયોગે રતિ સદા ॥મુ૦॥ નહિ મનમાં કુધ્યાન રે ॥ગુ૦॥
નિરવદ્ય વચન વદે સદા ॥મુ૦॥ તનુ જતનાએ જાણ રે ॥ગુ૦॥૩॥

શીતાદિક પરિષહ સહે ॥મુ૦॥ અંશ નવિ કરમાત રે ॥ગુ૦॥
મરણ કષ્ટ આવી પડે ॥મુ૦॥ બીક નહિ તિલમાત રે ॥ગુ૦॥૪॥

વીરવિભુનો પાટવી ॥મુ૦॥ સુધર્મા શ્રુતભાણ રે ॥ગુ૦॥
તસ અંતેવાસી ભલો ॥મુ૦॥ જંબૂ જુગપરધાન રે ॥ગુ૦॥૫॥

શીલસુગંધી ચુનડી ॥મુ૦॥ ઉઠી અધિકે રંગ રે ॥ગુ૦॥
રત્નત્રયી રુચી દીપતો ॥મુ૦॥ પેહરી ઘાટ સુચંગ રે ॥ગુ૦॥૬॥

[8]ધરમે વાસિત શ્રાવિકા ॥મુ૦॥ ગહુંલી ગણિ બહુમાન રે ॥ગુ૦॥
અનુભવ ઉજ્જ્વલ ફૂલડે ॥મુ૦॥ વધાવે ગુણવાન રે ॥ગુ૦॥૭॥

નય-નિક્ષેપે અતિભલી ॥મુ૦॥ સપ્તભંગી વિખ્યાત રે ॥ગુ૦॥
અનંતગુણ[9] પર્યાયથી ॥મુ૦॥ પદ અક્ષર સંખ્યાત રે ॥ગુ૦॥૮॥

વાણી જિનની સાંભળી ॥મુ૦॥ અતિભગતે એકચિત્ત રે ॥ગુ૦॥
**જિન**શાસન ઉન્નતિ કરે ॥મુ૦॥ **ઉત્તમ** લહીય નિમિત્ત રે ॥ગુ૦॥૯॥

**॥ ઇતિ ગહુંલી ॥**

7. ધરે L-૨.
8. ગુરુ સન્મુખ રહી L-૨.
9. ગમ-L-૨, અનંતાગમ-L-૩.

## ૬. શ્રીગીતાર્થગુરુ ગહુંલી

॥ સંભવ જિનવર વિનતિની દેશી ॥

તુમ્હે શુભ પરિણામે શ્રાવિકા, મુખ નયણ કમલ વિકસંતી રે ।
શ્રીફલ અક્ષત કરમાં ગ્રહી, જઈ જિનઘર જિન પ્રણમંતી રે ॥૧॥
ગીતારથ ગુરુજીને વાંદીએ

જિનવાંદીને ગુરુસન્મુખી થઈ, મારગમાંહે જાતી રે ।
આગમરુચિ જલ બહુ ઉચ્છલે, ગુણકુસુમરાશિ હુઈ માતી રે ॥ગી૦॥૨॥

પંચસંવરમયી સંવરકથી, સ્યાદ્વાદી સુગુરુ નિરખે રે ।
જિન પ્રવચન ભક્તિ હૃદયધરી, ગહુલી કરવા મન હરખે રે ॥ગી૦॥૩॥

જે મારગ અનુયાયી ક્રિયા, રુચિ આત્મપીઠ ઉદારો રે ।
તે ઉપર શ્રદ્ધા સાથીઓ, શુદ્ધ બોધ અક્ષત શ્રીકારો રે ॥ગી૦॥૪॥

ભલી ભાવચરણની વાલ્હતા, તે ફલ ઠવતી ગુણરંગી રે ।
પંચાચાર સોવન ફૂલડે, વધાવે મુનિ નિઃસંગી રે ॥ગી૦॥૫॥

મહામિથ્યામોહ નિવારણા, કરે લુંછનડા મનગમતે રે ।
ગુરુવરસેં પ્રવચન વયણડા, સુણે અતિઆદર હરખંતે રે ॥ગી૦॥૬॥

નિજ અપર સ્વભાવના જ્ઞાનથી, લહે અનુભવસ્વાદ રસાલો રે ।
શ્રી **જિન**વરભક્તિ કર્યા થકી, **ઉત્તમ** ને મંગલમાલો રે ॥ગી૦॥૭॥

॥ ઇતિ ગહુંલી સંપૂર્ણમ્ ॥



# 3. પં. શ્રીપદ્મવિજયજી મ.કૃત ગહુંલીઓ

પં. શ્રીસત્યવિજયજી મ.ની પરંપરામાં કર્પૂરવિ. -> ક્ષમાવિ. -> જિનવિ. -> પં. શ્રીઉત્તમવિ.મ.નાં પટ્ટશિષ્ય પંન્યાસ પ્રવર શ્રીપદ્મવિજયજી મ.ની ગહુંલીઓ હવે પ્રસ્તુત છે. ૫૫,૦૦૦ થી પણ વધારે શ્લોક પ્રમાણ ગુર્જર સાહિત્યની રચના આ મહાપુરુષે કરી છે. સકળ સંઘમાં ચારેબાજુ આજે પણ આ જ મહાપુરુષે રચેલ શ્રીચૌમાસી દેવવંદનની આરાધના થાય છે. ચોવીશી, રાસ, સજ્ઝાયો આદિ અનેકાનેક રચનાઓ આ કવિસમ્રાટે સંઘનાં શ્રીચરણે સમર્પિત કરી છે.

અહીં તેઓશ્રી દ્વારા રચિત ગહુંલીઓ પ્રકાશિત કરવામાં આવી રહી છે. તેમાં બે પ્રભુવીરની એક ગૌતમસ્વામિની બે સુધર્માસ્વામિની એક જંબૂસ્વામિની બે ગુરુની અને છેલ્લી બે મંગલની ગહુંલીઓ છે.

## ૧. શ્રીવીરપ્રભુ ગહુંલી

વીતભય પત્તનનાં મૃગવન ચૈત્યમાં મુનિવૃંદ સમેત પ્રભુવીર પધાર્યા છે. આ ભાવની પ્રસ્તુતિ સાથે મઝાની શરૂઆત થઈ છે. ધ્રુવપંક્તિ એકદમ ધ્યાન ખેંચે એવી છે.-

"હો મારી ચતુર ચેતના ચાલોને ચિહુંગતિ ચૂરક ચરણ લે"

કુલ ૬ કડીની આ ગહુંલીમાં ૨જી ૩જી કડીમાં પ્રભુનો મહિમા ગવાયો છે. ૪થી કડીમાં રાજાઉદાયી પોતાની પટ્ટરાણી પ્રભાવતી સાથે પ્રભુવીરનું ભક્તિભાવ સહ સામૈયું કરે છે. તો કડી ૫માં કુંકુમ, મુક્તાફળ

અને શ્રીફળ વગેરે દ્રવ્યોથી દ્રવ્યપૂજા રુપ સ્વસ્તિક કરી ભાવભક્તિ સ્વરૂપે સંસાર સાગરથી પાર પામવા જ્ઞાન અને શ્રદ્ધાશીલતાની ભાવના વ્યક્ત કરાઈ છે. અને અંતિમ કડીમાં સમાપન કરતાં કવિરાજ લખે છે કે જિનેશ્વર પ્રભુની ઉત્તમ દેશનાનું શ્રવણ કરી ચોક્ખુ ચારિત્ર ચિત્તમાં ધરી રાજા ઉદાયી મુક્તિ સુખને પામ્યા તેઓનાં ચરણ કમળને નિત્ય નમો આમ કહીને ગર્ભિત રીતે પોતાની ગુરુ પરંપરા અને પોતાનું નામ બન્ને બતાવી દીધા છે. આ કૃતિની કુલ ચાર હસ્તપ્રતો મળી છે. L. D. ઇન્ડોલોજી ઑફ અમદાવાદ તરફથી બે હસ્તપ્રતો ૧. L-૧ ૪૨૩૭૦ અને ૨. L-૨ ૪૦૮૩૩ મળી છે. મહાવીર જૈન આરાધના કેન્દ્ર-કોબા તરફથી એક AKGM-૨૨૪૬૮ પ્રત મળી છે. અને લવારની પોળ અમદાવાદ જ્ઞા.મં.ની એક હસ્તપ્રત કેવલભાઈ-અધ્યાત્મ-પરિવાર તરફથી મળી છે. N.A.L. ૩૫/૩૫ છે.

### ૨. શ્રીનવપદ મહિમા ગહુંલી

શ્રમણ ભગવાન મહાવીર પ્રભુની જ બીજી ગહુંલી કર્તા આપણને અર્પી રહ્યા છે. આની પણ કડીઓ ૬ જ છે. વિષય સંબંધી વિશેષતા એ છે કે પટ્ટરાણી ચેલ્લણા સમેત મહારાજા શ્રેણિક વીરપ્રભુની દેશના સાંભળવા આવે છે. ત્યારે પ્રભુ આત્મ અભેદે નવપદનો મહિમા વર્ણવે છે. એ સંબંધમાં સિદ્ધચક્રનાં નવે પદોનો નામોલ્લેખ થયો છે. ધ્યાનમાં ધ્યાતા અને ધ્યેયનો અભેદ થાય તો કામ થાય આ રીતે વર્ણવી અંતે કારણનાં આલંબને કાર્યની અવિરુદ્ધ સિદ્ધિ ઉત્તમ ગુરુનાં સંગથી સંપ્રાપ્ત થાય જેથી પં. પદ્મવિજયજી મ. પણ શુદ્ધતાને વરે એવો ભાવ પ્રગટ કરી ગહુંલી પરિપૂર્ણ થાય છે.

આ કૃતિની હસ્તપ્રતો ત્રણ L. D. ઇન્ડોલોજી ઑફ અમદાવાદ તરફથી મળી છે. ૧. L-૧-૪૨૩૭૦, ૨. L-૨-૫૩૩૯૫ અને ૩. L-૩-૪૦૩૧૫ તથા એક હસ્તપ્રત મહાવીર જૈન આરાધનાકેન્દ્ર-કોબા તરફથી મળી છે. હસ્તપ્રત નં. AKGM-૨૨૪૬૮ છે.

### ૩. શ્રીગૌતમસ્વામિ ગહુંલી

રાજગૃહિનાં નાલંદા પાડાની બહાર હસ્તિયામ નામનાં વનખંડની

મધ્યમાં ગણધર શ્રીઈન્દ્રભૂતિજી પધાર્યા છે. એવા ભાવથી ગહુંલીની શરુઆત થઈ છે. ગહુંલીની ૧લી કડીમાં ત્યારપછી કડી ૨માં પ્રભુ પાર્શ્વનાથનાં સંતાનીય ઉદક પેઢાલનાં પુત્રમુનિ ગૌતમસ્વામિને પ્રશ્ન પૂછે છે. કડી ૩માં પ્રશ્નનું પ્રગટીકરણ કર્યું છે કે સાધુ શ્રાવકને અણુવ્રત ઉચ્ચરાવી દેશથી વિરતિ કરાવે તો સાધુને સ્થાવરકાયની અનુમતિ નો દોષ લાગે?

એના જવાબમાં કડી ૪, ૫ અને ૬માં ગૌતમસ્વામિ શેઠનાં છ પુત્રનાં દ્રષ્ટાંતથી સમજાવે છે કે રાજા સજા ને પાત્ર એવા શેઠનાં છએ પુત્રને મારવાનો આદેશ કરે છે. ત્યારે શેઠ વિનંતિ કરે છે કે આ રીતે તો મારા કુલનો ઉચ્છેદ-નાશ થઈ જશે. અંતે શેઠની કાકલુદીને ધ્યાનમાં લઈ માત્ર એક પુત્ર ને મુક્ત કરે છે ત્યારે શેઠ પ્રસન્ન થઈ જાય છે. એ સ્થિતિમાં શેઠે બાકીનાં પાંચ પુત્રોને મારવાની અનુમતિ નથી આપી એની જેમ અહિંયા પણ સાધુને સ્થાવરની અનુમતિનો દોષ લાગતો નથી એમ ત્રણ કડી દ્વારા સંક્ષેપમાં સરસ સમજાવ્યું છે. અંતમાં છેલ્લી ૭મી કડીમાં રાજા પ્રમુખ સમાચાર સાંભળી વંદને આવે રાણી ગહુંલી ગાય અને ભાવથી ઉત્તમ એવા ગુરુનાં પદપદ્મને વધાવે એમ કહીને સમાપન કર્યું છે. ગહુંલીનાં છેડે લખાવનાર સાધુ અને લખનાર લહિયાનું નામ જોવા મળ્યું છે. તે પણ જેમનું તેમ પ્રગટ કર્યુ છે. આ કૃતિની હસ્તપ્રતો બે L. D. ઇન્ડોલોજી ઑફ અમદાવાદ તરફથી મળી છે. ૧. L-૧-૪૨૩૭૦, ૨. L-૨-૪૦૩૧૫ અને એક મહાવીર જૈન આરાધનાકેન્દ્ર-કોબા તરફથી મળી છે. N.AKGM-૨૨૪૬૮ છે.

### ૪. શ્રીસોહમસ્વામિ ગહુંલી

રાજગૃહીમાં સુધર્મા સ્વામિનાં આગમનને વર્ણવતી આ ગહુંલી છે. વિષયવસ્તુમાં કોઈ વિશેષ જણાતો નથી કુલ ૭ કડીઓ છે. શબ્દોમાં સરળતા હોવાને લીધે આ બધી કૃતિઓ ગાવામાં અનુકુળ પડે તેવી છે. જૂની દેશીઓમાં રચાયેલી આ ગહુંલીઓનું જો પુનઃપ્રચલન થાય તો એ ઉપાદેય છે. આ કૃતિની હસ્તપ્રતો એક L. D. ઇન્સ્ટિટ્યુટ ઑફ અમદાવાદ તરફથી મળી છે. N.L-૧-૫૪૮૨૦ અને બીજી હેમચન્દ્રાચાર્ય જ્ઞા.મં. પાટણ તરફથી મળી છે. N.P-૧-૧૯૩૮૮

## ૫. શ્રીપંચમગણધર ગહુંલી

આ ગહુંલી પણ સુધર્મા સ્વામિને ઉદ્દેશીને જ કર્તાએ રચી છે. ઉપરની ગહુંલી સાથે આ ગહુંલીનાં ઘણા બધા વિષયો મળતાં આવે છે. કડીઓ પણ ૭ જ છે. ગુરુતત્ત્વની ગુણગરિમા મુખ્યતયા વર્ણિત છે. આની હસ્તપ્રતો પણ બે તો L. D. ઇન્સ્ટિટ્યુટ ઑફ અમદાવાદ તરફથી મળી છે. N.L.૧-૫૪૮૨૦ L.૨-૪૦૨૭૯ અને એક મહાવીર જૈન આરાધનાકેન્દ્ર-કોબા તરફથી મળી છે. N.K-૧-AKGM-૨૨૪૬૮ છે.

## ૬. શ્રીજંબૂસ્વામિ ગહુંલી

સાત કડીઓ દ્વારા આ ગહુંલીમાં જંબૂસ્વામિજીનાં બાહ્ય અને આભ્યંતર વૈભવને ઉજાગર કર્યો છે. સંયમનું સ્વરુપ સમજાવતાં કોણિક અને તેની પટ્ટરાણી પદ્માવતીનાં નામોલ્લેખ સાથે ગહુંલીનું મહત્ત્વ વધાર્યુ છે. વાંચતાં સહેલાઈથી સમજી શકાય તેવી છે. આ ગહુંલી ઉપરની હસ્તપ્રતો પાંચ તો L. D. ઇન્સ્ટિટ્યુટ ઑફ અમદાવાદ તરફથી મળી છે. N.L.૧ ૩૬૮૧૧ L.૨ ૪૧૭૭૯ L.૩.૪૦૩૧૫ L.૪-૧૩૫૩૭ L.૫ ૧૩૫૩૭ અને બીજી એક મહાવીર જૈન આરાધના કેન્દ્ર કોબા તરફથી મળી છે. N.AKGM-K-૧-૨૨૪૬૮ છે. આ કૃતિનું લિપ્યંતર સાધ્વીજી શ્રીજ્ઞાનધર્માશ્રીજી (ડહેલાવાળા) એ કરેલ છે. તદર્થ ધન્યવાદ સહ આગળ પણ અનેક કૃતિઓનું લિપ્યંતરાદિકાર્ય કરતાં રહે તેવી આશા.

## ૭. શ્રીગણધરભગવંત ગહુંલી

કોઈપણ વિશેષ નામ ગ્રહણ વિના સામાન્યથી ગણધારક ગુરુવરની ગરિમા આ ગહુંલીમાં શબ્દસ્થ કરાઈ છે. જિનશાસનનાં ગુરુતત્ત્વનો ગુણવૈભવ એ નિસ્સીમ છે. ખૂબ જ ભાવવહી શબ્દોમાં એ વાત ૬ કડીઓ દ્વારા ફેલાઈ છે. વિ.સં. ૧૯૫૪માં પાટણ નગરે આ ગુહલી (ગહુંલી) લખાઈ છે. એમ કૃતિનાં અંતે લખાયેલું છે. આ કૃતિની હસ્તપ્રત L. D. ઇન્સ્ટિટ્યુટ ઑફ અમદાવાદ તરફથી મળી છે. જેનો N.L-૧-૧૩૫૩૭ છે.

## ૮. શ્રીગુરુભગવંત ગહુંલી

પ્રસ્તુત કૃતિનાં કર્તા પં. શ્રીપદ્મવિ.મ.નું એક સ્તવન અત્યંત પ્રખ્યાત છે. "રુડી ને રઢિયાળી રે વીર તારી દેશના રે..." એ જ દેશીમાં કર્તાએ આ ગહુંલીની રચના કરી છે. ખરેખર એકદમ મનો-હર રચના છે. વારંવાર ગાવી ગમે એવી છે. હવે દરેક કડીઓનાં અર્થવિસ્તાર ને વિરામ આપી માત્ર મહત્ત્વની વાતો જે મને સમજમાં આવી છે. એટલી રજુ કરી આગળ વધીએ. આ કૃતિની ચાર હસ્તપ્રતો L. D. ઇન્સ્ટિટ્યુટ ઑફ અમદાવાદ તરફથી મળી છે. N. L.૧-૪૨૧૮૨ L.૨-૪૦૨૭૯ L.૩-૪૦૩૧૫ L.૪-૧૩૫૩૭ અને એક મહાવીર જૈન આરાધનાકેન્દ્ર-કોબા તરફથી મળી છે.

## ૯. શ્રીમંગલ ગહુંલી

'मङ्गं लातीति मङ्गलम्' । આવી વ્યુત્પત્તિ શાસ્ત્રોમાં મંગલ શબ્દની જોવા મળે છે. ઘણાબધા અર્થો અને ઘણી વિશદચર્ચા 'મંગલ' શબ્દની થયેલી છે. અને એટલે જ મંગલવાદ એ અનેક પ્રખ્યાતવાદોમાંનો એક પ્રમુખવાદ છે. એ મંગલને અવલંબી પ્રસ્તુતમાં કર્તાએ ગહુંલી બનાવી છે.

૧લું મંગલ અરિહંતનું, ૨ જું ધર્મધ્યાન અને શુકલધ્યાન રુપ બે ધ્યાનનું, ૩ જું દેવ-ગુરુ-ધર્મનું ૪ થું મંગલ ભદ્રાસનનું ૫ મું પંચાચારનું ૬ ઠું ઢંઢણમુનિનું ૭ મું મંગલ સાતક્ષેત્રમાં ધનવિતરણનું ૮ મું આઠકર્મનાં ક્ષયનું ૯ મું મંગલ બ્રહમચર્યની નવ વાડનું, ૧૦ મું સાધુ ભ.નાં ૧૦ પ્રકારે શ્રમણધર્મનું, ૧૧ મું શ્રાવકની ૧૧ પ્રતિમાઓનું, ૧૨ મું મંગલ સાધુની ૧૨ પ્રતિમાઓનું ૧૩ મું ૧૩ માં ગુણસ્થાનકનું, ૧૪ મું ૧૪ પૂર્વનું અને ૧૫ મું મંગલ સિદ્ધનાં ૧૫ ભેદોનું આ રીતે ૧ થી ૧૫ સુધીની સંખ્યા જોડે મંગલનો મેળ બેસાડ્યો છે. પણ એનું રહસ્ય પકડાયુ નથી તજ્જ્ઞ વિદ્વાનો એ રહસ્યને ખોલી દે એવી ભાવના સહ આ કૃતિનું લિપ્યંતર મુનિ શ્રીકુમુદચંદ્રવિજયજી એ કર્યું છે. તદર્થ ધન્યવાદ. કૃતિની બે હસ્તપ્રતો મહાવીર જૈન આરાધનાકેન્દ્ર-કોબા તરફથી મળી છે. ૧.K-૧ AKGM-૧૧૯૬૪૯ અને K-૨-AKGM-૭૯૪૮૯ છે. બન્ને

પ્રતોમાંથી અર્થસંગત શુદ્ધપાઠોને જ સ્થાન આપ્યુ છે. અશુદ્ધ પાઠો ગ્રહણ કર્યા નથી. કૃતિનાં અંતે 'इति सन्ध्या मंगल' એ પ્રમાણે લખ્યુ છે. પણ એનો અર્થ શું કરવો તે સમજાયું નથી. કુલ ૧૭ કડીઓમાં આ ગહુંલી વિસ્તરી છે. હવે પછીની ગહુંલી પણ આ જ વિષયને અનુસરી છે.

## ૧૦. સવારનું માંગલીક (ગહુંલી)

પ્રાતઃકાળે શુભભાવોથી મનને તરબતર કરી દેવા મહાપુરુષો આવી રચનાઓ કરતાં હશે કુલીન પરિવારોનાં ઘરનું વાતાવરણ કેવું હોય? અથવા કેવું હોવું જોઈએ એની સ્પષ્ટતા પણ આ કૃતિમાં જોવા મળે છે. મનુષ્યભવાદિ સામગ્રી મેળવી અંતે શું મેળવવાનું છે. ક્યા વિરમવાનું છે એ પણ અહીં જણાવી દીધુ છે આ ગીતની પણ ૧૭ કડીઓ છે.

કડીઓમાં ક્યાંય મંગલ શબ્દનો ઉલ્લેખ થયો નથી તથા ગહુંલી તરીકે પણ એને ગણી નથી તેમ છતાંય ઘણુ સામ્ય દેખાતુ હોવાથી આ કૃતિને પણ અહીં સાથે જ સ્થાન આપી પ્રકાશિત કરી દેવાય છે. આની બે હસ્તપ્રતો L. D. ઇન્સ્ટિટ્યુટ ઑફ અમદાવાદ તરફથી મળી છે. N.L.૧-૫૦૭૨૭ અને L.૨-૧૪૨૬૮ છે. આ રીતે પં. પદ્મવિ.મ.ની ગહુંલીઓ અહીં પૂર્ણ થાય છે.

• • •

# ૧. શ્રીવીરપ્રભુ ગહુંલી

**॥ અભિનંદન જિન દરિસણ તરસીએની દેશી ॥**

વીતભય પાટણ વીરજી આવીઆ, મૃગવન ચૈત્ય મઝાર ।
મુનિવર વૃંદે હો સંજમ મ્હાલતા, રત્નત્રયીના આધાર ॥૧॥
હો મારી ચતુર ચેતના ચાલોને ચિહુંગતિ ચૂરક ચરણ લે ।

ચોસઠ ઇંદ્ર હો જેહની ચાકરી, ચૂકે નહીં ખિણ ચિત્ત ।
કેવલજ્ઞાને હો લોકાલોકને, પ્રતિભાસન પરતીત ॥હો મા૦॥૨॥

સાતે હો ઇતિ સમાવે સામઠી. અંતર અરિ કરે અંત ।
સર્વ સાધારણે[1] વાણિ તે વરસતા, ભજીએ નિતુ ભગવંત ॥હો મા૦॥૩॥

નામ ઉદાઈ હો રાજે નરપતિ, સજી સામૈયું શ્રીકાર ।
રાણી પ્રભાવતી નમવા રંગસ્યુ, આવે ભક્તિ ઉદાર ॥હો મા૦॥૪॥

કુંકુમનેં મુક્તાફલ-શ્રીફલે કરી, સ્વસ્તિક દ્રવ્યથી સાર ।
ભાસનને શ્રદ્ધાશીલ તે ભાવથી, પામવા ભવોદધિ પાર ॥હો મા૦॥૫॥

સાંભલી **જિન**વર **ઉત્તમ** દેશના, ચારિત્ર ચોખે હો ચિત્ત ।
રાય ઉદાઈ હો શાશ્વત સુખ વર્યા, તસ પદ **"પદ્મ"** નમો નિત્ત ॥હો મા૦॥૬॥

**॥ ઇતિ ગહુંલી સંપૂર્ણ[2] ॥**

---

1. સાધારણે તે L-૨ ।
2. સમાપ્ત L-૧, સમાપ્તા ગણિ જ્યોતિવિજયેન લિખિતં ॥ બાઈ ॥ રલીઆત પઠનાર્થં ॥ શ્રી ॥ ૭ ॥-A।

## ૨. શ્રીનવપદમહિમા ગહુંલી

**।। લ્યોને રાજિ ફુંદાલી દોરી - એ દેશી ।।**

ચક્ર ચલે આકાશમાં ॥ જિનવર જયકારી ॥
છત્ર ચલે આકાશ રે ॥ જગત્રાતાને જગહિતકારી ॥
સિંહાસન ચામર ચાલે ॥જિ૦॥ કેવલજ્ઞાન વિલાસ રે ॥જ૦॥૧॥

વીર જિણેસર આવીઆ ॥જિ૦॥ રાજગૃહી ઉદ્યાન રે ॥જ૦॥
નરપતિ શ્રેણિક વાંદવા ॥જિ૦॥ આવે ધરી બહુમાન રે ॥જ૦॥૨॥

પટરાણી સતી ચેલણા ॥જિ૦॥ ભાવ મંગલ ધરી સાધ્ય રે ॥જ૦॥
દ્રવ્યસાર સ્વસ્તિક કરે ॥જિ૦॥ સુણે દેશના નિરુપાધિ રે ॥જ૦॥૩॥

આત્મ અભેદે વર્ણવે ॥જિ૦॥ નવપદ મહિમા વીર રે ॥જ૦॥
અરિહંત સિદ્ધ સૂરિ તથા ॥જિ૦॥ પાઠક મુનિ ગુણ ધીર રે ॥જ૦॥૪॥

દંસણ નાણ ચરણ તવો ॥જિ૦॥ એ નવપદ શ્રીકાર રે ॥જ૦।
ધ્યાયક ધ્યાન અભેદથી ॥જિ૦॥ ધ્યેય રુપ અધિકાર[3] રે ॥જ૦॥૫॥

પણિ કારણથી કાર્યની ॥જિ૦॥ સિદ્ધિ હોય અવિરુદ્ધ રે ॥જ૦॥
તિણે **ઉત્તમ** ગુરુ સંગથી ॥જિ૦॥ **પદ્મવિજય** હોય શુદ્ધ રે ॥જ૦॥૬॥

**।। ઇતિ ગહુંલી[4] ।।**

3. અવિકાર-L-૧, L-૨, K-૧।
4. ગહુંલી સમાપ્ત-L-૧।

## 3. શ્રીગૌતમસ્વામિ ગહુંલી

**।। કેસરીઆ ચડો વરઘોડે - એ દેશી ।।**

હસ્તિયામ વનખંડ મઝારે, રાજગૃહી નાલંદા બારે ।
આવ્યા ઇંદ્રભૂતિ ગણધાર તો ॥૧॥
ગૌતમ ગુરુ વંદવા જઈએ, વંદના કરીને શિવસુખ વરીએ તો ॥ગૌ૦॥

ઉદક પેઢાલ પુત્ર મુનિ હોય, પાસનાથ સંતાનીયા સોય ।
પૂછે પ્રશ્ન ઈણિ પરે જોય તો ॥ગૌ૦॥૨॥

શ્રાવકને અણુવ્રત ઉચરાવે, મુનિવર દેશથી વિરતિ કરાવે ।
થાવર અનુમતિ મુનિને આવે તો ॥ગૌ૦॥૩॥

કહે ગૌતમ સુણો મુનિવર વાત, શેઠ પુત્ર ષટનો દૃષ્ટાંત ।
નૃપ અન્યાયથી મારણ જાત તો ॥ગૌ૦॥૪॥

તાસ પિતા કરે વિનતી રાય, મુઝ કુલનો ઉચ્છેદ તે થાય ।
પંચ પુત્રને મુકો તાય તો ॥ગૌ૦॥૫॥

ઈમ વિનતી કરતા તસ આપે, પુત્ર એક તસ હર્ષ તે વ્યાપે ।
મારણની ન[5] અનુમતિ થાપે તો ॥ગૌ૦॥૬॥

રાય પ્રમુખ સુણી વંદન આવે, અંગ રંગ રાણી ગહુંલી લાવે ।
**ઉત્તમ** ગુરુપદ **પદ્મ** વધાવે તો ॥ગૌ૦॥૭॥

**।। ગહુંલી સંપૂર્ણ ।।**

**।। લખીતં પં. દીયાલસાગર પં. પ્રેમસત્કેન લપિક્રતં ।। શુભંભવતુ ।।**

❁

5. નહી K-૧ ।

## ૪. શ્રીસોહમસ્વામિ ગહુંલી

**|| લાલ રંગાવો વરના મોલીઆ - એ દેશી ||**

રાજગૃહી રળિયામણી, જિહાં ગુણશૈલ ચૈત્ય શ્રીકારો રે ।
તિહાં વિહાર કરતા આવીયા, સોહમસ્વામી ગણધારો રે ॥૧॥
સદ્‌ગુરુજી વધાવું મોતીયડે ॥ એ આંકણી ॥

વનપાલ કહે[6] વધામણી, તસ લાખ સોવન કર[7] દીધા રે ।
નરપતિ મનમાં ઈમ ચિંતવે, જે મનમાન્યા તે સિદ્ધા રે ॥સ૦॥૨॥

રાજા શ્રેણિક જિન વાંદવા, આવે મન હરખ ન માય રે ।
રાણી ચેલણા લાવે ગહુંલી, તિહાં ગૌરી ગીત મલ્હાય રે ॥સ૦॥૩॥

જીરે શીલ સુરંગી ઘાટડી[8], રાણી પહેરે નવરસ રંગે રે ।
સત્ય વચન આભરણ દીપતા, થાય જૈનધર્મ બહુ સંગે રે ॥સ૦॥૪॥

જીરે વૈરાગ્ય સ્વસ્તિક પૂરતી, જ્ઞાનાદિ અક્ષત શ્રીકારો રે ।
જીરે ભાવનાં લુંછણડા કરે, આણંદ ઉલ્લાસ અપારો રે ॥સ૦॥૫॥

સત્તર પ્રકારે આરાધતા, સંયમ રમણીને વરતા રે ।
મુનિ મારગને અવગાહતા, આતમ કારજને કરતા રે ॥સ૦॥૬॥

એહવા **ઉત્તમ** પદ **પદ્મ**ને, નમસ્યે જન ચંદ્રસમ સારો રે ।
તે ઉત્તમ પદને સાધસ્યે, લહે અવ્યાબાધ ઉદારો[9] રે ॥સ૦॥૭॥

**|| ઈતિ ગહુલી સમાપ્તા ||**

---

6. દીએ-P-૧ ।
7. સોવન દીધા-L-૧ ।
8. થાટડી L-૧ ।
9. અપારો P-૧ ।

# ૫. શ્રીપંચમગણધર ગહુંલી

॥ દ્વારકા તે નગરી દીપતી રે જિનવંદીએ - એ દેશી ॥[10]

પંચમ ગણધર વીરના રે ॥ મુનિ વંદીએ ॥
સાથે પાંચસે મુનિ ગુણધામ રે ॥ ગુરુવંદીએ ॥
રાજગૃહી ઉદ્યાનામાં રે ॥મુ૦॥ ગુરુ સમવસર્યા શુભઠામ રે ॥૧॥

પંચ મહાવ્રત પાલતા રે ॥મુ૦॥ દશવિધ સંજતનો ધર્મ રે ॥ગુ૦॥
સંજમ સત્તર પ્રકારથી રે ॥મુ૦॥ લહી પાલે તેહનો મર્મ રે ॥ગુ૦॥૨॥

દશ પ્રકાર વિનય ભલો રે ॥મુ૦॥ બ્રહ્મચર્ય નવ વાડે જુત્ત રે ॥ગુ૦॥
રત્નત્રયી આરાધતા રે ॥મુ૦॥ બાર ભેદે તપમાં રત્ત રે ॥ગુ૦॥૩॥

ક્રોધ માન માયા લોભનો રે ॥મુ૦॥ જીપતા કરે ઉગ્રવિહાર ॥ગુ૦॥
ચરણ સિત્તરી પાળતા રે ॥મુ૦॥ તિમ કરણ સિત્તરી સાર રે ॥ગુ૦॥૪॥

વંદન હેતે આવીયા રે ॥મુ૦॥ રાય શ્રેણિક બહુ પરિવાર રે ॥ગુ૦॥
ચેલણા લાવે ગહુંલી રે ॥મુ૦॥ ઘાટ શીલ પહેરી મનોહાર રે ॥ગુ૦॥૫॥

આભૂષણ સત્ય વચનના રે ॥મુ૦॥ કરે સ્વસ્તિક વિનય પ્રધાન રે ॥ગુ૦॥
શ્રદ્ધા અક્ષત થાપતી રે ॥મુ૦॥ કરે લુંછણા સુપ્રણિધાન રે ॥ગુ૦॥૬॥

દેશના સાંભળે હર્ષસ્યું રે ॥મુ૦॥ કહે ધન ધન તુમ ગુરુ જ્ઞાન રે ॥ગુ૦॥
**ઉત્તમ** ગુરુપદ **પદ્મ**ની રે ॥મુ૦॥ સેવા કરતા લહે શિવઠાણ રે ॥ગુ૦॥૭॥

॥ ઇતિ ગહુલી સમાપ્તા ॥

---

10. L-૧ પ્રતમાં નથી ।

## ૬. શ્રીજંબૂસ્વામિ ગહુંલી

અજબ કીઓ રે મુનિરાય, લઘુવય યોગ[11] લીઓ રે ॥એ આંકણી॥
સોલ વરસ સંજમ લીયો રે, તરુણી આઠ વિચ્છોડી ॥મુ૦॥
કોડી નવાણુ સોવન તણી રે, છોડી મનને કોડિ ॥મુ૦॥અજ૦॥૧॥

તપ દ્વાદશ ભેદે કરે રે, ભાવના ભાવતા બાર ॥મુ૦॥
પડિમા બારમાં ઉદ્યમી રે, ગુણ છત્રીસના ધાર ॥મુ૦॥અજ૦॥૨॥

પડિરુવાદિક ચૌદ ભલા રે, ગુણસાગર ગુરુરાય ॥મુ૦॥
નિપુણ તે ગુણઠાણગ તણા રે, નિમિત અડં(ઠં)ગ સુઠાય ॥મુ૦॥અજ૦॥૩॥

મુનિમંડલસ્યું પરવર્યા રે, જંબૂ જૂગપરધાન ॥મુ૦॥
વીચરંતા પાઉધારીયા રે, રાજગૃહી ઉદ્યાન ॥મુ૦॥અજ૦॥૪॥

કોણિક નરપતિ વંદવા રે, સાથિ લેઈ પરિવાર ॥મુ૦॥
પદ્માવતી કરે ગુહલી રે, દ્રવ્ય પ્રધાન વિચાર ॥મુ૦॥અજ૦॥૫॥

ચિહુંગતિ ચૂરણ સાથીઓ રે, સરધા પીઠ બનાય ॥મુ૦॥
વસન આભૂષણ વ્રત તણા રે, શ્રીફલ શિવફલ ઠાય॥મુ૦॥અજ૦॥૬॥

**ઉત્તમ**ગુરુગુણ ભક્તિથી રે, વધાવેં ગુરુરાજ ॥મુ૦॥
ગુરુમુખ**પદ્મ**થી દેસના રે, સુણી પામે શિવરાજ ॥મુ૦॥અજ૦॥૭॥

॥ ઇતિ જંબૂ ગહુલી ॥

11. જોગ K-૨, જોગ લહો રે K-૩ ।

## ૭. શ્રીગણધરભગવંત ગહુંલી

॥ ઝુંબખડાની દેશી ॥

સમકિત સૂરજ ઉગીયો, ગયું મિથ્યાત્વ અંધકાર ॥સોહાગિણ શ્રાવિકા॥
જિનવર નમવા નીકળી, શુ(સ)રધા શુદ્ધ આચાર ॥સો૦॥૧॥

વીતરાગ પ્રણમી કરી, દેખે ગુરુ દેદાર ॥સો૦॥
છત્રીસ છત્રીસી ગુણેં, શોભિત શ્રી ગણધાર ॥સો૦॥૨॥

ષટ દ્રવ્ય ગુણ પરયાયના, શુદ્ધ પ્રરુપક જેહ ॥સો૦॥
સ્યાદ્વાદની રીતથી, સમજાવે ગુરુ તેહ ॥સો૦॥૩॥

તે ગુરુના બહુમાનથી, આતમ મંગલ હેત ॥સો૦॥
ભાવસાધન દ્રવ્યથી કરે, સ્વસ્તિક સાર સંકેત ॥સો૦॥૪॥

ગુરુ મુખે કરે પચ્ચખાણનો, પુદ્‌ગલ ત્યાગ નિમિત્ત ॥સો૦॥
અણહારી પદ વર્ણિકા, દેશ થી(થ)કી ધરે ચિત્ત ॥સો૦॥૫॥

**“ઉત્તમ”** ગુરુ સનમુખ રહી, વદન **“પદ્મ”** વિહસંત ॥સો૦॥
આગમ સાંભલિ હરખસ્યૂં, ગુરુ ગુણ ગાવતિ સંત ॥સો૦॥૬॥

॥ ઈતિ ગુહલી ॥

॥ સંવત ૧૯૫૪ વર્ષે પટ્ટન્ નગરે લિપિકૃતં ॥

# ૮. શ્રીગુરુભગવંત ગહુંલી

**।। રુડી રઢિઆલીની - દેશી ।।**

રુડીને રઢિઆલી રે સમકિતી શ્રાવિકા રે, સજ કરી સોલ ભલા સિણગાર,
કરગ્રહી રજત રકેબી સાર ॥રુડી૦॥૧॥

કનકની રુડી રે માંહિ કંકાવટી રે, કુંકુમ ઘોલ કરી શ્રીકાર;
નિરખવા ચાલી ગુરુ દેદાર ॥રુડી૦॥૨॥

સઇયરોની ટોલી રે સાથેં ભલી સંચરી રે, જઈ ગુરુ કેરા વંદે પાઈં;
ગુંહલી કરે શુભ ચિત્ત લગાય ॥રુડી૦॥૩॥

મંગલ કરવા રે નિજ આતમ ભણી રે, શ્રીફલ ઠવતી કરે રંગરોલ;
જાણતી નહીં કોઈ ગુરુને તોલ ॥રુડી૦॥૪॥

લુંછણા કરતી રે ગુરુ ગુણ ભક્તિનાં [રે], થાય ભલા કરકંકણ રણકાર;
પાય રુડાં ઝાંઝરના ઝમકાર ॥રુડી૦॥૫॥

ગુરુ ગુણ ગાતી રે હઇડેં જેહસ્યું રે, મિલી સોહાગિણનો સમુદાય;
ગુરુ ભવસાયર તરણ ઉપાય ॥રુડી૦॥૬॥

**ઉત્તમ** ગુરુની રે શ્રવણેં દેશના રે, સાંભલી હિયડલા ટાઢા થાય;
**પદ્મ** કહેં જિમ અમીઅ સિંચાય ॥૭॥
રુડીને રઢિયાલી રે સમકિતી શ્રાવિકા રે ॥

**।। ગુંહલી સંપૂર્ણ ।।**

# ૯. શ્રીમંગલ ગહુંલી

|| મૃગશિર શુદિ એકાદશી દિન જાયારે - એ દેશી ||

પ્રણમીય શાસનદેવતા મંગલ ગાયસ્યું એ ।
ભાવના સિદ્ધિના ભેદથી તિણ કરી ધ્યાયસું એ ॥૧॥

આદ્યમંગલ અરિહંતજી જગતી સિરોમણી એ ।
કેવલજ્ઞાન જે દીવડો પ્રણમી મહાગુણૈ એ ॥૨॥

બીજુ મંગલ દોય ધ્યાનનું ધર્મ સુકલ તણું એ ।
જેહથી આત્મકલ્યાણ જે નીપજે શુધપણું એ ॥૩॥

દેવ-ગુરુ-ધર્મ દ્રવ્ય ભાવથી અક્ષતિ રુચી ઉપની એ ।
મંગલ સમકિતવંતનૈ ઇહાં સરુપની એ ॥૪॥

ચ્યાર સુખ શય્યામાં મ્હાલતો મુનિવર વંદેયૈ એ ।
ચૌથે મંગલ ભદ્રાસન માનું પાપનિકંદીયૈ એ ॥૫॥

સ્વસ્તિકમાં પંચરયણ પરૈ સંઘ પંચાચારસ્યું એ ।
પાંચમું મંગલ સંઘને દુઃખનિવારણું એ ॥૬॥

બાહ(હ્ય) અભ્યંતર તપપણું ભાવમંગલ ભલું એ ।
છઠું મંગલ ઢંઢણમુનિ સાધ્ય સાધૈ એકલૂં એ ॥૭॥

સાતક્ષેત્ર ધન વાવરૈ સાતભય તસ ટલૈ એ ।
એહ મંગલ વસ્તુ પભણેં પરમલચ્છી મિલૈ એ ॥૮॥

આઠમું ભદ્ર અડ કર્મક્ષય અંતગડ કેવલી એ ।
ખંધક મુનિવર સારિખો વંદુ હું લુ(લ)લી લલી એ ॥૯॥

નવમું મંગલ તસ બ્રહ્મની નવ વાડ જે ધરૈ એ ।
તેહ વંદુ ધનગિરિ મુનિ વયરસ્વામિ તિમજ દીક્ષા વરૈ એ ॥૧૦॥

દસમું એ મંગલ સાધુજી ખંત્યાદિક પાલતા એ ।
વલીય વિશેષ લહું કેવલજ્ઞાન ઉ(અ)જવાલતા એ ॥૧૧॥

ઇગ્યારમું મંગલ કીજીયૈ નિજ ઘરિ શ્રાવકો એ ।
આણંદ પ્રમુખ શ્રાવક પરૈ પડિમા વહી ભાવકો એ ॥૧૨॥

નેમિવચને જિણૈ રમી પડિમા અંગીકરી એ ।
ગજસુકુમાલ એ બારમેં મંગલ સિદ્ધ વરી એ ॥૧૩॥

ગુણત તેરમેં કિરિયા ફરસી જણૈ એ ।
તેરમું મંગલ તેહને સર્વ કેવલે તણૈ એ ॥૧૪॥

ચૌદમું ચૌદ પૂરવ તણું એ મંગલ સાંભળો એ ।
થૂલભદ્ર ચરમશ્રુત કેવલી જેણેં જગ ઉજલો એ ॥૧૫॥

ભેદ પનરૈં કરી પ્રણમીયૈં સિદ્ધ સ્વામી ભણી એ ।
પરમ ગુણી પરમ મંગલ કરૈં નિરુપમ સુખ ધણી એ ॥૧૬॥

એહ મંગલ ભણતાં થકાં **ઉત્તમ** સુખ લહૈ એ ।
તત્ત્વથી ગુણ રમ્યા તસ નમું **પદ્મવિજય** કહૈ એ ॥૧૭॥

॥ ઇતિ સન્ધ્યામંગલ ॥

## ૧૦. સવારનું માંગલિક (ગહુંલી)

॥ નયર માહણકુંડમાં વસે રે એ દેશી ॥

પ્રણમી તે નિજ ગુરુ ચરણને, ગાઈએ ભવિ પુણ્યવંત ।
પુણ્યાનુબંધી પુણ્ય તો, જો પૂજ્યા હોય ભગવંત ॥જો પૂ૦॥ ૧॥

બીજા સંસારિક સુખ ઘણા, પણ લેખે તે ન ગણંત ।
તે ઉવેખીએ ગાઈએ ॥જો પૂ૦॥ ૨॥

મોહટા તે મંદિર માલિયા, માંહિ ચિત્રશાલી મહંત ।
પતિવ્રતા ઘરિ પદમણી ॥જો પૂ૦॥ 3॥

ધન ધાન્યની ઘરે નહી મણા, સુત સુતા જાસ રમંત ।
સાસુ વહુનો સંપ ઘણો ॥જો પૂ૦॥ ૪॥

વલી કામધેનુ ઘર આંગણે, મહિષી તે દૂધ ઝરંત ।
આછા તે વાગા(ઘા) પહેરણા ॥જો પૂ૦॥ ૫॥

ગુલગુલે ઘરે ગજરાજીઆ, વલી હય ભલા હેષંત ।
બહુ રથવરા ઘણઘણ કરે ॥જો પૂ૦॥ ૬॥

આણા તે સહુ પરિ નવહે(નિવહે), બહુ દાસ દાસી મિલં ત ।
જીજીકાર જગમાં કરે ॥જો પૂ૦॥ ૭॥

પાંચ તે ઇંદ્રીય પરવડી, નવિ રોગ શોગ લહંત ।
આઉખું દીરઘ પામીએ ॥જો પૂ૦॥ ૮॥

સૌભાગ્ય રુપ મનોહરુ, સુસ્વરે વલી બોલંત ।
આદેય નામ તે તો હોય ॥જો પૂ૦॥ ૯॥

જૈન ધરમ જગ રુઅડો, નવિ જીવ કોઈ હણંત ।
આણા તે શ્રી અરિહંતની ॥જો પૂ૦॥ ૧૦॥

વૈરાગ્ય સમતા સુંદરી, વલી વિવેક વારુ પુત્ત ।
આતમ આંગણું સોહતો ॥જો પૂ૦॥ ૧૧॥

ફૂલમાલા કમલાએ નહી, વલી આંખ નવિ મિચંત ।
મને કામ કરે અધ રહે ॥જોપૂ૰॥૧૨॥

જસ શરીરે અશુચિ નહિ, વડી લઘુનીતિ ન હુંત ।
ચામ હાડ ન પામીએ ॥જોપૂ૰॥૧૩॥


ઇણિ પેરે નર સુરભવ રહી, ફરી આર્યકુલ આવંત ।
તિહાં વલી તો જ્ઞાની મલે ॥જોપૂ૰॥૧૪॥

લેઈ ચારિત્ર તિહાં કિણે, લહે કેવલજ્ઞાન અનંત ।
વરે સિદ્ધિના સુખ શાશ્વતા ॥જોપૂ૰॥૧૫॥

ફરી ફરી ભવદુખ નવિ લહે, શાશ્વતો કાલ વસંત ।
**ઉત્તમ** પદેં ઇમ તાર હેં ॥જોપૂ૰॥૧૬॥

નિરલેપ નિરદ્વંદ્વી થયો, નિજ ગેહમાંહિં રમંત ।
કહે **પદ્મ** એહવો તો હોઈ ॥જોપૂ૰॥૧૭॥

**॥ ઇતિ શ્રી સવારનું મંગલીક સંપૂર્ણ ॥**
**॥ સંવત ૧૮૮૨ના વર્ષે મહા વદ-૫ દીને લપીક્રીતં ॥**



## ૪. પં. શ્રી રૂપવિજયજી મ.કૃત ગહુંલીઓ

કવિસમ્રાટ્ પં. શ્રીપદ્મવિજયજી મ.નાં પટ્ટધર શિષ્યરત્ન ડહેલાનાં ઉપાશ્રયનાં પ્રેરક પં. શ્રીરુપવિજયજી મ. કૃત ગહુંલીઓ હવે પ્રસ્તુત છે. પં. રુપવિ.મ.ની અનેક રચનાઓ વિદ્યમાન છે. એમાંથી અહીં તો માત્ર ગહુંલીઓ જ પ્રકાશિત થશે.

પ્રથમ પાંચ ગહુંલીઓ પ્રભુવીરની છે. ત્યાર પછી બે ગુરુ ગૌતમસ્વામિની અને પછીની પાંચ પંચમગણધર શ્રીસુધર્માસ્વામિની છે અને છેલ્લી એક કલ્પસૂત્રની ગહુંલી છે. કુલ ૧૩ ગહુંલીઓ પ્રાપ્ય થઈ છે.

### ૧. શ્રીવીરજિણંદ ગહુંલી (૧)

સરળ શબ્દોમાં મહત્ત્વનાં અર્થો ને ગુંથી લેવામાં આ મહાપુરુષની હથોટી છે.

કડી-૧માં જણાવ્યું છે કે શાસનનાયક વીરજિણંદનું મુખડુ એ શરદપૂનમનાં ચંદ્ર જેવું છે, જેને જોતાં સુરેંદ્રો અને નરેંદ્રો પણ મોહી પડ્યા છે એવા પ્રભુની વાણી સાંભળતાં અધિકાધિક આનંદ ઉભરાય છે. હે સખી જિનવાણીએ મારું મન મોહી પડ્યુ છે ને તેથી મારું સઘળું દુઃખ ખોવાઈ ગયું છે. અર્થાત્ દૂર થઈ ગયું છે.

કડી-૨માં જિનવાણી કેવી હોય તે સ્પષ્ટ કર્યુ છે.

કડી-૩માં સમવસરણની રચના સમજાવી છે.

કડી-૪માં બારે પર્ષદાને દેશના સાંભળતા શું થાય તે કહ્યું છે.

કડી-૫માં કયા કયા દેવેંદ્રો-વિદ્યાધરો વ. શા માટે પ્રભુ ને પૂજે તે બતાવ્યુ છે.

કડી-૬માં રાજા કોણિકની મહારાણી પણ કેવી સજી ધજી ને આવે છે. તેનું બયાન કર્યુ છે.

કડી-૭માં એ રાણી પ્રભુ પાસે આવી શું કરે એ સરસ સમજાવ્યું છે ને અંતે

કડી-૮માં સમાપન કરતાં ગુરુચરણકમળને વધાવતાં શું ફળ મળે? એની મહત્ત્વપૂર્ણ સ્પષ્ટતા કરી ગહુંલી પૂર્ણતાને વરે છે.

L. D. ઇન્સ્ટિટ્યુટ ઑફ-અમદાવાદ જ્ઞા.મ.ની બે હસ્તપ્રતો દ્વારા આ કૃતિનું સંપાદન થયુ છે. N.L.૧-૫૭૩૭૧ અને L-૨-૬૧૫૪૬.

**૨. શ્રીવીરજિણંદ ગહુંલી (૨)**

આ ગહુંલીમાં “સખી વીર જિણંદ આમલકલપા ઉદ્યાનમાં આવી સમોસર્યા” આ ધ્રુવપંક્તિથી મઝાની શરુઆત થઈ છે. ‘સુણો ચંદાજી...’ની સુંદર દેશીમાં ગાઈ શકાય એવી આ ગહુંલીમાં કડી એક થી પાંચમાંતો પ્રભુનાં પ્રભાવનું જ રોચક વર્ણન છે.

ત્યાર પછી કડી ૬માં પોતાના પવિત્ર આત્માની રુચિને જાણી બારે’ય પર્ષદા હર્ષિત હૈયે જિનવાણી સાંભળવા આવી છે તે જણાવ્યું છે.

કડી ૭માં સખીઓનાં વચન સાંભળી હર્ષોલ્લાસ સહ ઘણા બહુમાન ભાવપૂર્વક રાણી ધારિણી પ્રભુવીરને વાંદી પોતાનો જન્મ સફળ માને છે. એમ જણાવ્યુ છે. કડી ૮માં પ્રભુની સામે સાથીયો શેનાથી અને શા માટે કરે છે. તે બતાવી કડી ૯માં કવિવરે સમાપન કર્યુ છે.

આ કૃતિની L. D. ઇન્સ્ટિટ્યુટ ઑફ-અમદાવાદ તરફથી એક હસ્તપ્રત મળી છે. N.L-૧-૫૭૩૭૧ અને રાધનપુરમાંથી પણ એક હસ્તપ્રત મળી છે. N.R-૧૪૪૫ છે.

### ૩. શ્રીવીરજિણંદ ગહુંલી (૩)

આ ગહુંલી પણ પ્રભુવીરને ઉદ્દેશીને જ લખાઈ છે. ૯ કડીઓ છે. વિશેષતા વિચારીએ તો કડી ૩માં વૈશાખ માસ માટે એનો પર્યાયવાચી શબ્દ "માધવ" પ્રયોજાયો છે. પ્રભુ અપાપાનગરીમાં પર્ધાયા છે ને ત્યારે ઇંદ્રાણી એ આ ગહુંલી ગાઈ છે. એવી કલ્પના પેશ થઈ છે. તો સાથે સાથે ગણધરવાદ, સગ(સપ્ત) નયવાદ અને નિહ્નવવાદનો પણ ઉલ્લેખ કવિએ કર્યો છે.

આ કૃતિની હસ્તપ્રત L. D. ઇન્સ્ટિટ્યુટ ઑફ-અમદાવાદ તરફથી મળી છે. નં. L.-૧-૫૭૩૭૧ છે.

### ૪. શ્રીવીરજિણંદ ગહુંલી (૪)

પ્રભુવીરની જ આ પણ એક મસ્ત ગહુંલી છે એકદમ સરળ રીતે આબાલવૃદ્ધ સહુ મજાથી ગાઈ શકે એવી આ ગહુંલી છે. એમાં કુલ ૯ કડીઓ છે.

ભગવાન વર્ધમાનની પ્રભાવકતા અને ગૌતમ ગૌત્રીય ઇન્દ્રભૂતિ ભગવંતની વાત કરવાની પ્રબળ ઇચ્છા, પ્રભુ દ્વારા સંશયનું નિવારણ - નિરાકરણ, વેદ પદોનું સમ્યગ્ અર્થ ઘટન, પ્રભુહાથે દીક્ષા, ત્રિપદીની રચના, ૧૨ અંગનું પ્રાગટ્ય, પ્રભુદ્વારા ગણધરનાં શિરે વાસચૂર્ણનો પ્રક્ષેપ વગેરે ભાવો અત્યંત સરળતાથી રજૂ થયા છે.

ગહુંલી ગતાં ગાતાં આનંદ વિભોર બની જવાય એવી રસભરી રચના છે.

આ ગહુંલી અને આના પછીની ક્ર. ૫ અને ક્ર. ૧૦ની ગહુંલી એ શ્રીસત્યવિજય જૈન ગ્રંથમાલા નં. ૮ અંતર્ગત રહેલ ગહુંલી સંગ્રહમાંથી છેક છેલ્લે મળી છે તેથી હસ્તપ્રતોનાં આધારે આ ત્રણ ગહુંલીઓનું

સંશોધન થઈ શક્યુ નથી સને. ૧૯૨૪માં છપાયેલ આ પુસ્તિકા અત્યારે તો અલ્પ પ્રાપ્ય કે અપ્રાપ્ય જેવી છે શ્રુત પ્રેમી સુશ્રાવક **મહેન્દ્રભાઈ જૈન**, સુરત દ્વારા આ પુસ્તક અને તેની માહિતી મળી છે. તદર્થ તેઓને સહૃદય ધન્યવાદ.

**૫. શ્રીવીરજિણંદ ગહુંલી (૫)**

૯ કડીઓમાં જ વિસ્તરેલી આ પણ ચરમજિનની જ ગહુંલી છે કડી ૨, ૩ અને ૪માં અષ્ટ પ્રતિહાર્યનો ઉમદા ઉલ્લેખ થયો છે આ સિવાય પ્રભુનાં અતિશયો, દેવોની ભક્તિ અને તીર્થંકરની પધરામણી કલ્પવૃક્ષ - કામધેનુ કરતાં પણ અધિક છે વગેરે ભાવો વર્ણવ્યા છે.

રાજા ઉદાયી અને રાણી પ્રભાવતી અપાર હર્ષોલ્લાસ સહ પ્રભુવીરની ગહુંલી કરે છે એવો ભાવ ઉપસાવી પ્રભુની દેશનાથી પલળી ગયેલા રાજા ઉદાયી વીરપ્રભુનાં હસ્તે જ દીક્ષિત થઈ શિવસુખને પામ્યા છે એમ જણાવી કવિસમ્રાટ શ્રીરૂપવિ.જી મહારાજે સુંદર સમાપન કર્યું છે.

**૬. શ્રીગોયમસ્વામિ ગહુંલી (૧)**

વીરપ્રભુની ગહુંલીઓ સમાપ્ત થયા પછી હવે બે ગહુંલી ગણધર શ્રીગૌતમસ્વામિની પ્રાપ્ત થઈ છે. આ ૧લી ગહુંલીમાં ૭ કડીઓ છે. સરળ અને સમજાય એવી ભાષામાં ગુરુતત્ત્વનાં બોધને સમજાવ્યો છે. ગુણશીલ વનમાં વિરાજિત ગુરુવર ગૌતમસ્વામિને રાજા શ્રેણિક વાંદે છે. તો ચેલ્લણા રાણી ગહુંલી કરીને ભક્તિ કરે છે ને એમ કરતાં ગહુંલીનું સમાપન થાય છે.

આ કૃતિની હસ્તપ્રત મહાવીર જૈન આરાધના કેન્દ્ર - કોબાથી પ્રાપ્ત થઈ છે.

**૭. શ્રીગોયમસ્વામિ ગહુંલી (૨)**

આ ગહુંલી પણ ગુરુ ગૌતમસ્વામિની જ છે. કડીઓ આઠ છે. વિષય એક જ હોવા છતાં પુનરુક્તિ કર્યા વગર અને રસ બરાબર

જાળવી ને નવી-નવી રચનાઓ રજૂ કરવી એ જ આ સંવેગી પૂજ્યોની અનેક વિશેષતાઓ પૈકીની એક વિશેષતા છે.

સંક્ષેપમાં પણ બાળજીવો બોધ પામીને જાય એવી ભાવનાથી આ ઉપક્રમ પ્રારંભાયો હશે.

આ કૃતિની હસ્તપ્રત પણ મહાવીર જૈન આરાધના કેન્દ્ર-કોબા તરફથી મળી છે.

**૮. શ્રીસોહમગણધર ગહુંલી (૧)**

હવે પંચમગણધર શ્રીસુધર્મા સ્વામિની ગહુંલીઓ કવિરાજ આપણી સામે રજૂ કરી રહ્યા છે. કુલ સુધર્મા સ્વામિની ચાર ગહુંલીઓ મળી છે. એમાં અહીં ૯ કડીઓ છે. હવે કડીઓનું વર્ણન કરવું જરુરી જણાતું નથી જ્યાં વિશેષ હશે ત્યાં વિચારાશે.

મુખ્યતયા શ્રાવક-શ્રાવિકાઓને ઉદ્દેશીને લખાઈ હોવાથી આ ગહુંલીઓમાં કાઠિન્ય નહીં મળે અથવા દુર્ગમ પદાર્થો અને દુર્ગમશૈલીનો પ્રયોગ નથી કરાયો એ સારુ જ છે. મુનિજીવનની આંતર છબી ખૂબ ઉજળી છે એ આવી ગહુંલી વાંચતાં અનુભવાય છે. આ કૃતિની હસ્તપ્રત એક L. D. ઇન્સ્ટિટ્યુટ ઑફ-અમદાવાદ તરફથી મળી છે. નં. ૫૭૩૭૧ અને બે હસ્તપ્રતો મહાવીર જૈન આરાધના કેન્દ્ર-કોબા તરફથી મળી છે. K-૧ અને K-૨-૪૨૯૧૫ છે.

**૯. શ્રીસોહમગણધર ગહુંલી (૨)**

અહીં છ કડીઓ દ્વારા સુધર્મા સ્વામિને સ્તવ્યા છે. અને એની સાથે સાધુતાનો-ગણધર પદનો મહિમા ગવાયો છે.

આ કૃતિની બે હસ્તપ્રતો L. D. ઇન્સ્ટિટ્યુટ ઑફ-અમદાવાદ તરફથી મળી છે. ૧ L.૧-૫૭૩૭૧ ૨ L.૨-૬૧૫૪૬

**૧૦. શ્રીસોહમગણધર ગહુંલી (૩)**

આઠ કડીઓમાં રચાયેલી આ ગહુંલી પણ શ્રીસત્યવિજય જૈન

ગ્રંથમાલા ક્ર. ૮ ની પુસ્તિકામાંથી મળી છે સંપૂર્ણ મેટર તૈયાર થઈને પ્રેસમાં પહોંચી ગયા પછી આ કૃતિ મળી છે એટલે વિશેષ સંશોધન થઈ શક્યું નથી.

રાજા કોણિક અને રાણી પદ્માવતી આ ગહુંલી લઈને આવ્યા છે પંચમ ગણધરની સાથે સાથે અણગારનું જીવન એના મહાવ્રતો - નિયમો કેવા પવિત્ર અને ઉત્કૃષ્ટ હોય તે અહિં સંક્ષેપમાં સમજાવાયું છે.

ટૂંકમાં સાધુતાએ મુખ્યવસ્તુ છે એના વગર માત્ર બાહ્યથી વેષનું પરિધાન એ ઉપકારક નથી આ વાત સમજાવવા મહાપુરુષોએ ખૂબ પ્રયત્ન કર્યો છે. અહિંયા પણ કવિરાજે એ જ પરંપરાનો આશ્રય કરી વિષય નિરુપણ કર્યું હોય એવું લાગે છે.

## ૧૧. શ્રીસોહમગણધર ગહુંલી (૪)

અહીં ૭ કડીઓ દ્વારા ગહુંલીમાં સુધર્મા સ્વામિનાં ગુણગાન ગવાયા છે. સંઘમાં આવી કૃતિઓનો સ્વાધ્યાય પણ જો વૃદ્ધિ પામે તો ઘણો લાભ થાય.મુનિગણને અને સંયમ જીવનને સ્પર્શતી ગુણાવલિઓનું સુંદર દર્શન અહીં થાય છે. દોષપરિહાર અને આચારપ્રીતિ પરત્વે માન ઉપજાવી કાઢે છે.

વિ.સં. ૧૮૯૭નાં વર્ષે કારતક-વદ-આઠમે આ કૃતિ રાજનગરમાં છગન નિમિત્તે લખાઈ છે. આવો ઉલ્લેખ કૃતિનાં અંતે જોવા મળે છે.

આ કૃતિની ત્રણેય હસ્તપ્રતો L. D. ઇન્સ્ટિટ્યુટ ઑફ-અમદાવાદ તરફથી મળી છે. L.૧-૫૭૩૭૧ L-૨-૪૧૭૭૯ અને L-૩-૪૦૧૬૯ છે.

## ૧૨. શ્રીસોહમગણધર ગહુંલી (૫)

પંચમગણપતિ શ્રી સુધર્મા સ્વામિની આ ગહુંલી ૬ કડીમાં નિબદ્ધ છે. અલગ-અલગ દષ્ટિકોણથી શ્રમણનું સ્વરુપ અને સૌંદર્ય આંતરિક સ્તરે કેવું સરસ ખીલે છે તે બતાવવાનો વિશુદ્ધ પ્રયત્ન અહીં કર્તાએ કર્યો છે.

ગુહલી ઉર્ફે ગહુંલી ગાવાનો અધિકાર નારી સંઘ ને જ મળ્યો છે તે આવી ગહુંલીઓ જોતાં સ્પષ્ટ દેખાય છે.

### ૧૩. શ્રીકલ્પસૂત્રપૂજા ગહુંલી

ગહુંલી ગાવામાં મુખ્ય-મુખ્ય જે જે સ્થાનો અને નિમિત્તો છે. તેને અનુસરીને પં. રુપવિ.મહારાજે ગહુંલીઓ બનાવવાનો પ્રયાસ કર્યો છે.

અહિંયા કલ્પસૂત્રની પૂજાની વાત બતાવી છે. તો સાથે સાથે યોગોદ્વહન કરીને સાધુ ભ. આગમનું વાંચન કરે છે. એ સામાચારીનો ઉલ્લેખ કરીને આગળ બીજી વાતો સમજાવાઈ છે.

દેવ અને ગુરુ પછી પર્વો આધારિત પણ ગહુંલીઓ રચાયેલી આપણને જોવા મળે છે. આ રીતે પં. રુપવિ.મ. રચિત અપ્રગટ જેટલી ગહુંલીઓ મળી છે. તેને પ્રકાશિત કરી છે.

• • •

# ૧. શ્રીવીરજિણંદ ગહુંલી

**।। જિણંદા તારી વાણીએ મન મોહ્યું - એ દેશી ।।**

શાસનનાયક વીરજિણંદ, મુખડુ શરદપૂનમનો ચંદ ।
દેખતા મોહ્યા સુરનર ઈંદ,
વાણી સુણતા રે વાણી સુણતા અધિક આણંદ ॥૧॥

હે સહેલી! જિનવાણીએ મન મોહ્યુ, મન મોહ્યુ હે દુઃખ ખોયુ,
હે સહેલી! જિનવાણીએ મન મોહ્યુ. ॥એ ટેક॥

ચઉ અનુયોગ નિક્ષેપે સાર, સગનય સગભંગી વિસ્તાર ।
મધુ સાકર અમૃતથી સાર,
મીઠી વાણી રે મીઠી વાણી કરે વિસ્તાર ॥હે સ૦॥૨॥

રચીયુ સમવસરણ શ્રીકાર, જોયણ માને જસ વિસ્તાર ।
રજત-કનક-મણિમય પ્રાકાર,
આવે ભાવે રે આવે ભાવે સુર-નર-નારી ॥હે સ૦॥૩॥

પર્ષદા બાર બેઠી જેહ, નિજ નિજ થાનક સોહે તેહ ।
વાણી સુણતા વાધ્યો નેહ,
કહેતા નાવે રે કહેતા નાવે કહણીએ રેહ રે ॥હે સ૦॥૪॥

આવ્યા વંતર જોઈસ ઇંદ, ભુવનપતિ વૈમાનિક વૃંદ ।
મલ્યા વિદ્યાધર સુખકંદ[1],
પૂજે[2] પ્રેમે રે પૂજે પ્રેમે દહે દુઃખ દંદ ॥હે સ૦॥૫॥

સાંભળી હરખી કુણિકનાર, સજીયા સુંદર સોલ શણગાર ।
ચંદાવયણી પહેરી હાર,
રુપે જીપે રે રુપે જીપે સુરવહુનાર ॥હે સ૦॥૬॥

1. ગુણકંદ-L-૨ ।
2. પૂજી-L-૨ ।

આવી વંદે જિનજી પાય, પૂરે સ્વસ્તિક શુચિ મન લાય ।
મુક્તાફલ પ્રભુ પાય વધાય,
જોતી જિનમુખ રે જોતી જિનમુખ હરખ ભરાય રે ॥હે સ૦॥૭॥

ગુરુ પદ **પદ્મ** વધાવે જેહ, તસ મિથ્યાતમ ન રહે રેહ ।
**રુપવિજય** કહે નિશ્ચય તેહ,
સુરસુખ વિલસી રે સુરસુખ વિલસી લહે શિવગેહ ॥હે સ૦॥૮॥

**॥ ઇતિ શ્રીગહુલી સંપૂર્ણ ॥**

## ૨. શ્રીવીરજિણંદ ગહુંલી

**।। સુણો ચંદાજીની દેશી ।।**

સખી વીરજિણંદ આમલકલપા ઉદ્યાનમાં આવી સમોસર્યા ।।એ ટેક।।
દેવદુંદુભિ ગગને ગાજે છે, વળી વૃક્ષ અશોક તે છાજે છે,
ચૈત્યતરુ તસ શિર પર રાજે છે. ।।સ૦।।૧।।

પંચવરણી કુસુમ વરસાવે છે, જલ થલના ઉપના લાવે છે,
જાનુ પ્રમાણે બિછાવે છે ।।સ૦।।૨।।

મણી રયણ સિંહાસન સોહે છે, દિવ્યવાણીએ જનમન મોહે છે,
ભવિ જીવને પ્રભુ પડિબોહે છે ।।સ૦।।૩।।

તનુ કાંતિ ભામંડલ દીપે છે, રવિ દ્વાદશ તેજે જીપે છે,
સુર કોટિ જાસ સમીપે છે ।।સ૦।।૪।।

જસ શિર ત્રિક છત્ર ધરાવે છે, ચંચલ ચામર વીંઝાવે છે,
સુર કિન્નર જસ ગુણ ગાવે છે ।।સ૦।।૫।।

તિંહા પર્ષદા બાર ભરાણી છે, જિનવાણી સુણી હરખાણી છે,
નિજ આતમ શુચિ રુચિ જાણી છે ।।સ૦।।૬।।

હરખી સખી વયણ સુણી કાને, જઈ વાંદ્યા જિન ઘણુ બહુમાને,
રાણી ધારિણી જનમ સફલ માને ।।સ૦।।૭।।

મુક્તાફલ સાથિયો[3] પૂરે છે, દુર્ગતિના દુખડા ચૂરે છે,
પ્રભુ ભગતિ રસથી સનૂરે છે ।।સ૦।।૮।।

પ્રભુના પદ **પદ્મ** વધાવે છે, સુરવધુ નરવધુ ગુણ ગાવે છે,
કવિ **રુપને** ચિત્ત સુહાવે છે ।।સ૦।।૯।।

**।। ઇતિ ગહુંલી ।।**

3. સ્વસ્તિક R ।

# ૩. શ્રીવીરજિણંદ ગહુંલી

**।। આવો મુજ મનમંદિરે - એ દેશી ।।**

એક દિન આવી સમોસર્યા, વિચરંતા વીર જિણંદ ॥હો મુણિંદ॥
નયરી અપાપા ઉદ્યાનમાં, સાથે દેવદેવીના વૃંદ ॥હો મુણિંદ॥૧॥
જયો જયો જગગુરુ જગધણી ॥એ ટેક॥

સમવસરણ મધ્ય આસને, બેસી પ્રભુ ધર્મ કહંત ॥હો મુણિંદ॥
ઇંદ્રભૂતિ પમુહા તિહાં, ગણધર થાપે ગુણવંત ॥હો મુણિંદ॥જ૦॥૨॥

માધવ સુદિ એકાદસી, પહેલે યામે જગદીપ(શ) ॥હો મુણિંદ॥
ત્રિપદી અરથ પ્રકાશીયો, જગભાવ દયા કરી ઈશ ॥હો મુણિંદ॥જ૦॥૩॥

તેહ અર્થ ગણધર ગ્રહી, અંગ બારની રચના કીધ ॥હો મુણિંદ॥
સામાયિક ધૂર સંગ્રહી, બિંદુસાર તે અંતે દીધ ॥હો મુણિંદ॥જ૦॥૪॥

ભાવભંગ પંચનાણની, રચનાને ગણધરવાદ ॥હો મુણિંદ॥
સગ નયવાદ સોહામણો, નિહ્નવચર્ચા અભિવાદ ॥હો મુણિંદ॥જ૦॥૫॥

ધ્યાનશતક જોગ સંગ્રહી, ષટ્આવશ્યકના ભાવ ॥હો મુણિંદ॥
ચાર નિક્ષેપે ચુંપશ્યું, સ્યાદ્વાદપણે શુભવાદ ॥હો મુણિંદ॥જ૦॥૬॥

ગુણ પર્યાય અને દ્રવ્યથી, કરી તીર્થ અનુજ્ઞા નાથ ॥હો મુણિંદ॥
વાસ ઠવે સિર ઉપરે, ભરી મુષ્ટિ જમણે હાથ ॥હો મુણિંદ॥જ૦॥૭॥

પ્રથમ વાયણ સમે ગહુંલી, કરે ઇંદ્રાણી ધરી રંગ ॥હો મુણિંદ॥
નરપતિ ગૃહપતિ ગેહિની, મન ધરતી અધિક ઉમંગ ॥હો મુણિંદ॥જ૦॥૮॥

પ્રભુ પદ **પદ્મ** વધાવતી, લેઈ કનક રજતના ફૂલ ॥હો મુણિંદ॥
શુદ્ધ સ્વ**રુપ**ને ધ્યાવતી, ગાઈ મંગલ ગીત અમૂલ ॥હો મુણિંદ॥જ૦॥૯॥

**।। ઇતિ ગહુંલી ।।**

## ૪. શ્રીવીરજિણંદ ગહુંલી

**।। સુણો ચંદાજીની દેશી ।।**

સખી વીર જિણંદ, પાવાપુરી ઉદ્યાનમાં આવી સમોસર્યા.
નવ કનક કમલ પગલા ધરતા, વલી ચોત્રીસ અતિશય અનુસરતા;
સવિ જીવ ઉપર કરૂણા કરતા ॥સખી વીર૦॥૧॥

મણિ કનક રજત વપ્રે ભારી, કરી સમવસરણ શોભા સારી;
મલ્યા સુર નરપતિ સેવા કારી ॥સખી વીર૦॥૨॥

દેવ વાજિંત્ર ગગને ગાજે છે, સુણી કુમતિ કદાગ્રહી લાજે છે;
પ્રભુની ઠકુરાઈ છાજે છે ॥સખી વીર૦॥૩॥

ઈંદ્રભૂતિ પમુહા આવે છે; સર્વજ્ઞનું બિરૂદ ધરાવે છે;
જિન વીરસું વાદ મચાવે છે ॥સખી વીર૦॥૪॥

સુણી વેદ અરથ મદ ગલીયા છે, જીવાદિક સંશય ટલીયા છે;
જિન ચરણે મનડા મલીયા છે ॥સખી વીર૦॥૫॥

દીક્ષા પ્રભુ હાથે લીધી છે, ત્રિપદી જિનરાજે દીધી છે;
અંગ બારની રચના કીધી છે ॥સખી વીર૦॥૬॥

હરિ ચૂરણ વાસ કરી રંગે, ભરી થાલ રહ્યો જિનને સંગે;
પ્રભુ ગણધર શિર ઠવે ઉછરંગે ॥સખી વીર૦॥૭॥

સુર નરનારી મંગલ જાણી, કરે ગહુંલી ભાવ ભગતે આણી;
જિનરાજ વધાવે ગુણ ખાણી ॥સખી વીર૦॥૮॥

શ્રી પ્રભુપદ **પદ્મ** નમી ભાવે, દિલમેં આગમ વાણી ધ્યાવે;
નિત **રુપવિજય** સંપત્તિ પાવે ॥સખી વીર૦॥૯॥

**।। ઈતિ ગહુંલી ।।**

# ૫. શ્રીવીરજિણંદ ગહુંલી

**।। ધન ધન જિન વાણી એ દેશી ।।**

વીતભય પટ્ટણ વીર જિણંદા,
ભવિજન કૈરવ ચંદારે;
॥મ્હારી સઈરે સમાણી॥

આયા મુનિવર વૃંદ સુહાયા,
નવ કનક કમલ ઠવે પાયા રે. ॥મ્હારી સ૦॥ ૧॥

ત્રણ ગઢ શોભિત ઝાકઝમાલા,
દેવ દુંદુભી વાજે રસાલા રે; ॥મ્હારી સ૦॥
વૃક્ષ અશોક તિહાં સોહાવે,
સુર કુસુમ વૃષ્ટિ સોહાવે રે. ॥મ્હારી સ૦॥ ૨॥

સિંહાસન બેઠા જિન ભાણ,
સુર ચામર વીંઝે સુજાણ રે. ॥મ્હારી સ૦॥
ત્રણ છત્ર શિર ઉપર રાજે,
પ્રભુ દિવ્ય ધ્વનિએ ગાજે રે. ॥મ્હારી સ૦॥ ૩॥

ખંધ દેશે ભામંડલ સોહે,
ખેચર ભૂચર મન મોહે રે. ॥મ્હારી સ૦॥
આવે સુરાસુર કોડાકોડી,
ભગતી થકી કર જોડી રે. ॥મ્હારી સ૦॥ ૪॥

ધન્ય દિવસ વેલા ઘડી આજ,
પાઉ ધાર્યાં શ્રી જિનરાજ રે. ॥મ્હારી સ૦॥
કંચન ધારે વરસિલો મેહ,
સુરતરૂ ફલીયો અમ ગેહ રે. ॥મ્હારી સ૦॥ ૫॥

કામગવી અમ આંગણે ઠાઈ,
પ્રભુ વીરની આઈ વધાઈ રે. ॥મ્હારી સ૦॥
દેઈ વધામણી વંદન આવે,
ચતુરંગી સેના સોહવે રે. ॥મ્હારી સ૦॥ ૬॥

રાય ઉદાઈ જિન પ્રણમંતો,
સુણે દેશના હરખ ધરંતો રે. ॥મ્હારી સ૦॥
સંવર જોગે શુભમતિ જાગી;
લીએ સંયમ નૃપ વડભાગી રે. ॥મ્હારી સ૦॥૭॥

પ્રભાવતી રાણી ગુણખાણી,
કરે ગુંહલી હરખ ભરાણી રે. ॥મ્હારી સ૦॥
મુગતાફલે પ્રભુ પાય વધાવે,
સોહામણી મંગલ ગાવે રે. ॥મ્હારી સ૦॥૮॥

રાય ઉદાયી શિવ સુખ પાયા,
સાદિ આનંત સ્થિતિ ઠાયા રે. ॥મ્હારી સ૦॥
તસ પદ **પદ્મવિજય** સુખ દાઈ,
નિત નમતાં **રુપ** સવાઈ રે. ॥મ્હારી સ૦॥૯॥

॥ ઇતિ ગહુંલી ॥

## ૬. શ્રીગોયમસ્વામિ ગહુંલી

**।। સખી સુણ કહીયે રે માહરો જિનજી મોહનવેલી હિયડે વહિયે રે - એ દેશી ।।**

ચઉનાણી ગુણખાણી ગણધર, રમતા સમતા સંગે રે ।
ગામ નગર પુર પાવન કરતા, વિચરે અધિક ઉમંગે ।।૧।।
ગુરુ ગુણ ભરીયા રે, એ તો ગણધર ગોયમ નામ, આગમ દરિયા રે ।

પણ શત પંચ મહાવ્રત ધોરી, મુનિવર સંગ સુહાવે રે ।
શમદમ શૂરા કિરિયા પૂરા, પચવીસ ભાવના ભાવે રે ।।ગુ૦।।૨।।

પ્રભુ આણા પામી શિવગામી, ગુણશીલ વનમે આયા રે ।
શ્રેણિક રાય સુણી પ્રભુવંદન, આવે હરખ ભરાયા રે ।।ગુ૦।।૩।।

ચેલણા ચતુરા ચંપકવરણી, મણહરણી શશિવયણી રે ।
ગહુંલી કરે ગુરુ આગળ રંગે, સુંદર સારંગનયણી રે ।।ગુ૦।।૪।।

ગુરુ પદ **પદ્મ** વધાવે ભાવે, રામા રંગે ગાવે રે ।
તવ આગમવાણી ગુણખાણી, સદ્‌ગુરુ સાદ સુણાવે રેં ।।ગુ૦।।૫।।

સગ ભયહર સગનય સગભંગી, ષટ્‌દ્રવ્યા મે સમજાવે રે ।
ચિદાનંદઘન સંપદ જેહથી, ચેતન નિજ ગુણ પાવે રે ।।ગુ૦।।૬।।

ગુરુ ગુણગણ મનમાંહે ધરતી, કરતી અણુવ્રત કરણી રે ।
**રુપવિજય** કહે રંગે પોહતી, નિજ ઘર શ્રેણિક ઘરણી રે ।।ગુ૦।।૭।।

**।। ઇતિ ગહુંલી સંપૂર્ણા ।।**

# ૭. શ્રીગોયમસ્વામિ ગહુંલી

**।। સખિ! નેમ ઘૂઘરી તારી ઘમ-ઘમ વાજે - એ દેશી ।।**

ચઉનાણી ગુણખાણી, ગણધર ગુણભંડાર ।
સખી રે આવીયા ગુરુ ગોયમસ્વામી ।
ચઉદસહસ મુનિવરનો મોભી, રિદ્ધિ સિદ્ધિ દાતાર ॥સ૦॥ ૧ ॥

લબ્ધિવંત મહંત સોભાગી, શાસનરા શિણગાર ॥સ૦॥
દ્વાદશ અંગ રયણ રોહણગિરિ, પંચસયા પરિવાર ॥સ૦॥ ૨ ॥

ગામ નગર પુર પાવન કરતા, ધરતા શુદ્ધ આચાર ॥સ૦॥
ષડવ્રતધારી છકાયના પીહર, અપડિબદ્ધ વિહાર ॥સ૦॥ ૩ ॥

જ્ઞાન ધ્યાન તપ કિરિયા ધોરી, તોરી મોહની જાલ ॥સ૦॥
અઢાર સહસ શીલાંગના ધોરી, સંવર પંચ રસાલ ॥સ૦॥ ૪ ॥

ગુણશીલ વનમે ગુણનિધિ આયા, કનક કમલ પરે ઠાયા ॥સ૦॥
ગોતમ ગોભર સાંભલી ગોપતિ, પરમાણંદ પદ પાયા ॥સ૦॥ ૫ ॥

આગમભાખી તત્ત્વપ્રકાશી, ગુણરાશિ ગચ્છરાજ ॥સ૦॥
નમનાભિગમ વંદન કરતા, સીઝૈ સઘલા કાજ ॥સ૦॥ ૬ ॥

ગુણગણખાણિ શ્રેણિકરાણી, ચેલણા હરખ ભરાણી ॥સ૦॥
સ્ફાર સિંગાર રચી શચી સરખી, સમકિત શીયલ સોહાણી ॥સ૦॥ ૭ ॥

ચઉગતિ ચૂરક સાથિઓ પૂરી, ગુરુપદ **પદ્મ** વધાવે ॥સ૦॥
અનુત્તર **રુપવિજય** ગુરુ ગોયમ, સઈયર મલી ગુણ ગાવે ॥સ૦॥ ૮ ॥

**।। ઇતિ ગહુંલી સંપૂર્ણમ્ ।।**

## ૮. શ્રીસોહમગણધર ગહુંલી

**।। આવો હરી લાસરીયાવાલા - એ દેશી ।।**

મુનિસર સમતા રસ સંગી, વસે શુભજોગે ગુણરંગી,
મતિ જસ વરતે સગ ભંગી ॥મુનિસર૦॥ ૧ ॥

સદા જે શિવરમણી રસિયા, અધ્યાત્મજોગ લહે ધસિયા,
ચિદાનંદ સુખમાંહિં વસિયા ॥મુનિસર૦॥ ૨ ॥

તજે નિત પંચાશ્રવ દૂરે, પડે નહી ઇંદ્રીય રસ પૂરે,
મુનિવર કરમરિપુ ચૂરે ॥મુનિસર૦॥ ૩ ॥

વહે સિર જિનવરની આણ, તજે નવ નિયાણા ઠાણ,
સદા જે સગ નયના જાણ ॥મુનિસર૦॥ ૪ ॥

ભલી અડવીસ લબ્ધિના ધારી, આયા પ્રભુવીરના પટધારી,
ગણાધિપ સોહમ સુખકારી[4] ॥મુનિસર૦॥ ૫ ॥

સોહે મુનિ પંચસયા સંગે, કહે જિનવાણી ઉછરંગે,
લહે રસ પરષદ ઉમંગે ॥મુનિસર૦॥ ૬ ॥

નરાધિપ શ્રેણિકની નારી, સજી નવ શત શોભા સારી,
રહી ગુરુ સન્મુખ મનોહારી ॥મુનિસર૦॥ ૭ ॥

કરે તવ ગહુંલી મનરંગે, મલી સહુ સૈયરને સંગે,
નમે ગુરુ પદયુગલ[5] ઉછરંગે ॥મુનિસર૦॥ ૮ ॥

કરી શુચિ સમકિતની કરણી, મિથ્યાતમ દૂરકરણ તરણિ,
વિધિએ **રુપવિજય** વરણી ॥મુનિસર૦॥ ૯ ॥

**।। ઇતિ શ્રીગહુંલી સંપૂર્ણ ।।**

**।। લિ. મુનિ ગુલાબવિજય ગણિ, શ્રી વિજાપુરે, શ્રી સંવત્ ૧૮૮૫ના વર્ષે ।।**

4. ગણધારી-K-૨ ।
5. પદયુગ-K-૨ ।

## ૯. શ્રીસોહમગણધર ગહુંલી

।। દેશી-બીંદલીની ।।

સોહમસ્વામી ગુણ ભરીયા, ચઉનાણી ચારિત્ર દરિયા હો ।।ગણધર ગુણવંતા।।
ષટ્જીવની જયણા કરતા, સંગ સમતા સુધ્ધી (શુદ્ધિ) ધરતા હો ।।ગ૦।।૧।।

અડ પવયણ જનની પાળે, નિજ સંગથી અડમદ ટાલે હો ।।ગ૦।।
દુહશય્યા ચારના ત્યાગી, શિવરમણી સંગના રાગી હો ।।ગ૦।।૨।।

જે પંચ ક્રિયાને તજતા, સંવર સમિતિ વ્રત ભજતા ।।ગ૦।।
ષટ્ભાષા અશુદ્ધ ન ભાખે, જિન મારગ શુદ્ધો દાખે હો ।।ગ૦।।૩।।

અટ્ઠાવીસ લબ્ધિના ધારી, પરિષહની ફોજ નિવારી હો ।।ગ૦।।
નરપતિ ગૃહપતિની નારી, નિજ આત્મભાવ સંભારી હો ।।ગ૦।।૪।।

જિનવરની આણા પામી, જગ વિહરે નિજ ગુણ રામી હો ।।ગ૦।।
દ્રવ્ય-ભાવથી ગહુંલી બનાવે, ગુરુના પદ **પદ્મ** વધાવે હો ।।ગ૦।।૫।।

નિજ આત્મરાયને તારે, જડ પુદ્ગલ સંગતિ વારે હો ।।ગ૦।।
ચિદાનંદ સરુપને ધ્યાવે, **રુપવિજય** મહાપદ પાવે હો ।।ગ૦।।૬।।

।। ઇતિ ગહુંલી ।।

# ૧૦. શ્રીસોહમગણધર ગહુંલી

શાસનપતિ પ્રભુ વીરના, સુખકારક સોહમ નામ રે ॥સઈયરો॥
ચઉનાણી ચારિત્રીયા, પાઉ ધાર્યા ગુણગણ ધામ રે ॥સઇયરો॥
ચાલો ને ગણધર વાંદવા ॥૧॥

ષટ વ્રત ધારી છ કાયની, કરે જયણા ત્રિવિધ પ્રકાર રે ॥સ૦॥
દશવિધ ધરમ ધુરાધરા, ભલા મુનિવરા જસ પરિવાર રે
॥સ૦॥ ચા૦॥ ૨॥

નામ ગોત્ર સવણ સુણ્યા, જાએ જનમ જનમના પાપ રે ॥સ૦॥
નમનાભિગમન વંદના, કરતાં મીટે ભવ સંતાપ રે ॥સ૦॥ ચા૦॥ ૩॥

ભૂ જલ જલણ અનિલ તરૂ, સાધારણ પંચ વિચાર રે ॥સ૦॥
સૂક્ષ્મ બાદર ભેદથી, પત્તેય વણસ્સઇ સાર રે ॥સ૦॥ ચા૦॥ ૪॥

વિગલિંદી સન્નિ અસન્નિઆ, અપજત્ત પજ્જત્ત વિચાર રે ॥સ૦॥
જીવ ભેદ બતરીસની, દયા પાલે શ્રી અણગાર રે ॥સ૦॥ ચા૦॥ ૫॥

ગુણશીલ વનમેં સમોસર્યા, દેશના જલધર વરસાવે રે ॥સ૦॥
પાપ સંતાપ અનાદિના, ભવી જીવના દૂર ગમાવે રે ॥સ૦॥ ચા૦॥ ૬॥

કોણીક નરપતિ ગેહિની, કરી સુંદર સોલે ઠાઠ રે ॥સ૦॥
ગણધર પગલા આગલે, રચે રંગે મંગલ આઠ રે ॥સ૦॥ ચા૦॥ ૭॥

ગુરૂ પદ **પદ્મ** વધાવતી, ગાએ સોહવ ગીત રસાલ રે ॥સ૦॥
**રુપવિજય** પદ સંપદા, નિત પામે મંગ માલ રે ॥સ૦॥ ચા૦॥ ૮॥

॥ ઇતિ ગહુંલી ॥

# ૧૧. શ્રીસોહમગણધર ગહુંલી

॥ ગુણવંતાજીની દેશી ॥

ચાલો હે સહેલી વાંદવા ॥ ગણધારી રે ॥,
સુગુરુજી સોહમ સુખકર નામ ॥ વાણી ઘણી પ્યારી રે ॥
આત્મસ્વરુપે રમે સદા ॥ગ૦॥ સમતા રસનો ધામ ॥વા૦॥૧॥

તપ દ્વાદશ ભેદે તપે ॥ગ૦॥ ભાવના ભાવે બાર ॥વા૦॥
પડિમા બારમાં ઉદ્યમી ॥ગ૦॥ વહે પંચ મહાવ્રત ભાર ॥વા૦॥૨॥

સોલ વયણને જાણતા ॥ગ૦॥ વરજે વિરાધના તીન ॥વા૦॥
સત્તરભેદ સંજમ ધરે ॥ગ૦॥ ધ્યાન રસે લયલીન ॥વા૦॥૩॥

ઇંદ્રીય વિષય પ્રમાદને ॥ગ૦॥ આશ્રવ નિદ્રા પંચ ॥વા૦॥
પંચ કુભાવના[6] છાંડતા ॥ગ૦॥ ષડ્વિધ જતના સંચ ॥વા૦॥૪॥

ગુણશીલ વનમે સમોસર્યા ॥ગ૦॥ પંચસયા પરિવાર ॥વા૦॥
પટોધર વીર જિણંદના ॥ગ૦॥ કરતા ઉગ્ર વિહાર ॥વા૦॥૫॥

શ્રેણિક પ્રમુખ વંદન કરી ॥ગ૦॥ સુણે દેશના એકચિત્ત ॥વા૦॥
ગહુંલી કરે રાણી ચેલણા ॥ગ૦॥ મંગલ ભાવ નિમિત્ત ॥વા૦॥૬॥

પાંચમી ગતિ પ્રાપક તણી[7]॥ગ૦॥ ઠવણા માનુ એહ ॥વા૦॥
ગુરુ પદ **પદ્મ** વધાવતી ॥ગ૦॥ શુદ્ધ **રુપ** ધરી નેહ ॥વા૦॥૭॥

॥ ઇતિ ગહુલી ॥

॥ સંવત્ ૧૮૯૭ના વર્ષે કાર્તિક માસે કૃષ્ણ પક્ષે
અષ્ટમીદિને રાજનગર મધ્યે છગન નિમિત્તે ॥

---

6. કુવાસનાં-L-૨ । પચવીસ ભાવના ભાવતા-L-૩ ।
7. સાધના ભણી-L-૨ ।

## ૧૨. શ્રીસોહમગણધર ગહુંલી

**|| ઉભી ભાવલ દેરાણી અરજ કરે છે, અબકો ચોમાસું ઘર રહીઇં હો,**
**બુંદીગઢરા હો હાડા સાહિબ ચલણ ન દેસ્યાં - એ દેશી ||**

વીર પટાંબર દિનમણિ સરિખા, ગણધર સોહમ નામે હો
ગુણગણના હો દરિયા, ચારિત્ર રયણના ભરિયા,
સમતારસનેં અનુસરીયાં સજની ગણધર વંદો ॥ એ આંકણી ॥

અતિસયવંત મહંત સોભાગી, જસ મતી ભૂલી ન ભામે હો ॥ગુણગણ૰ ॥૧॥

પ્રવચનદીપક સંવર ભાવેં, ભાવના બાર તે ભાવે હો ॥ગુણ૰॥
કરુણાવંત મહાવ્રત ધોરી, શુદ્ધ સ્વરુપનેં ધ્યાવેં હો ॥ ગુણગણ૰ ॥૨॥

પંચાચારના પાલક રુડા, સમિતિ ગુપ્તિનેં ધરતા હો ॥ગુણ૰॥
કામ ક્રોધ મદ મચ્છર વર્જિત, પરિસહથી નવિ ડરતા હો ॥ગુણગણ૰॥૩॥

તજી મમતા સમતાસ્યૂ રે મોહ્યા, ષટ્કાયના રખવાલા હો ॥ગુણ૰॥
જ્ઞાન-ક્રિયાનયનેં નિત જોતા, શિવપુર ચલેં ઉજમાલા હો ॥ ગુણગણ૰॥૪॥

પંચસયા મુનિવર પરિવારેં, મનમોહન ગુરુ આયા હો ॥ગુણ૰॥
ગુહલી કરે રાણી ચેલણા રંગે, સૈયર મલી ગુણ ગાયા હો ॥ગુણગણ૰॥૫॥

શ્રી ગુરુના પદ **પદ્મ** વધાવે, શુચિ મુગતાફલ સંગે હો ॥ગુણ૰॥
**રુપવિજય** કહે સમકિતવંતી, ઇમ ગુંહલી કરે રંગે હો ॥ગુણગણ૰॥૬॥

**||ઇતિ શ્રી ગુહલી સંપૂર્ણમ્||શ્રીરસ્તુ||શ્રી||**

# ૧૩. શ્રીકલ્પસૂત્રપૂજા ગહુંલી

**॥ ત્રીજે વધાવે રે સજની ચૈતર સુદિ તેરસની રજની-એ દેશી ॥**

આગમરસના રે દરિયા, વંદો સદ્ગુરુ ગુણગણ ભરીયા ॥ આ૦ ॥

જોગ ક્રિયા કરી રંગે, શીખ્યા શ્રુત ગુરુ પાસે ઉમંગે ।
તે સદ્ગુરુને પાસે, સુણીએ આગમ અધિક ઉલ્લાસે ॥આ૦॥ ૧ ॥

તિકરણ જોગ સમારી, પૂજો કલ્પસૂત્ર નરનારી ।
નિદ્રા વિકથા રે છંડી, એકવીસ વાર કલ્પ સુણે મંડી ॥આ૦॥ ૨ ॥

તે ભવસાયર તરસ્યે, નવયૌવન શિવસુંદરી વરસ્યે ।
ગુરુ મુખે તત્ત્વ મુણીજે, નવે વખાણ અખંડ સુણીજે ॥આ૦॥ ૩ ॥

નવસે ત્રાણુઆ વરસે, કાલિકસૂરે અધિકે હરષે ।
ધ્રુવસેન રાયને રાણી, હરખ હેતુ કહી કલ્પની વાણી ॥આ૦॥ ૪ ॥

એ શ્રુતપૂજા રે રાગે, જિમ ઘટમાંહિ સમકિત જાગે ।
ગુરુ પદ **પદ્મ** વધાવે, શુદ્ધ ચિદાનંદ **રુપ** તે પાવે ॥આ૦॥ ૫ ॥

**॥ ઇતિ ગહુલી ॥**



## ૫. પં. શ્રીઅમીવિજયજી મ. કૃત ગહુંલીઓ

પં. શ્રીરુપવિજયજી મ.નાં શિષ્યરત્ન પં. શ્રીઅમીવિજયજી મ.ની આ અપ્રગટ બે ગહુંલીઓ અહીં રજૂ કરવામાં આવે છે.

### ૧. શ્રી પર્વપજુષણ ગહુંલી

આઠ કડીની આ ગહુંલીમાં પર્વાધિરાજ શ્રીપર્યુષણા મહાપર્વનો સુંદર મહિમા વર્ણવ્યો છે. દ્રવ્યથી અને ભાવથી બન્ને'ય રીતે પર્વારાધન નિર્દિષ્ટ છે. ભદ્રબાહુસ્વામિ રચિત કલ્પસૂત્ર માટે પણ ઉચિત વિધિ બતાવી છે. ટૂંકમાં પર્વાધિરાજની આરાધના કેવી રીતે કરવી તે સરસ દર્શાવાયું છે. આ કૃતિની હસ્તપ્રતો પં. શ્રીરુપવિજયજી મહારાજ ડહેલાનો જૈન ઉપાશ્રય જ્ઞાનભંડાર, દોશીવાડાની પોળ - અમદાવાદ તરફથી મળી છે. D. ડા. નં. ૧૬૬ પ્રત નં. ૮૪૪૪ અને L. D. ઈન્સ્ટીટ્યૂટ ઑફ અમદાવાદ તરફથી મળી છે. L.N.૫૩૪૪૬ છે.

### ૨. શ્રી સંવચ્છરી ગહુંલી

આ પણ ગહુંલી આઠ કડીની જ છે. સાત કડીઓમાં કલ્પસૂત્ર-બારસાસૂત્રનો મહિમા વર્ણવાયો છે એની સાથે આ પવિત્ર ગ્રંથાધિરાજની પૂજા કેવી રીતે કરવી તે બતાવાયું છે તેમાં નિર્દિષ્ટ કર્તવ્યો પણ સમ્યગતયા સ્પષ્ટ કર્યા છે. અને અંતમાં પોતાની ગુરુપરંપરાનો સમુચિત ઉલ્લેખ કરી કર્તાએ કૃતિનું સમાપન કર્યુ છે. પં. જિન-ઉત્તમ-પદ્મ-રુપવિજયજીનાં શિષ્ય પં. શ્રીઅમીવિજયજી મ.ની આ કૃતિની હસ્તપ્રત શ્રી મહાવીર જૈન આરાધનાકેન્દ્ર-કોબા તરફથી મળી છે.

• • •

# ૧. શ્રીપર્વપજુષણ ગહુંલી

સખી પર્વ પર્યુષણ આવીયા, કરો ધર્મ સજાઈ સારી રે ।
સમકિત સંવર કરણી કરો, પંચ આશ્રવ ટાલો ભારી રે ॥સ૦॥૧॥

આવી અટ્ઠાઈ મન રુલી, સુણો બેની ચિત્ત લાઈ રે ।
જીવ જતના રાખો એકમના, મનુજ જનમ ફલ[1] પાઈ રે ॥સ૦॥૨॥

અમારી પડહો વજડાવીએ, લક્ષ્મીનો લાહો લીજે રે ।
કીજે સ્નાત્રપૂજા શુભ[2]ભાવસ્યું, યાચકને દાન ભલું દીજે રે ॥સ૦॥૩॥

માસ પાસ ચત્તારી અટ્ઠાઈ[3], વલી દસ દોય તપસ્યા કીજે રે ।
મૈત્ર્યાદિક ભાવના ભાવીએ, ઇમ શ્રીપર્વનું ફલ તે લીજે રે ॥સ૦॥૪॥

અટ્ઠાઈ મહોચ્છવ કીજીએ, જિમ નંદીસરે કરે દેવ રે ।
છટ્ઠ અટ્ઠમ વિધિ યોગે કરી, સુવિહિત ગુરુની કીજે સેવ રે ॥સ૦॥૫॥

પુણ્યનું પોષણ પર્યુષણા, આવ્યા ઈમ જાણો બેની રે ।
કલ્પસૂત્ર પધરાવો નિજ ઘરે, બીજી વાત મ ભાખો કેની રે ॥સ૦॥૬॥

ભદ્રબાહુસ્વામીએ ભાખીયા, સૂત્ર સુણીએ[4] ધરી બહુમાન રે ।
સ્વામીવચ્છલ પ્રભાવના, એ કરણી મોક્ષસોપાન રે ॥સ૦॥૭॥

ઇણવિધ સુપર્વ આરાધીએ, **ચિદ્રુપ**પણાને કામે રે ।
**અમીયવિજય** પદ પામીને, શાશ્વત કલ્યાણને પામે રે ॥ સ૦ ॥ ૮ ॥

**॥ ઇતિ ગુંહલી સંપૂર્ણ ॥**

1. સફલ L । 3. ફલ ।
2. શુચિ D । 4. સૂત્રસ્યું L ।

## ૨. શ્રીસંવચ્છરી ગહુંલી

**।। આવો હરી લાસરીયાવાલા - એ દેશી ।।**

કલ્પસૂત્ર પૂજો ઉછરંગે, સંવચ્છરી દિન મનરંગે ॥ કલ્પ૦ ॥ એ આંકણી ॥

ઉચ્છવ કીજે શુચિભાવે, સંવરયોગમાં ચિત્ત લાવે ।
ગોરી દંભરહિત ગાવે, એ તો મોક્ષતણા ફલ નિત પાવે ॥ કલ્પ૦ ॥ ૧ ॥

પૂજો તુમે રુપાનું નાણું, ફરી નહી આવે એહ ટાણું ।
લાહો લીએ લખમીનો વારુ, ભવાર્ણવનો થાય તારુ ॥ કલ્પ૦ ॥ ૨ ॥

નવમાં પૂર્વ તણી વાણી, ભદ્રબાહુસ્વામીએ આણી ।
પંચમ આરામાં એહવા, જગમાં નહિ છે તેહવા ॥ કલ્પ૦ ॥ ૩ ॥

સંયમમારગ અનુસરીયા, યોગ તણી કિરીયા વહિયા ।
કલ્પસૂત્ર સાંભલો તે પાસે, શાશ્વત સુખ તે પાસે ॥ કલ્પ૦ ॥ ૪ ॥


સહસ્ર જીભા મુખે લાવો, રદયે કેવલ શુભ પાવો ।
તોઈ એહ સૂત્ર તણા ગુણ, મુખે કેવા થાઈ કોણ ॥ કલ્પ૦ ॥ ૫ ॥

અટ્ઠમ તપ કીજે સાર, ચૈત્યપ્રવાડીમાં પ્યાર ।
સમગ્ર સાધુવંદન કીજે, સાધર્મિક ખામણા લીજે ॥ કલ્પ૦ ॥ ૬ ॥

બારસે સૂત્ર સામાચારી, સાંભલે જે ભવી નરનારી ।
ઉત્કૃષ્ટ જોગે તે પ્રાણી, વરે સિદ્ધિ ગોરી પટરાણી ॥ કલ્પ૦ ॥ ૭ ॥

**જિમ ઉત્તમ** ગુણના દરિયા, પાદ **પદ્મ** નિત અનુસરીયા ।
ચિદ્‌ઘન **રુપ** શુચિ વસીયા, કહે **અમીયવિજય** થાઉં રસીયા ॥ કલ્પ૦ ॥ ૮ ॥

**।। ઈતિ શ્રીસંવચ્છરી ભાસ સંપૂર્ણમ્ ।।**



## ૬. મું. શ્રીકુંવરવિજયજી મ. કૃત ગહુંલીઓ

પં. શ્રીરુપવિજયજી મ.નાં પટ્ટશિષ્ય પં. શ્રીઅમીવિજયજી મ. તેઓનાં પટ્ટશિષ્ય પં. શ્રીસૌભાગ્યવિજયજી મ. તેઓશ્રીનાં ગુરુભાઈ એટલે મુનિરાજ શ્રીકુંવરવિજયજી મ.

સંવેગી પરંપરાનાં પૂજ્યોની રચનાઓ ને શોધતાં પૂ. કુંવરવિજયજી મ.ની રચનાઓ-ગહુંલીઓ પણ મળી આવી તેઓ પણ સંવેગી મહાપુરુષ પં. શ્રીઅમીવિજયજીનાં જ શિષ્ય હોવાથી તેઓની ગહુંલીઓ પણ અહીં પ્રકાશિત કરવામાં આવી છે. કુલ સાત ગહુલીઓ છે એમાં પ્રથમની બે ગહુંલીઓ પ્રભુવીરને ઉદ્દેશીને લખાઈ છે. અને બાકીની પાંચ ગહુંલીઓમાં ગુરુતત્ત્વ અને જિનવાણીનાં મહિમાને વર્ણવાયો છે.

### ૧. શ્રીવીરજિણંદ ગહુંલી (૧)

આઠ કડીની આ ગહુંલીમાં પ્રભુવીરનો મહિમા, મુખ્ય ગણધરદ્વયનાં નામનો ઉલ્લેખ, કુલ સાધુઓની સંખ્યા, સૈન્ય સકલ પરિવાર સહિત શ્રેણિકરાજાનું પ્રભુવીરને વંદનાર્થે આગમન, અનુભવરસમયી દેશનાનું શ્રવણ, સોળ શૃંગાર સજી-કુંકુમનો થાળ હાથમાં ધરી-સખી પરિવારે પરિવરિ રાણી ચેલણાનું ગહુંલી કરણ, રાણીનું એકચિત્તે દેશના શ્રવણ, સાધ્ય એક અને સાધનમાં અનેક ભેદ ઇત્યાદિ વાતોને સંક્ષેપમાં રજૂ કરી કર્તાએ કૃતિનું સમાપન કર્યુ છે.

આ ગહુંલીની હસ્તપ્રત શ્રીહેમચન્દ્રાચાર્ય જ્ઞા.મં. - પાટણ તરફથી મળી છે. પ્રતનં. P-૨૪૮૧૩ અને મહાવીર જૈન આરાધના કેન્દ્ર-કોબા તરફથી પણ મળી છે એ પ્રત નો નં. AKGM-૨૨૪૬૮ છે.

## ૨. શ્રીવીરજિણંદ ગહુંલી (૨)

૬ કડીની આ ગહુંલી ગાવામાં પણ ગમી જાય એવી છે. પ્રથમ બે કડીમાં જિનવાણીનું મહિમાગાન છે. ત્યારપછી જેમ પૂર્વની ગહુંલીમાં શ્રેણિક અને ચેલ્લણાને યાદ કરાયા છે. તેમ અહિંયા શ્રેણિક નંદન કોણિક અને તેની પટ્ટરાણી પદ્માવતી સમગ્ર અંતઃપુર પરિવારને લઈ મુક્તાફલનો થાળ ભરી રાણી પ્રભુને વધાવે છે વગેરે વાતો વણી લીધી છે.

મુ. શ્રીકુંવરવિજયજીની આ ગહુંલી મહાવીર જૈન આરાધના કેન્દ્ર-કોબા, હસ્તપ્રત ક્ર. AKGM-૭૩૬૨૦ નં.ની છે. તથા હેમચન્દ્રાચાર્ય જ્ઞા. મં. પાટણની પ્રત P-૨૪૮૧૩ આ બન્ને પ્રતો દ્વારા સંશોધન થયેલ છે.

## ૩. શ્રીજિનવાણીવર્ણન ગહુંલી

૧૩ કડીઓમાં વિસ્તરેલી આ ગહુંલીમાં કવિએ જૈનવાઙ્મયનાં ઘણા પદાર્થો રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે. જિનવાણીનું મહત્ત્વ ખૂબ જ રસાળ શૈલીમાં પ્રગટ થયું છે.

પાંચ કડીઓ પછી તત્ત્વત્રયી, રત્નત્રયી આદિ અનેક ત્રયીઓનાં નામો સ્થાન પામ્યા છે. ત્યારપછી આગળ વધતાં ઉખાણા જેવી મરમી ભાષામાં પણ કવિએ તત્ત્વબોધ પીરસીને પોતાની કળા દેખાડી દીધી છે. છેલ્લે કહી દીધું છે કે આવા અટપટા ભાવોને ખોલવા ગુરુ જ જોઈએ તેઓ જ આ બધાનો અર્થ સમજાવી શકે ટૂંકમાં આ ગહુંલી એકદમ તત્ત્વસભર છે.

આ કૃતિની બે હસ્તપ્રતો શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર-કોબા તરફથી મળી છે. કેટલાક મહત્ત્વનાં પાઠાંતરો મળ્યા છે. જે ટીપ્પણમાં પ્રસ્તુત છે. ૧.K-૧-AKGM-૪૫૬૯૧ અને ૨.K-૨-AKGM-૯૨૭૮૫ તથા આ સિવાય એક પ્રત હેમચન્દ્રાચાર્ય જ્ઞા.મં. પાટણ તરફથી પણ મળી છે. પ્રત N.P-૨૪૮૧૩ છે. તથા પં. શ્રીરુપવિજયજી મહારાજ

ડહેલાનો જૈન ઉપાશ્રય - જ્ઞાનભંડાર, દોશીવાડાની પોળ, અમદાવાદ તરફથી પણ એક પ્રત મળી છે. D. ડા. નં. ૧૬૬ પ્રત નં. ૮૪૪૪

### ૪. શ્રીજિનવાણીવર્ણન ગહુંલી (૨)

આઠ કડીની આ ગહુંલીમાં ગુરુભગવંતની દેશનાનાં વિષયો ગુરુની વંદના કેવી રીતે કરવી વગેરે વાતો વણી લેવાઈ છે. મનનો સઘળો મેલ મૂકીને ગુરુ ભગવંતને પાય લાગવાનું વિધાન કર્યું છે. ધ્રુવપંક્તિ પણ પ્રિય થઈ પડે એવી છે.

''સાહેલી! સુણીયે રે એક ચિત્તે''

હે સખી! એક ચિત્તે ગુરુવરની વાણી-જિનવાણીને સાંભળીને એ દ્વારા ચિત્તની - મનની એકાગ્રતા પર કવિએ ભાર મુક્યો છે. શ્રવણસમયે જો તમારી એકાગ્રતા-સાવધાનતા નથી તો જરાય લાભની શક્યતા નથી. આત્મલાભ માટે પણ એકાગ્રતા આવશ્યક છે એમ સમજાય છે.

અંતે સ્વગુરુપરપંરાને ઉલ્લેખી રચયિતા શ્રી કુંવરવિજયજીએ ગહુંલીનું સમાપન કરતાં લખ્યું છે કે

''જિનરૂપ પ્રગટે સુખ હુવે, અમીય કુંવર કહે એ વાણ''

આ કૃતિની હસ્તપ્રત શ્રીમહાવીર જૈનઆરાધનાકેન્દ્ર-કોબા તરફથી મળી છે N. AKGM - ૯૨૭૮૫ છે.

### ૫. શ્રીસદ્ગુરુદેવ ગહુંલી

૬ કડીની આ ગહુંલીમાં ગુરુ-ગુરુવચન અને તેનું ફળ સમજાવ્યું છે. ત્રીજી કડી વારંવાર વાગોળવાનું મન થાય એવી છે.

*"આતમધર્મની દેશના જેહથી ભવનિસ્તાર*
*સુણતાં સમકિત સંપજે પ્રગટે નિજ ગુણ રુપ"*

આનો આવો અર્થ સમજાય છે કે આત્મધર્મની દેશના સાંભળવાથી ભવપાર પમાય, સમકિતની સંપ્રાપ્તિ થાય અને સ્વરુપનું પ્રગટીકરણ

થાય. આટલું થઈ જાય તો બાકી શું રહે? પણ આટલું કરવા માટે પણ કેટલો કાળ નીકળી જશે કોને ખબર! અસ્તુ

આ કૃતિની હસ્તપ્રતો મહાવીર જૈન આરાધના કેન્દ્ર-કોબા અને હેમચન્દ્રાચાર્ય જ્ઞા.મં. પાટણ તરફથી મળી છે. અનુક્રમે પ્રત નં. AKGM-૭૩૬૨૦ અને P-૨૪૮૧૩ છે.

### ૬. જિનવાણીશ્રવણ વિનંતી રુપ ગહુંલી

આઠ કડીની આ ગહુંલીમાં જિનપ્રવચનનાં શ્રવણ માટેની જે ઉત્કંઠા પ્રદર્શિત કરાઈ છે તે રોમહર્ષક છે.

શ્રોતા બનનારની સાધુ પાસે શું સાંભળવાની ઉત્કંઠા હોય તેનું પણ સંક્ષેપમાં સ-રસ નિરુપણ થયું છે.

કૃતિને અંતે લહિયા એ 'ઇતિ ભાસ સંપૂર્ણમ્' એ પ્રમાણે લખ્યું છે. પણ રચના ગહુંલી જેવી જ હોવાથી આ રચનાને પણ ગહુંલી તરીકે જ સ્થાન આપી દીધું છે. આ સિવાય પણ જ્યાં જ્યાં ભાસ લખેલ હતું. ત્યાં ભાસ ને ઠેકાણે ગહુંલી નામ જ રાખ્યુ છે. કારણ કે એવું પણ જોવા મળ્યુ છે કે કૃતિ સમાપ્તિ થયા પછી ભલે ભાસ સંપૂર્ણ એમ લખ્યુ હોય તો પણ કૃતિની અંદરમાં એનો ગહુંલી તરીકે જ ઉલ્લેખ થયો હોય આથી જે કેટલીક કૃતિઓમાં અંતે ઇતિ ભાસ સંપૂર્ણ એમ લખ્યુ હોય તો પણ દરેકનો સમાવેશ ગહુંલીઓમાં જ કરી દેવામાં આવ્યો છે.

આ કૃતિની હસ્તપ્રત હેમચન્દ્રાચાર્ય જ્ઞા.મં. પાટણ થી મળી છે નં. P-૨૪૮૧૩ છે. તથા પં. શ્રીરુપવિજયજી મહારાજ ડહેલાનો જૈન ઉપાશ્રય - જ્ઞાનભંડાર, દોશીવાડાની પોળ, અમદાવાદ તરફથી પણ એક પ્રત મળી છે. D. ડા. નં. ૧૬૬ પ્રત નં. ૮૪૪

### ૭. સદ્ગુરુમાહાત્મ્ય ગહુંલી.

૧૧ કડીઓ દ્વારા અહીં અધ્યાત્મ તત્ત્વનાં ઘણા પદાર્થોને ઠાલવી દેવામાં આવ્યા છે. વિશેષ નિરુપણ નથી તેમ છતાંય નિશ્ચયનય ને

સમજવા ઈચ્છતાં આત્માને કંઈક આલંબન ભૂત બની શકે એવી આ ગહુંલી છે.

અહિંયા પણ અંતે 'ઇતિ ભાસ સંપૂર્ણ' એ પ્રમાણે ઉલ્લેખ થયો હોવા છતાં ગહુંલી જ નામ રાખ્યુ છે. તેની સ્પષ્ટતા ઉપર થઈ ગઈ છે. વિ.સં. ૧૮૮૫માં મેડતા ગામે મુનિ છગનવિજયજી એ આ કૃતિનું લેખન કર્યુ છે. એમ અંતમાં લખ્યુ છે.

આ કૃતિની હસ્તપ્રત મહાવીર જૈન આરાધના કેન્દ્ર-કોબા તરફથી મળી છે. N.AKGM-૧૫૫૫૦૧ છે.

• • •

## ૧. શ્રીવીરજિણંદ ગહુંલી

**।। પોંખણાંનાં ગીતની દેશી ।।**

॥ સહિયર મોરા હો ॥ વીર જિણંદ સમોસર્યા, રાજગૃહી ઉદ્યાન ।
॥ સ૰ ॥હરખે વધાવો ગુરુને મોતીયે ॥૧॥

ગોયમ સોહમ શોભતા, સાથે વજીર ભલા સિરદાર ॥ સ૰ ॥
બહુ પરિવારે પરીવર્યા, સાથે ચૌદ સહણ અણગાર ॥સ૰॥હ૰॥ ૨ ॥

આવે શ્રેણિક નૃપતિ વાંદવા, લહી સૈન્ય સયલ પરિવાર ॥ સ૰ ॥
વિધી પ્રમુખ વંદન કરી, આવી બેઠા યથોચિત ઠાય ॥સ૰॥હ૰॥ ૩ ॥

દીએ અનુભવ રસમયી દેશના, આવી સુણે પરષદા બાર ॥ સ૰ ॥
નિજ પર સત્તા ગવેષતા, કાંઈ તત્વાતત્વ વિચાર ॥સ૰॥હ૰॥ ૪ ॥

સોલ સિંગાર સજી કરી, કર ધરી કુંકુંમ થાલ ॥ સ૰ ॥
સખી પરિવારે પરવરી, સહિયરો ગાવે મધુરા ગીત ॥સ૰॥હ૰॥ ૫ ॥

ગહુંલી કરે રાણી ચેલણા, ઠવે શ્રીફલ શિવપદ હેત ॥ સ૰ ॥
લુંછણા કરી જિનવીરની, બેસી દેશના સુણે એક ચિત્ત ॥સ૰॥હ૰॥ ૬ ॥

જિનવાણી શ્રવણે સુણી, શુદ્ધ સમકિત વાત ॥ સ૰ ॥
સાધ્ય એક છે જેહને, સાધનમાં ભેદ અનેક ॥સ૰॥હ૰॥ ૭ ॥

**જિન ઉત્તમ** પદ **રુપ** ચરણને, નમતા કોડિ કલ્યાણ ॥ સ૰ ॥
**અમીય કુંવર** એણી પરે ભણે, નમતા શિવપુર રાજ ॥સ૰॥હ૰॥ ૮ ॥

**।। ઇતિ ગહુંલી સંપૂર્ણ ।।**[1] ।

---

1. સમાપ્તમ્ P ।

# ૨. શ્રીવીરજિણંદ ગહુંલી

**॥ નીલુડી રાયણ તરુ તળે એ દેશી ॥**

ગુણવંતા પ્રભુની દેશના ॥ મનમોહન મેરે ॥ સમજે ચતુર વિચાર રે ॥મ૦॥
ઊલટ આણી અતિ ઘણો ॥મ૦॥ નિસુણે પર્ષદા બાર રે ॥મ૦॥૧॥

અમૃત ધારા દેશના ॥મ૦॥ જિમ પુષ્કલ જલધાર રે ॥મ૦॥
નિજ પર સત્તા ગવેષતા ॥મ૦॥ ટાલે મિથ્યાત્વ અંધાર રે ॥મ૦॥૨॥

કોણિક નૃપતિ વંદવા ॥મ૦॥ લહિ અંતેઉર પરિવાર રે ॥મ૦॥
સખી પરિવારે પરિવરી ॥મ૦॥ મુક્તાફલ ભરી થાલ રે ॥મ૦॥૩॥

પદમાવતી કરે ગુહલી ॥મ૦॥ વધાવે જિનરાજ રે ॥મ૦॥
લુંછણા કરી જિનવીરના ॥મ૦॥ નિરખે પ્રભુ દીદાર રે ॥મ૦॥૪॥

ત્રિકરણ શુદ્ધિ ચિત્ત ધરે ॥મ૦॥ સત્તા ગતની વાત રે ॥મ૦॥
સાધ્ય સાધનને ઓળખી ॥મ૦॥ ધરમકરણી કરે તે નાર રે ॥મ૦॥૫॥

ઇણ પરે વાંદે વીરને ॥મ૦॥ ધન તેહનો અવતાર રે ॥મ૦॥
**જિન ઉત્તમ** પદ **રુપ** ચરણને ॥મ૦॥ **અમી કુંવર** તમે ત્રિણકાલ રે ॥મ૦॥૬॥

## 3. શ્રીજિનવાણીવર્ણન ગહુંલી

**।। સાહેલીની દેશી ।।**

સાહેલી હો આવી હું હરખ ઉલાસ, જિનવાણી સુણવા ભણી હો લાલ ।
સા૦ વાંદ્યા મેં ગુરુના રે પાય, દુઃખ દોહગ દૂરે ટલ્યા હો લાલ ॥૧॥

સા૦ પુઠ દેઈ રે સંસાર, આવી હું રે ઉતાવલી હો લાલ ।
સા૦ ઘરનો રે ધંધો આજ, તે સવિ મેં રે વિસારિઓ હો લાલ ॥૨॥

સા૦ જન મુખ બહુ સુણી વાત, ઘરઘર સહુ મલી ઈમ કહે હો લાલ ।
સા૦ દીએ દેશના ગુરુરાય, મધુરી ધ્વનિ મુખ ઉચ્ચરે હો લાલ ॥૩॥

સા૦ પ્રતિબુધ્યા ભવિ જીવ, વ્રત પચ્ચખાણ કરે ઘણા હો લાલ ।
સા૦ તે આજ મલી સવી વાત, લોક કહે તે સાચી થઈ હો લાલ ॥૪॥

સા૦ વિનતિ કરુ રે અનેક, લળી લળી[2] લેઉં ઉંવારણા હો લાલ ।
સા૦ સુણવા હરખ અપાર, જિનવાણી મનરંગસું હો લાલ ॥૫॥

સા૦ ત્રણ રત્ન, ત્રણ તત્ત્વ, ત્રણ આતમ ત્રણ ગોપવા હો લાલ ।
સા૦ ત્રણ શત્રુ ત્રણ કર્મ, તે વિચાર કેમ જાણીએ હો લાલ ॥૬॥

સા૦ નય ખેત્રે દ્રવ્ય ભાવ, સ્યાદવાદ રચના ઘણી હો લાલ ।
સા૦ નિત્યાદિ આઠ વિચાર, નિશ્ચયનેં વ્યવહારસું હો લાલ ॥૭॥

સા૦ વરજી નવ નિયાણ, નિજ સત્તા રમણી થયા હો લાલ ।
[3]સા૦ નિજ પર સત્તા રુપ, તે સુણવા મન ગહગહે હો લાલ ॥૮॥

[4]સા૦ બે બેટા રે એક બાપ, બેટી સહિત માતા હણી હો લાલ ।૦

---

2. લુલી લુલી-P, D ।
3. આ પંક્તિ K-૨માં નથી
4. આ પંક્તિના સ્થાને K-૧માં નિમ્નોક્ત પંક્તિ છે.
 સા૦ રમતા નિજ પદ ગેહ, ચિદાનંદ સુખ સંપદા હો લાલ

સા૦ પરિવાર સહિત ચાર ચોર, જિનજી હણે ન કરે દયા હો લાલ ॥૯॥

સા૦ લોક કહે રે દયાલ, દ્રવ્ય ભાવ દોય પ્રકારના હો લાલ ।
સા૦ ન હણે જે રે લગાર, પાલે દયા છકાયની હો લાલ ॥૧૦॥

સા૦ પરણ્યા રે શ્રી જિનરાય, ભાવના ચોરી ભલી ચિતરી હો લાલ ।
સા૦ ધ્યાન અગનિ કરી સાખિ, મંગલ ચારે વરતિઆ હો લાલ[5] ॥૧૧॥

સા૦ ગુણ ઘણા નહિ પાર, અમુલક લાડિ વર્યા[6] હો લાલ ।
સા૦ ભોગવતા રે જિનજી ભોગ, દોય પુત્ર હુઆ દીપતા હો લાલ ॥૧૨॥

સા૦ અર્થ કરે રે ગુરુરાય, સાંભલો થઈ તુમે એક મના હો લાલ ।
સા૦ **જિન ઉત્તમ** પદ[7] **રુપ, અમીય કુંવર** વંછે ઘણું હો લાલ ॥૧૩॥

॥ ઇતિ ગહુંલી[8] સંપૂર્ણ ॥

❀

5. મંડલ ચાર ચારે વરજીઆ હો લાલ K-૨ ।
6. વરે K-૨, D ।
7. પદ્મનો D ।
8. ભાષ્ય D ।

## ૪. શ્રીજિનવાણીવર્ણન ગહુંલી

**।। સમકિતનું મૂળ જાણીએજી એ દેશી ।।**

ગુરુ ગુણવંતા વાંદીયે, સખી બેઠા ભવન મઝાર ।
મધુર ધ્વનિ દીએ દેશના, એ તો સારે ભવિકના કાજ ।।૧।।
સાહેલી! સુણીયે [રે] એક ચિત્ત ।

મેલ મુંકી સવી મન તણો, તમે વંદો ગુરુના પાય ।
મહિર કરી મુઝ ઉપરે, ગુરુજી આપો સમકિત દાન ।।સા૦।।૨।।

કૃપા કરી મુઝ ઉપરે, ગુરુ સંભલાવો સૂત્ર સિદ્ધાંત ।
ઘણા દિવસની હુંસડી, મારી પૂરી કરો ગુરુ આજ ।।સા૦।।૩।।

નય નિક્ષેપ દ્રવ્ય ભાવસું, વલી નિશ્ચયને વ્યવહાર ।
સ્યાદ્વાદ રચના ઘણી, માંહે ઉક્તિ યુક્તિ મનોહાર ।।સા૦।।૪।।

નયસંયુક્ત નવતત્ત્વના, વલી ભેદાભેદ વિચાર ।
સપ્તભંગી રચના ઘણી, મુઝ સુણવા હર્ષ અપાર ।।સા૦।।૫।।

ઉપાદાન કારણપણે રે, કારણ કાર્ય અનૂપ ।
જીવસતા અજીવસતા, તેહના સત્તા છત્ત વિચાર ।।સા૦।।૬।।

ચારે નિક્ષેપા સાતે નયમાં, વલી ત્રણ નિક્ષેપે સપ્ત નય ।
ઉત્સર્ગને અપવાદસ્યું, તેહનો અર્થ કહો ગુરુરાય ।।સા૦।।૭।।

**ક્ષમાવિજય જિન**રાજજી રે, **ઉત્તમ** પદના દાતાર ।
નિજ **રુપ પ્રગટે** સુખ હુવે, **અમીય કુંવર** કહે એ વાણ ।।સા૦।।૮।।

**।। ઇતિ ભાસ સંપૂર્ણ ।।**

## ૫. શ્રીસદ્ગુરુદેવ ગહુંલી

**|| આવો જમાઈ પ્રાહુણા જયવંતાજી ની દેશી ||**

આવો આવો સહિયરો વાંદીયે ॥જયવંતાજી॥ ગુરુ ગુણના ભંડાર રે ॥ગુણવંતાજી॥
ઉલટ આણી અતિ ઘણો ॥જ૦॥ વાંદો ગુરુના પાય રે ॥ગુણ૦॥૧॥

ગિરવાને ગુણઆગરા ॥જ૦॥ જ્ઞાન તણા ભંડાર રે ॥ગુ૦॥
ગામ નગર પુર વિચરતા ॥જ૦॥ કરતા ભવી ઉપગાર રે ॥ગુણ૦॥૨॥

આતમધર્મની દેશના ॥જ૦॥ જેહથી ભવ નિસ્તાર રે ॥ગુ૦॥
સુણતા સમકિત સંપજે ॥જ૦॥ પ્રગટે નિજગુણ રુપ રે ॥ગુણ૦॥૩॥

અમૃતવચને સિંચતા ॥જ૦॥ ભવી જીવ રિદય આરામ રે ॥ગુ૦॥
વિષય કષાયને શોષવે ॥જ૦॥ પ્રગટે ગુણ રુપવંત રે ॥ગુણ૦॥૪॥

સ્વર્ગરુપ ફૂલે શોભતું ॥જ૦॥ અજર અમર ફલ સાર રે ॥ગુ૦॥
તે ફલની ઈચ્છા કરી ॥જ૦॥ ગહુંલી કરે જે નાર રે ॥ગુણ૦॥૫॥

**જિન ઉત્તમ** પદ પામસ્યે ॥જ૦॥ નિજ **રુપ** લહે મનોહાર રે ॥ગુ૦॥
**અમીય કુંવર** એણી પરે ભણે ॥જ૦॥ તે સુખ વિલસે શ્રીકાર રે ॥ગુણ૦॥૬॥

**|| ઇતિ ગહુંલી સંપૂર્ણમ્ ||**

# ૬. શ્રીજિનવાણીશ્રવણ વિનંતિરૂપ ગહુંલી

**।। જી રે જી એ દેશી ।।**

જી રે મારે દેશના દ્યો ગુરુરાજ, ઉલટ આણી અતિઘણો જી રે જી ।
જી રે મારે આવી હું હર્ષ ઉલ્લાસ, પૂઠ દેઈ સંસારને જી રે જી ॥૧॥

જી રે મારે વિલંબ ન કીજૈ ગુરુરાજ, દાસ ઉપર દયા કરો જી રે જી ।
જી રે મારે મહેર કરો મહેરબાન, અમૃત વચને સિંચીયે જી રે જી ॥૨॥

જી રે મારે સુણવા સૂત્ર સિદ્ધાંત, હેજે હીયડું ગહગહે જી રે જી ।
જી રે મારે જિમ મોરા મન મેહ, સીતાને મન રામજી જી રે જી ॥૩॥

જી રે મારે કમલા મન ગોવિંદ, પારવતી ઈશ્વર જપે જી રે જી ।
જી રે મારે તિમ મુજ રિદય મઝાર, જિનવાણી રુચે ઘણી જી રે જી ॥૪॥

જી રે મારે નય ગમ ભંગ નિક્ષેપ, સુણતા સમકિત સંપજે જી રે જી ।
જી રે મારે ઉત્પાદ વ્યય ધ્રુવ રુપ, સ્યાદ્વાદ રચના ઘણી જી રે જી ॥૫॥

જી રે મારે નવતત્ત્વને ષડ્દ્રવ્ય, ચાર નિક્ષેપે સપ્ત નયે કરી જી રે જી ।
જી રે મારે નિશ્ચયને વ્યવહાર, ઇણ પરે મુજ ઓલખાવીયે જી રે જી ॥૬॥

જી રે મારે કૃપા કરો ગુરુરાજ, તે સુણવા ઇચ્છા ઘણી જી રે જી ।
જી રે મારે નિજ પર સત્તા રુપ, ભાસે તે સુણતા થકા જી રે જી ॥૭॥

જી રે મારે **જિન ઉત્તમ** મહારાજ, તસ પદ **પદ્મ** સેવે સદા જી રે જી ।
જી રે મારે પ્રગટે આત્મ[સ્વ]**રુપ, અમીય કુંવર** એણી પરે ભણે જી રે જી॥૮॥

**।। ઇતિ ભાસ સંપૂર્ણમ્ ।।**

## ૭. શ્રીસદ્‌ગુરુ મહાત્મ્ય ગહુંલી

**।। પહેલે ભવે એક ગામનો રે એ દેશી ।।**

દેશ પ્રદેશ વિચરતાજી, કરતા ભવિ ઉપદેશ ।
ઉત્તમ જીવને તારવાજી, ભલે પધાર્યા અમ દેશ ।।૧।।
મનમોહન ગુરુજી! મીઠી તમારી વાણ
જૈસી સાકર અમૃત પાન, મનમોહન ગુરુજી! મીઠી તમારી વાણ

જીવ અજીવની વૈચણ કરતા, પ્રગટે આત્મ [સ્વ]રુપ ।
પરસરુપનો ત્યાગ કરીને, રમે નિજ ગુણ રુપ રે ।।મ૦।।૨।।

દેવ મનુષ્ય નરકાદિક કેરા, અશુદ્ધ અનિત્ય પરજાય(પર્યાય) ।
તે ઉત્પતિ-વ્યય રુપ થતા, કાલ અનંતો ગમાય રે ।।મ૦।।૩।।

દ્રવ્ય થકી અવિચલ અખંડિત, નિજગુણ આતમ રાય ।
ઇમ પારિણામિક ભાવે જોતા, સિદ્ધ સમાન કહાય ।।મ૦।।૪।।

શુદ્ધ અશુદ્ધને શુભ અશુભ, ઉપચરિતને અનુપચરિત ।
ભેદ એ વ્યવહાર કેરા, ચૌદે ગુણઠાણે જાણો ચિત રે ।।મ૦।।૫।।

ઇમ ચૌદ ગુણઠાણે રમતા, સંસારી ઠરાય ।
એ સરુપ જબ છોડ દે તબ, નીચે સિદ્ધ કહાય રે ।।મ૦।।૬।।

નામ થકી તો સિદ્ધ કહાવે, થાપન કારણ.......(?) ।
દ્રવ્ય થકી ગુણ છત પર્યાય, સામર્થ્ય પર્યાય ભાવ જાણ રે ।।મ૦।।૭।।

પૂર્વ પર્યાયનો વ્યય થાયે તવ, અભિનવ ઉત્પન્ન ।
જ્ઞાન પણો તે ધ્રુવ પણે છે, ઈમ જાણે ગુણવંત રે ।।મ૦।।૮।।

ઇમ ઉત્પાદ-વ્યય રુપ થાતા, જ્ઞેય સકલ પલટાય ।


જલતરંગ તણી પરે રે, મૂલ સ્વભાવ ન જાય રે ।।મ૦।।૯।।

ઇમ સિદ્ધ સરુપને ઓલખીજે, તો સમકિત કહાય ।
**જિન ઉતમ** પદ **પદ્મની** એ, સેવા થકી સુખ થાય ।।મ૦।।૧૦।।

ઇમ નિજ સ**રુપ**માં રમતા, પરસરુપ કે ભાસ ।
**અમી કુંવર** કહે તે નર પામેં, વેગે શિવપુર વાસ રે ।।મ૦।।૧૧।।

**।। ઇતિ ભાસ સંપૂર્ણ ।।**

**શ્રીમેડતા નગરે લખીતં મુનિ છગનવિજય સંવત ૧૮૮૫રી**



## ૭. પં. શ્રીમોહનવિજયજી મ.કૃત ગહુંલીઓ

મહાન ક્રિયોદ્ધારક પં. શ્રીસત્યવિજયજી મહારાજની પરંપરામાં થયેલા પં. રત્નવિ.મ.નાં પટ્ટધર શિષ્યરત્ન પં. શ્રીમોહનવિજયજી મહારાજની બનાવેલી ગહુંલીઓ હવે અહીં પ્રસ્તુત છે.

**૧. શ્રીવીરજિણંદ ગહુંલી(૧)**

૧૦ કડીઓમાં વિસ્તરેલી પ્રભુવીરની ચંપાપુરીનાં આગમનને વર્ણવતી આ ઉત્તમ ગહુંલી છે.

જિનવાણીનું મહિમાગાન કરતાં ૭મી કડીમાં કવિરાજ અદ્ભુત-આહ્લાદકારી ભાવો પીરસે છે.

“ચઉમુખ વાણી ભવજલ તરણી
 દુઃખ હરણી સુખકરણી રે,
પાપ અમાપ તાપ સંહરણી
 નિરમલ એ પુષ્કરણી રે”

વારે વારે મમળાવવાનું મન થાય એવી મસ્ત અને મીઠી આ કડી છે. અંતે છેલ્લી બે કડીમાં પં. સત્યવિજયજીમ.થી લઈને છેક પોતા સુધી સંપૂર્ણ ગુરુપરંપરાનો ઉલ્લેખ કરી દીધો છે. જે વિશેષ ધ્યાનાર્હ છે. આ કૃતિની હસ્તપ્રત રાધનપુર જૈન જ્ઞા.ભં.માંથી મળી છે. પ્રત N. 9496 છે.

## ૨. શ્રીવીરજિણંદ ગહુંલી(૨)

પૂર્વની ગહુંલી જેવી જ આ પણ ગહુંલી છે. ૧૦ કડીઓ દ્વારા અહીં પણ પ્રભુ અને પ્રભુવચનની શક્તિનો મહિમા ગવાયો છે. પં. સત્ય-કર્પૂર-ક્ષમા-જિન-ઉત્તમ-પદ્મ-રુપ-અમી-સૌભાગ્ય-રત્નવિ.નાં મોહનવિ. જી આમ અહીં પણ સંપૂર્ણ ગુરુપરંપરા કથન કરવામાં આવી છે.

ગહુંલી ગાતાં ગાતાં શબ્દોનાં પ્રાસ ખુબ સરસ રીતે જોડ્યા છે. અપાર આનંદ પ્રગટે એવી મધુરી રચના છે. આ કૃતિની કુલ બે હસ્તપ્રતો મળી છે એક હસ્તપ્રત L. D. ઇન્સ્ટિટ્યુટ ઑફ અમદાવાદ N. L-૧-૧૩૫૩૭ અને બીજી હેમચન્દ્રાચાર્ય જ્ઞા.મં. પાટણ તરફથી મળી છે હસ્તપ્રત નં. ૯૪૯૬ છે.

## ૩. શ્રીગૌતમગણધર ગહુંલી

**"જગપતિ શ્રી અરજિન જગદિશ..."**ની દેશીમાં ગાઈ શકાય એવી આ પ્રાંજલ રચના છે. દરેક કડીની શરૂઆતમાં **'ચિત્તહર'** શબ્દ ઉડીને આંખે વળગે એવો છે.

ગૌતમસ્વામિનું આગમન એમની આત્મહિતકર વાણી વગેરે વાતોને ૬ કડીઓમાં ગૂંથવાનો સુંદર પ્રયાસ થયો છે.

શ્રીપાલ અને મયણાનું દૃષ્ટાંત આપી શ્રીસિદ્ધચક્રની આરાધના કરવાનો ઉમદા ઉલ્લેખ અહીં ગહુંલીકારે કરી દીધો છે. આ કૃતિની હસ્તપ્રત પણ રાધનપુર જૈન જ્ઞા.ભં.માંથી મળી છે હસ્તપ્રત N. ૯૪૯૬ છે.

## ૪. પર્વપર્યુષણ ગહુંલી(૧)

૫ કડીમાં પર્વાધિરાજ શ્રી પર્યુષણ મહાપર્વનો મહિમા અહીં ગવાયો છે. તેની આરાધના-અનુષ્ઠાનની ટૂંકમાં માહિતી પ્રસ્તુત કરી છે. આ કૃતિની ત્રણેય હસ્તપ્રત તો L. D. ઇન્સ્ટિટ્યુટ ઑફ અમદાવાદ તરફથી મળી છે નં. L-૧ - ૪૧૪૮૯, L-૨ - ૩૯૨૧૬, L-૩ ૧૩૮૦૭ છે.

## ૫. શ્રી પર્વપર્યુષણ ગહુંલી(૨)

આ પણ પર્વ પર્યુષણની મહત્તાને સમજાવતી ગહુંલી છે. ૮ કડીઓમાં ભાવ રજુ કરાયો છે. આઠ દિવસ દરમ્યાન શું શું કરવા યોગ્ય છે તેની વિસ્તારથી સમજ અહિં આપવામાં આવી છે.

આ ગહુંલીનું લિપ્યંતર સાધ્વીજી શ્રી નમ્રરત્નાશ્રીજી (ડહેલાવાળા)એ કરેલ છે. તદર્થ ધન્યવાદ સહ આગણ પણ આ કાર્યમાં ઉદ્યમવંત રહે એવી આશા આ કૃતિની બન્ને ’ય હસ્તપ્રતો L. D. ઇન્સ્ટિટ્યુટ ઑફ અમદાવાદ તરફથી મળી છે. નં. L-૧ - ૪૧૪૮૯, L-૨ - ૩૯૨૧૬.

આ રીતે બે પ્રભુવીરની, એક ગૌતમસ્વામિની, અને છેલ્લી બે પર્વ પર્યુષણની કુલ પાંચ ગહુંલીઓ પં. શ્રી મોહનવિજયજી મ.ની પ્રાપ્ત થઈ છે.

• • •

# ૧. શ્રીવીરજિણંદ ગહુંલી

**|| સાંભળજો મુનિ સંજમ રાગે - એ દેશી ||**

સૈયર જગગુરુ વંદન કરવા, જૈયે ઝટપટ શાણી રે ।
હરવા ભવદુઃખ સાગર તરવા, વરવા શિવસુખ રાણી રે ॥સૈ૦॥૧॥

ચંપાનગરી ચિત્તહર વનમાં, વીર જિણંદ પધાર્યા રે ।
સમોસરણ સુર રચના જોતા, શશી રવિ તેજે હાર્યા રે ॥સૈ૦॥૨॥

ગર્વ રહિત જિન ચરણે નમીને, ગગનાટન તે કરતા રે ।
તે સંભારી હજી પણ બ્હેની, લગીર ન થિરતા ધરતા રે ॥સૈ૦॥૩॥

કોણિક નૃપ સુણી સહ પરિવારે, વિધિપૂર્વક જિન વંદે રે ।
ઉચિત સ્થાનક બેસી અધિકો, ધર્મ સુણે આણંદે રે ॥સૈ૦॥૪॥

ભોલી ટોલી રંભા સરખી, પરખી અવસર હરખી રે ।
મુક્તાફલથી તેહ વધાવે, લળી લળી ગુરુ મુખ નિરખી રે ॥સૈ૦॥૫॥

સ્વસ્તિક ફલ ઠવી પુણ્ય પનોતી, પ્રમદા પાવન થાતી રે ।
મધુર સ્વરે વંછિતસુખ લેવા, ગુરુગુણ અગણિત ગાતી રે ॥સૈ૦॥૬॥

ચઉમુખ વાણી ભવજલ તરણી, દુઃખહરણી સુખકરણી રે ।
પાપ અમાપ તાપ સંહરણી, નિરમલ એ પુષ્કરણી રે ॥સૈ૦॥૭॥

જિનવાણીથી અમૃત દ્રાક્ષા, સાકર પણ લજવાઈ રે ।
વાસ કર્યો સ્વર્ગે વનવાસે, તૃણ લ્યે ક્રમ શરમાઈ રે ॥સૈ૦॥૮॥

**સત્ય કપૂર** સમુજ્જ્વલ કીર્તિ, **ક્ષમાવિજય** ગુરુરાયા રે ।
**જિન ઉત્તમ** મુખ **પદ્મ**ની વાણી, સુણી ચિદ્ **રુપ** સોહાયા રે ॥સૈ૦॥૯॥

**અમીય સૌભાગ્યવિજય** ગણી શુભગુરુ, **રત્નવિજય** પંન્યાસ રે ।
**મોહનવિજય** કહે ગુણ સ્થુણંતા, સફલ થાય સહુ આશ રે ॥સૈ૦॥૧૦॥

**|| ઇતિ સંપૂર્ણ ||**

# ૨. શ્રી વીરજિણંદ ગહુંલી

**।। સજનીની દેશી ।।**

।। સૈયર મોરી ।। ચંપાનગરી ઉદ્યાન રે, ।।સૈ૦।। વીર જગતગુરુ ભાણ રે ।
।।સૈ૦।। સમોવસરણ ઉદ્યોત રે, ।।સૈ૦।। રત્નની ઝગમગે જ્યોત રે ।।૧।।

।।સૈ૦।। જોતા આ ત્રિભુવન રાણા રે, ।।સૈ૦।। સૂરજ શશી શરમાણા રે।
।।સૈ૦।। ગર્વ રહિત જાય વારી રે, ।।સૈ૦।। અધુના પણ સંભારી રે।।૨।।

।।સૈ૦।। આકાશે રહે ફરતા રે, ।।સૈ૦।। લગીર ન થિરતા ધરતા રે ।
।।સૈ૦।। કોણિક નૃપ સુણી ભાવે રે, ।।સૈ૦।। પ્રભુ પદકજ શિર ઠાવે રે ।।૩।।

।।સૈ૦।। ઝટપટ વંદન ચાલો રે, ।।સૈ૦।। દુરજનનો સંગ ટાલો રે ।
।।સૈ૦।। ભામિની ભોલી ટોલી રે, ।।સૈ૦।। કુંકુમ કેશર ઘોલી રે ।।૪।।

।।સૈ૦।। સ્વસ્તિક અક્ષત ધરતી રે, ।।સૈ૦।। ફલ ઠવી વંછિત વરતી રે ।
।।સૈ૦।। મધુર સ્વરે ગુણ ગાતી રે, ।।સૈ૦।। પ્રમદા પાવન થાતી રે ।।૫।।

।।સૈ૦।। શ્રીજિન ચૌમુખ વાણી રે, ।।સૈ૦।। ભવતરણી સુખ ખાણી રે ।
।।સૈ૦।। મોક્ષ તણી નિસરણી રે. ।।સૈ૦।। દુઃખહરણી પુષ્કરણી રે ।।૬।।

।।સૈ૦।। પાંત્રીસ ગુણ જોઈ ભાવે રે, ।।સૈ૦।। અમૃત સ્વર્ગે સધાવે રે ।
।।સૈ૦।। દ્રાખ બિચારી હારી રે, ।।સૈ૦।। થૈ વનવૃક્ષની નારી રે ।।૭।।

।।સૈ૦।। સાકર બહુ શરમાણી રે, ।।સૈ૦।। દાંતે તરણા લીયે શાણી રે ।
।।સૈ૦।। **સત્ય કપૂરવિજય** ગુરુરાયા રે, ।।સૈ૦।। **ક્ષમાવિજય** સુખદાયા રે ।।૮।।

।।સૈ૦।। **જિન ઉત્તમ** પદ **પદ્મ** રે ।।સૈ૦।। સેવતા **ચિદ્રુપ** સદ્મ રે ।
।।સૈ૦।। **અમીય સૌભાગ્ય** સુખકારી રે, ।।સૈ૦।। એ ગુરુની બલિહારી રે ।।૯।।

।।સૈ૦।। **રત્નવિજય** પંન્યાસ રે, ।।સૈ૦।। **મોહનવિજય** સુપ્રકાશ રે ।
।।સૈ૦।। એણી પરે ગુરુ ગુણ ગાવે રે, ।।સૈ૦।। નિત નિત આણંદ થાવે રે ।।૧૦।।

**।। ઇતિ સંપૂર્ણમ્ ।।**

# 3. શ્રીગૌતમગણધર ગહુંલી

**|| જગપતિ શ્રી અરજિન જગદીશ ની દેશી ||**

ચિત્તહર ચરમ જિણંદ મુણિંદ, નંદન રાય સિદ્ધાર્થનો ।
ચિત્તહર પરમ આનંદનો કંદ, જાણ જે સકલ પદાર્થનો ॥૧॥

ચિત્તહર તસ ગૌતમ ગણધાર, ગુણ ગણ મણિએ અલંકર્યા ।
ચિત્તહર આણાએ કરતા વિહાર, રાજગૃહી એ સમોસર્યા ॥૨॥

ચિત્તહર સુણી આગમન મુણિંદ, નરિંદ શ્રેણિક સેના સજી ।
ચિત્તહર વંદે પદ અરવિંદ, વિધિપૂર્વક દૂષણ તજી ॥૩॥

ચિત્તહર યોગ્ય જાણી કહે ધર્મ, કર્મ નિવારણ ઔષધિ ।
ચિત્તહર સુણતા સુખ મળે પર્મ, જ્ઞાનાદિક સંપતિ બધી ॥૪॥

ચિત્તહર તેહમાં અતિ સુખકાર, શ્રી સિદ્ધચક્ર આરાધના ।
ચિત્તહર કરસે જે નરનાર, પાર લહે રહી એકમના ॥૫॥

ચિત્તહર જિમ નરપતિ શ્રીપાલ, મયણા અતિ સુખસંપદા ।
ચિત્તહર પામે મંગલમાલ, **મોહનવિજય** થઈ નિર્મદા ॥૬॥

|| ઇતિ ગહુંલી ||

## ૪. શ્રીપર્વપર્યુષણ ગહુંલી

**।। સખી! પર્વ પર્યુષણ આવીયા - એ દેશી ।।**

પર્યુષણ ધર્મભૂષણ ભલુ, જે સર્વ શિરોમણી કહીયે રે ।
દિન આઠ ક્રિયા કરો ધર્મની, પરમાનંદ પદવી લઈએ રે ॥૧॥
ધન ધન આ ઉત્તમ પર્વને ॥એ આંકણી॥

ગુરુભક્તિ કરો સુવિવેકથી રે, જે ભવિજનને ઉપકારી રે ।
તે સમકિત દાયક ગુણનિધિ, જિનશાસન શોભા વધારી રે ॥ધ૦॥૨॥

શ્રી વીર જિનેશ્વર વિષે કથા, સાંભલીયે નવ વ્યાખ્યાન રે ।
પ્રભુ શાસનનાયક વીરની, કરી ભક્તિ ચઢો ગુણસ્થાન રે ॥ધ૦॥૩॥

દાન શીયલ તથા તપ ભાવના, જિનપૂજા ચૈત્યપ્રવાડી રે ।
પરભાવના સાહમીવચ્છલ કરી, મૂકો મિથ્યાત્વની સાડી રે ॥ધ૦॥૪॥

ગુણ સમરો નિજ ગુરુના વળી, શુભ ધ્યાન ધરીને ધ્યાન રે ।
પંન્યાસ **રત્નવિજય**ના શિષ્ય, કહે **મોહનવિજય** પંન્યાસ રે ॥ધ૦॥૫॥

**।। ઇતિ શ્રી પંન્યાસ મોહનવિજયજી કૃત**

**સ્તવનં સમાપ્તં ।। શ્રી ।।**

## ૫. શ્રીપર્વપર્યુષણ ગહુંલી

॥ હાંરે મારે ઠામ ધરમનાં સાડા પચવીસ દેશ જો - એ દેશી ॥

શ્રી સરસ્વતી સમરી સદ્ગુરુનેં નમી પાય જો.
પર્વ પજુસણ ગુણ ચરણ નમી ગહુંલી મલી રે લોલ
હાંરે મારે અન્ય પર્વ શિર મુગટ મણી કહેવાય જો.
શું કહું સજની બુદ્ધિ ધન મુજમાં એટલી રે લોલ ॥૧॥

હાંરે મારે એહ આઠ દીન સરસ વરસ દિવસથી જો.
પર્વ પજુસણ આરાધન પદ પર્વનું રે લોલ,
હાંરે મારે વિઘ્ન વિદારણ તારણ ભવસાગરથી જો
પાપ નિવારણ કારણ ધારણ ધર્મનું રે લોલ ॥૨॥

હાંરે મારે આઠ દીવસ વજડાવો પડહ અમારી જો,
ધર્મોદ્યોત વધારો જિન પૂજા રચો રે લોલ,
હાંરે મારે ગુરુની ભક્તિ વિનય કરો બહુમાન જો,
જિનવાણી રસલાભ અખૂટ લેવા મચો રે લોલ. ॥૩॥

હાંરે મારે અઠ્ઠાઈ મહોચ્છવ શુભ ભાવે આદરિયે જો,
યાચક ને બહુદાન ઉલટભર દીજીએ રે લોલ,
હાંરે મારે વીર પ્રમુખ પવિત્ર ચરિત્ર સુણીજે જો,
આઠ દિવસ લગે સમભાવેં કરી રીઝીયે રે લોલ. ॥૪॥

હાંરે મારે નાગકેતુ પરે અઠ્ઠમનો તપ કીજે જો,
સંવચ્છરી પ્રતિક્રમણ તથા વિધિ ખામણા રે લોલ,
હાંરે મારે મિચ્છામિ દુક્કડં સર્વ જંતુ ખામીજે જો,
શલ્ય રહિત શુભ ભાવેં પાવેં સુખ ઘણા રે લોલ. ॥૫॥


હાંરે મારે સ્વામીવચ્છલ યથા શક્તિયે કરીયે જો,

સંઘની ભક્તિ મહામંગલ પદવી દીયે રે લોલ,
હાંરે મારે પંચ શબ્દ વાંજિત્ર સહિત સંચરિયે જો,
ચૈત્ય પરિપાટી વિધિ જિન જુહારીયે રે લોલ. ॥૬॥

હાંરે મારે સૈયર ટોલી ભાંમણી ભોલી ભાવે જો,
સોલ સજી શણગાર શરીર શોભાવતી રે લોલ,
હાંરે મારે ગુહલી કરી ગુરુ આગલ ગુરુ ગુણ ગાવે જો,
પાવે મનવંછિત ફલ ત્રિકરણ શુદ્ધથી રે લોલ. ॥૭॥

હાંરે મારે એણી પરે પર્વારાધન સાધન શિવનું જો,
શ્રી જિન ભાખે સંઘની સાખેં ભવિજના રે લોલ,
હાંરે મારે **રત્નવિજય** પંન્યાસ વિબુધવર શિષ્ય જો,
**મોહનવિજય** કહે નિત રંગ વધામણાં રે લોલ. ॥૮॥

**॥ ઇતિ પજુસણ ગુહલી સંપૂર્ણમ્ ॥**



## ૪. શ્રીમોહનવિજયજી મ. (બીજા)કૃત ગહુંલીઓ

પં. શ્રીસત્ય-કર્પૂર-ક્ષમા-જિન-ઉત્તમ-પદ્મ-રૂપ-અમી-સૌભાગ્ય-રત્નવિજય મ.નાં પટ્ટધર પં.શ્રીમોહવિજયજી મ.સા.ની ગહુંલીઓનો સ્વાધ્યાય કર્યા પછી હવે પં. શ્રીસત્ય-વૃદ્ધિ-હંસવિજય મ.નાં પટ્ટધર શિષ્ય શ્રીમોહનવિજયજી મ.ની ગહુંલીઓ પણ પ્રાપ્ત થઈ છે. પં. શ્રીસત્યવિજયજી મ.ની આ બીજી શાખાનો પણ એ બહાને અછડતો પરિચય પ્રાપ્ત થશે હવે આ બીજા મોહનવિજયજી મ.ની ગહુંલીઓ જોવાનો પ્રયત્ન કરીએ.

કુલ ત્રણ ગહુંલીઓ પ્રાપ્ત થઈ છે ત્રણેય ગહુંલીઓ પંચમગણધર શ્રી સુધર્મા સ્વામિની જ છે.

**૧. શ્રીસોહમગણધર ગહુંલી (૧)**

સાત કડીની આ ગહુંલીમાં પ્રભુવીરનાં પંચમગણધર શ્રીસુધર્મા સ્વામિ ભગવંતનો આંતર વૈભવ કવિશ્રીએ જાણે આપણી સમક્ષ ઉદ્‌ઘાટિત ના કરી દીધો હોય! એ રીતે રચના પ્રવાહિત થઈ છે. સાધુ-સદ્‌ગુરુ તત્ત્વને સમજવા માટે આ ગહુંલી જ પર્યાપ્ત છે એવું લાગે આમ એકદમ સરળ રજુઆત દ્વારા ગુરુ તત્ત્વનો બોધ કરાવવાનો પ્રયાસ કર્યો છે આ કૃતિની કુલ પાંચ હસ્તપ્રતો મળી છે એમાંથી ચાર L. D. ઇન્સ્ટિટ્યુટ ઑફ અમદાવાદ તરફથી મળી છે L.૧- ૪૧૪૮૯, L.૨-૩૯૨૧૬, L.૩-૪૦૨૬૨, L.૪ - ૧૩૮૦૭ અને એક હસ્તપ્રત શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર કોબા તરફથી મળી છે.

**૨. શ્રીસોહમગણધર ગહુંલી (૨)**

આ ગહુંલીની શરુઆતમાં જ મઝાનાં ત્રણ વાક્યો ચિત્તાકર્ષક છે.

સહજ સોભાગી ગુરુ
શિવસુખરાગી ગુરુ
શુભમતિ જાગી ગુરુ

આવા ગુરુને વંદન કરવા સખીઓને પ્રેરિત કરવાનો ભાવ પ્રગટ કરાયો છે.

૭ કડીમાં બધાજ ભાવો સમજાવી દેવાયા છે. જો અર્થાનુપ્રેક્ષાનું આલંબન લેવાય તો ઉત્તમ લાભ મળે એવી આ ગહુંલી છે.

**૩. સોહમગણધરની ગહુંલી (૨)**

વીરપ્રભુનાં પટ્ટધર શ્રીસુધર્મા સ્વામિ ઉપર જ આ ૨જી ગહુંલી પણ રચાઈ છે. ઘણા ભાવો એક જેવા જ છે.

કડી ૨ અને ૩ની એ વિશેષતા છે કે એમાં શ્રમણ-ધર્મનાં દશે'ય ભેદનાં નામો બતાવી દેવાયા છે. ટૂંકમાં સદ્ગુરુ શ્રોતાને યેન કેન પ્રકારેણ સદ્ધર્મ સાથે જોડવાનો પ્રયાસ કરતાં હોય છે. એમાં તત્ત્વજ્ઞાનની રુચિ જાગે તો કામ સરળ થઈ જતું હોય છે. આઠ કડીમાં ગહુંલી વિરામ પામે છે.

• • •

# ૧. શ્રીસોહમ ગણધર ગહુંલી

॥ સાહેલડીઆની દેશી ॥

સોહમસ્વામી સમોસર્યા સાહેલડીઆ ॥
રાજગૃહી ઉદ્યાન ગુણવેલડીઆ ॥
બહુમુનિવરસ્યું પરિવર્યા સાહેલડીઆ ।
ગુણ-મણિ-રયણ નિધાન[1] ગુણવેલડીઆ ॥૧॥

સાધુ તણા વ્રત પાળતા ॥સા૦॥ વળી આઠે પ્રવચન માય ॥ગુ૦॥
નિરતિચાર સંજમ ધરે ॥સા૦॥ જીપે ચાર કષાય ॥ગુ૦॥૨॥

નવવાડિ શીયલ પાળતા ॥સા૦॥ તિમ વળી પંચાચાર ॥ગુ૦॥
સંવર પંચ ઇંદ્રી[ય] તણો ॥સા૦॥ કરે આતમ હિતકાર ॥ગુ૦॥૩॥

રહે ન્યારા પરભાવથી ॥સા૦॥ આપ સ્વભાવમાં રાતા ॥ગુ૦॥
અંતર આતમમાં રહે ॥સા૦॥ પરમાતમને ધ્યાતા ॥ગુ૦॥૪॥

આગમધર ગુરુ[2] સમકિતી ॥સા૦॥ સંવર કિરિયા સાર ॥ગુ૦॥
અનુભવરસમાં ઝીલતા ॥સા૦॥ શિવગામી નિરધાર ॥ગુ૦॥૫॥

દ્રવ્ય-ભાવ ગુણ[3] રયણના ॥સા૦॥ નિધિ સમ વીર પટધાર ॥ગુ૦॥
દ્રવ્ય-ગુણ-પજ્જવમાં રમે[4] ॥સા૦॥ વિશ્વ તણા આધાર ॥ગુ૦॥૬॥

ગહુંલી કરે ગુરુ આગળે ॥સા૦॥ તે લહે જ્ઞાન રસાળ ॥ગુ૦॥
**સત્ય વૃદ્ધિ** ગુરુ **હંસ**થી ॥સા૦॥ **મોહન** મંગલમાલ ॥ગુ૦॥૭॥

❀

---

1. ભંડાર - L-૧, L-૨, L-૪ ।
2. ગુણ - L-૪ ।
3. દ્રવ્ય ગુણ પજ્જવ K-૧ ।
4. રહે - K-૧ ।

## ૨. શ્રીસોહમ ગણધર ગહુંલી

**।। અજબ બન્યો સિર સેહરો, સાહિબ મ્હારા રતિ એકરુપ દેખાય હો-એ દેશી ।।**

ચઉનાણી ચોખે ચિત્તે ॥ સહીયર મોરી ॥ શ્રી સોહમગણધાર હો ॥
આપ સ્વભાવમાં ખેલતા ॥ સહી૦ ॥ ધરતા ધ્યાન ઉદાર હો ॥
સહજ સોભાગી ગુરુ, શિવસુખરાગી ગુરુ,
શુભમતિ જાગી ગુરુ વાંદવા, સહીયર મોરી, ચાલો હરખ ઉલ્લાસ હો ॥૧॥

બારે ભાવના ભાવતા ॥સ૦॥ અનિત્યાદિક ગુણગેહ હો ।
મહાવ્રત પાંચેયનો વળી ॥સ૦॥ ભાવે પચવીસ તેહ હો ॥સહ૦॥૨॥

સંજ્ઞાદિક યોગે કરી ॥સ૦॥ સહસ અઢાર જે થાય હો ।
તેહને શિયલ કહીજીએ ॥સ૦॥ પાલે તે નિરમાય હો ॥સહ૦॥૩॥

સમિતિ ગુપ્તિ શુધિ ધરે ॥સ૦॥ ચરણ કરણ ગુણધામ હો ।
પડિલેહણ આવશ્યકાદિકે ॥સ૦॥ અહનિશ રહે સાવધાન હો ॥સહ૦॥૪॥

સદાચાર ઈમ પાળતા ॥સ૦॥ વરતે આતમ ભાવ હો ।
નયરી રાજગૃહી આવીયા ॥સ૦॥ ભવોદધિતારણ નાવ હો ॥સહ૦॥૫॥

ઉદંત સુણીને આવીયો ॥સ૦॥ વંદન શ્રેણિક રાય હો ।
સાથે રાણી ચેલણા ॥સ૦॥ ગહુંલી કરે ગુણગાય હો ॥સહ૦॥૬॥

મન **મોહન** ગુરુ તિહાં કને ॥સ૦॥ દીએ દેશના હિતકાર હો ।
ભાવધરીને જે સુણે ॥સ૦॥ તે લહે સુખ શ્રીકાર હો ॥સહ૦॥૭॥

**।। ઇતિ ગહુલી સંપૂર્ણ ।।**

# ૩. શ્રીસોહમ ગણધર ગહુંલી

॥ દય તાહરી મુજ પાંખડીજી, લળી લળી લાગુ પાય - એ દેશી ॥

વીર પટોધર વિચરતાજી, રાજગૃહી ઉદ્યાન ।
બહુ પરિવારે પરિવર્યાજી, ચરણ-કરણ ગુણ થાન કે
મોહનગારા લાલ વારુ વંદીજે મુનિ ભવતારુ ॥૧॥ એ આંકણી ॥

ખંતિ મદ્દવ અજ્જવાજી, મુત્તિ ગુણ મનોહાર ।
બારે ભેદે તપ તપેજી, સંયમ સત્તર પ્રકાર કે ॥મો૦॥૨॥

સત્ય શૌચ અકિંચનીજી, ધરતા શિયલ સલિલ ।
ઈમ મુનિ ધરમ સમાચરેજી, કરતા આતમ લીલ કે ॥મો૦॥૩॥

મુનિ આગમન સુણી તિહાંજી, હરખ્યો શ્રેણિક રાય ।
અંતેઉર પરિવારસ્યુંજી, આયી પ્રણમે પાય કે ॥મો૦॥૪॥

ગુરુના ચરણકમલ નમીજી, રહી સન્મુખ ઉલ્લાસ ।
ગહુંલી કરે રાણી ચેલણાજી, સહીયરો કરે ભાસ કે ॥મો૦॥૫॥

સ્વસ્તિક મંગલ પૂરતીજી, ચૂરતી ચઉગતિ દુઃખ ।
અક્ષત ફલ ઉપર ઠવેજી, લેવાને શિવસુખ કે ॥મો૦॥૬॥

ગુરુ વંદી કરે લુંછણાજી, રજત કનકના ફૂલ ।
યાચક જન સંતોષીનેજી, ઈચ્છે ધર્મ અમૂલ કે ॥મો૦॥૭॥

તદનંતર દીએ દેશનાજી, મન **મોહન** ગુરુવાણી ।
એકમના સુણતા થકાજી, લહે જગ કોડ કલ્યાણ કે ॥મો૦॥૮॥

**॥ ઇતિ ગહુંલી સંપૂર્ણ ॥**

# અજ્ઞાતોદ્ઘાટન

આ વિભાગમાં પૂર્વે સંવેગીપરંપરાકૃતિ સંદોહ-૧ માં આ. શ્રીસિંહસૂરીશ્વરજી મ. દ્વારા નિર્મિત અને પં.શ્રી સત્યવિજયજી મ. દ્વારા પ્રસારિત **સંવેગી સાધુ મર્યાદાપટ્ટક** પ્રકાશિત થયેલ આ જ શ્રેણિમાં આવો જ એક બીજો મર્યાદાપટ્ટક અહિં પ્રસ્તુત છે જેમાં પં.જયસોમગણિ, પં. યશોવિજય ગણિ તથા પં. સત્યવિજયગણિ વગેરેની સહીઓ થયેલી છે.

આ પટ્ટકને વાંચતાં સાધુની મર્યાદા કેવી હોય એ જાણવા મળે અને આજે પણ એનાં કેટલાક નિયમો તો અત્યંત ઉપાદેય છે એવું લાગ્યા વગર નહીં રહે માટે તે અહિં રજુ કરાયો છે.

આવા બીજા પણ અનેક પટ્ટકો છે આગળનાં ભાગોમાં ક્રમશઃ તેનું પ્રકાશન થતું રહેશે. સાથે સાથે બીજી પણ અનેક માહિતીઓ જે આપણાથી અજ્ઞાત રહી છે તેનું ઉદ્ઘાટન થતું રહેશે.

# સંવેગી સાધુમર્યાદા પટ્ટક

જે આત્મસાધકો સંસાર ત્યાગીને દીક્ષાગ્રહણ કરે છે તેઓએ હવે સાવધાની પૂર્વક સંયમનું પાલન કરવાનું છે પ્રવ્રજ્યાની પરિપાલના માટેની જે જે મર્યાદાઓ નિર્દિષ્ટ છે તેને કદાપિ ઓળંગવાની નથી એ માટે સતત સજાગ રહેવાનું છે સાધુ પંચાચાર પાળે, પંચમહાવ્રત આરાધે કે પંચ સમિતિ વગેરેને સાચવે આ સઘળી'ય પરિસ્થિતિ દરમ્યાન ક્યાંય પણ નિયમ ભંગ ન થઈ જાય એની સાવચેતી સાધુએ રાખવાની હોય છે.

સ્વાધ્યાય, સમર્પણ, સેવા આદિ યોગો પણ આ મર્યાદાઓને જ આત્મસાત્ કરવા મુખ્યતયા કથન કરવામાં આવતાં હોય છે સમયે સમયે તે તે પૂર્વ પુરુષોએ સાધુઓનાં સંયમજીવનને શુદ્ધ કરવા-પ્રવેશેલી બદીઓ ને નાબૂદ કરવા પટ્ટકોની રચનાઓ કરેલી છે જેનાથી તે તે સાધુનાં જીવનમાં ઘણુબધુ પરિવર્તન સ્પષ્ટતયા પ્રગટતું જોવા મળતું હોય છે.

સંવેગીપરંપરાકૃતિ સંદોહ-૧માં પંન્યાસ પ્રવર શ્રી સત્યવિજયજી મહારાજ દ્વારા પ્રસારિત એક સંવેગીસાધુમર્યાદાપટ્ટક પ્રકાશિત કરેલ એવો જ આ બીજો પણ એક મર્યાદાપટ્ટક પ્રાપ્ત થયો છે જેમાં કુલ ૪૨ બોલ એટલે કે નિયમો છે જેમાં છેલ્લે પં. જયસોમગણિ, મહો. યશોવિજયગણિ, પં. સત્યવિજયગણિ આદિ મહાપુરુષોની સહીઓ થયેલી છે જે અત્યંત મહત્ત્વની વસ્તુ છે.

આ મહાપુરુષોના મનમાં સંયમ પ્રત્યેની નિષ્ઠા કેવી જીવતી ને જાગતી હશે તે આવા બંધારણો ને જોતાં સહજ ખ્યાલ આવે છે.

૪૨ બોલ પૈકીનાં કેટલાક બોલ તો એવા છે જે આજના પરિપ્રેક્ષ્યમાં પણ એટલા જ ઉપયોગી છે જો એને પુનઃ અમલમાં મૂકવામાં આવે તો શ્રમણસંઘને ઘણો લાભ થાય અને એનાથી વર્તમાનકાળે જે ગરબડો ઉભી થવા લાગી છે એને કાબૂમાં પણ લઈ શકાય એ માટે કેટલાક બોલ ઉપર થોડાક વિચાર વિમર્શ અહિં પ્રસ્તુત છે.

❖ ૧લા બોલમાં લખ્યું છે કે પદસ્થ, આચાર્ય, ઉપાધ્યાય વિના નાણા(પૈસા)થી અંગપૂજા ન કરવી મતલબ કે પૈસાથી ગુરુપૂજન ન કરવું આ સંબંધમાં ઘણા-બધા આગમ-શાસ્ત્ર વગેરનાં પાઠ ઉપલબ્ધ છે.

❖ ઉપદેશકલ્પવલ્લી (સંપા.આ.શ્રી જિનેન્દ્રસૂરિ મ. અર્થસહાય સદુપદેશ - આ.શ્રી રામચન્દ્રસૂરિ મ.)માં લખ્યું છે કે સુવર્ણ અને પુષ્પ વગેરેથી ગુરુની પૂજા કરવી તે લોકોત્તર ગુરુગત મિથ્યાત્વ છે.

આનાથી એ સ્પષ્ટ છે કે સાધુએ આવી રીતે સુવર્ણાદિથી અંગપૂજા કરાવાય નહીં અને શ્રાવકે તે કરાય પણ નહીં. આ વાતનું ખંડન કોણ કરે? જે ભવભીરુ નથી તે અથવા જેને પોતાની પૂજા પ્રત્યે અત્યંતાસક્તિ છે તે માટે નવાંગી પૂજાની તો વાત દૂર રહી એક માત્ર ગુરુનાં જમણા અંગૂઠે પૂજામાં પણ સુવિહિતપરંપરામાં અત્યંત વિવેક દર્શાવાયો છે.

વર્તમાનમાં ગુરુપૂજનમાં ઘણો બધો અવિવેક અને અતિરેક પ્રવેશી ચૂક્યો છે એને ખાળવા-અટકાવવા અત્યંત જરૂરી છે.

એ સંબંધમાં કેટલાક વિચારો અહિં પ્રસ્તુત થયા છે.

❖ ગુરુની પૂજા માટે ગુરુ ભ. પાસેથી જ વાસક્ષેપ લેવો એ એકદમ અનુચિત છે. જો તમારે ગુરુપૂજન કરવું હોય તો વાસક્ષેપ વગેરે બધી જ સામગ્રી તમારે લઈ આવવી એ હિતાવહ છે.

❖ બહેનોએ બરાબર માથે ઓઢીને જ ગુરૂપૂજન કરવું જોઈએ અન્યથા ઘણા દોષો ઉદ્‌ભવી શકે તેમ છે.

❖ પ્રભુનાં કે ગુરુનાં અંગુઠે એકત્રિત થયેલ વાસક્ષેપ એ હવે નિર્માલ્ય દ્રવ્ય છે એને ઘરે રાખવા કે રોજ માથે નાંખવા લઈ ન જવાય આ ધ્યાન રાખવું અત્યંત જરૂરી છે.

❖ વર્તમાનકાળે ઘણા ગૃહસ્થો પૈસાથી ગુરુપૂજન કરતી વખતે તે પૈસા વગેરેનો સાધુને જાણતાં કે અજાણતાં સ્પર્શ કરાવી દે છે જે યોગ્ય નથી.

❖ ગુરુની પૂજા કરવાને બદલે - અજ્ઞાનવશ થાળીમાં મૂકેલ પૈસાની જ પૂજા ગૃહસ્થો કરી નાંખતાં હોય છે. જે અટકવું જોઈએ જોનારે પણ અટકાવવા જોઈએ.

❖ ગુરુની પૂજામાં વપરાયેલ દ્રવ્યને સ્વમતિ કલ્પનાથી દેવદ્રવ્યમાં લઈ જવાની પ્રવૃત્તિ પણ અનુચિત છે. સંવેગી પરંપરાને અનુસરતા અને જિનાજ્ઞાને માથે ધરતાં આત્માએ આવી પ્રવૃત્તિ ન કરવી. બલ્કે તે ગુરુપૂજા નાં દ્રવ્ય ને 'ગુરુ વેયાવચ્ચ' ખાતામાં જમા કરાવવું.

❖ આ બોલથી એવું સ્પષ્ટ સમજાય છે જે પદસ્થ નથી એવા મુનિઓની પૈસાથી પૂજા કરવાની નથી. આનાથી ક્યાં ક્યાં કેટલો અતિરેક ટાળવાનો છે. એ પ્રત્યેક સુજ્ઞ આત્માઓએ સમજી લેવો જોઈએ.

❖ બોલ ૧૦ અને ૧૨ ને વાંચતા પણ ચોક્કસ વિચારણા કરવાનું મન થાય કે જે રીતે અત્યારે શ્રમણસંઘમાં વિજાતીય વર્ગ સાથે વાર્તાલાપ શરુ થયો છે, બે રોકટોક ગમે ત્યારે વસતિમાં ગમનાગમન વધ્યું છે, ગમે તે સાધુ સ્વચ્છંદતાથી કે પછી માત્ર એના ગુરુની જ આજ્ઞાથી વિજાતીય સમૂહને વાચના આપવાનું કે ભણાવવા ઇત્યાદિનું કાર્ય કરે છે જે સર્વથા અનુચિત છે સંયમને અસ્થિર કરવામાં પ્રબળ નિમિત્ત છે આવી પ્રવૃત્તિઓ અટકવી જ જોઈએ એકલા વિજાતીય સામે વાચના-વ્યાખ્યાન કે પાઠ આપવો વગેરે પ્રવૃત્તિથી કોઈકને લાભ દેખાતો પણ હોય તો'ય એ વાસ્તવમાં લાભ નથી લાભ કરતાં નુકસાન વધુ છે

શાસનનાં હિતમાં આવી પ્રવૃત્તિઓને આપણા વડીલોએ ક્યારેય સ્વીકારી કે આચરી નથી.

❖ બોલ ૧૫માં પણ જે વાત કરી છે - મર્યાદા બાંધી છે એ અત્યારે પણ એટલી જ અનિવાર્ય પણે આવશ્યક જણાય છે.

કોઈપણ જ્ઞાનભંડારનું પુસ્તક પૂછ્યા વિના બહારગામ નહીં લઈ જવું જોઈએ ઘણીવાર એવું જોયું છે કે અલગ-અલગ જ્ઞાનભંડારનાં પુસ્તકો-ગ્રંથો જે તે સાધુ-સાધ્વીજી ભગવંતોએ મંગાવ્યા હોય પણ કામ પતી ગયા પછી તુરત તે ભંડારને વ્યવસ્થિત રીતે પહોંચાડી દેવાને બદલે કોઈપણ જગ્યાએ જ્યાં ત્યાં જેમ તેમ મૂકીને ચાલતા થઈ જાય છે જે સાવ અયોગ્ય છે એનાથી ઘણી તકલીફો ઉભી થાય છે આજે આ તકલીફ ઘણી વકરી છે એને તૂર્ત કાબૂમાં લેવી હિતાવહ છે.

❖ બોલ ૧૬ માં નિયમ કર્યો છે કે સામાન્ય સાધુએ સ્ત્રીને આલોચના આપવી નહીં આજે તો કોઈપણ સાધુ (અને કેટલાક શ્રાવક પણ) શ્રાવક થોડુંક બોલતા આવડી જાય કે પછી અન્યને આવર્જિત કરતાં શીખી જાય એટલે મનમાં જે આવે તે આલોચના આપતાં થઈ જાય છે એ જરા'ય યોગ્ય નથી, આલોચના પણ એક માધ્યમ બની ગયું છે લોકસંપર્કનું જેનાથી પણ સાધુની સાધના જોખમમાં મૂકાય છે એટલે આ બાબત પ્રત્યે પણ નિયમન કરવાની અત્યંત આવશ્યકતા છે ભવઆલોચના લેવાડવાનો જે રીતે આગ્રહ કરવામાં આવી રહ્યો છે પાણી ચડાવાઈ રહ્યું છે જે એકદમ અસહ્ય છે. એમાં પણ વિવેક જરૂરી છે.

❖ બોલ ૨૭ ને વાંચતાં પણ ઘણી સ્પષ્ટતા થાય છે કે પ્રતિક્રમણ પછીનાં રાત્રીપ્રોગ્રામ કે પ્રવચનમાં બેનોની અર્થાત્ વિજાતીયની ઉપસ્થિતિ અટકાવવી જ જોઈએ. દિવસે સંઘસમક્ષ દેવ-ગુરુની ભક્તિ સ્વરૂપે ગીતગાનાદિ કરે અર્થાત્ ગહુંલી વગેરે ગાય તો બાધ નથી (અને એ

ગહુંલીઓ કેવી ગાવી જોઈએ એ માટે જો માર્ગદર્શન જોઈતું હોય તો આ જ ગ્રંથ જે અત્યારે તમારા હાથમાં છે તેનું વાંચન પણ ઘણું ઉપયોગી નીવડશે इतिभाति ।

❖ બોલ ૩૦માં પ્રવચનકારની પાત્રતા સ્પષ્ટપણે પેશ કરી છે એકલી શ્રાવિકા-બેનો આગળ પણ વ્યાખ્યાન આદિ ન કરવું એમ ચોક્ખું લખ્યું છે અને તેમ છતાં પણ મોટાપાયે એકલી કન્યા શિબિરોનાં આયોજનો થઈ રહ્યા છે જે આ બોલથી બંધ કરી દેવા જોઈએ એવું લાગે છે. મને તો લાભ થાય છે એના કરતાં નુકસાન અમાપ છે એમ વિચારવું જોઈએ.

એક વાત સમજી લેવા જેવી છે કે સ્વમતિથી અપવાદની આરાધના એ તારક નથી તો અપવાદનાં નામે અનાચારનું સેવન કરીને પણ 'હું તો એકદમ શુદ્ધ છું' એમ તો કેમ કહી શકાય? ને એવું કહેનારને ચલાવી લેવાય? ન જ ચલાવી લેવાય એમ સ્પષ્ટપણે સમજાય છે.

❖ બોલ ૩૫માં પણ ઘણી ગંભીર વાત ને લઈને નિયમન કર્યું છે કે દીક્ષા લેનારને દીક્ષા પહેલા ધનાદિકની સહાય નહીં જ આપવી - વર્તમાનમાં શિષ્યપ્રાપ્તિની ઘેલછામાં આડેધડ રીતે સાધુઓ એ મુમુક્ષુનાં પરિવારને - એના માતા-પિતા વગેરેને ધનાદિકની ખૂબ સહાય કરતાં હોય છે જે કરવાની આ બોલ ચોક્ખી ના પાડે છે દીક્ષા પછી ઉચિત સમયે ઉચિત જાણીને યોગ્ય સહાય કરવાની છૂટ પણ આપી છે તો બીજી એક અત્યંત ઉપયોગી વાત એ કરી છે કે નૂતન દીક્ષિત સાધુ કે સાધ્વીએ ગૃહસ્થ સાથે જરાય વાર્તાલાપ કરવાનો નથી. આજે આ નિયમ ખૂબ જરૂરી છે દીક્ષાનાં પહેલા જ દિવસથી બેફામ બોલવાનું વધતું જાય છે ને પછી અનેક આપદાઓ ઉભી થવા માંડે છે માટે આવા નિયમો અત્યંત લાભકારી છે.

❖ બોલ ૩૬ પણ ખૂબ જ ગુણકારી છે એનાથી એમ ફલિત થાય છે કે કોઈપણ સાધુ-સાધ્વીએ જાતે વડીલ ને પૂછ્યા વિના કાંઈપણ વસ્તુ ન મંગાવવી જોઈએ ઉપકરણોની માત્રા-સંખ્યા અહિ નિર્દિષ્ટ છે એને

આજનાં કાળનાં ઉપકરણોની સંખ્યા સાથે સરખાવતાં આભ-ગાભનું અંતર પડે છે ઉપકરણનાં નામે ઘણા બધા અધિકરણો ઘુસી ગયા છે/રહ્યા છે જેને તાત્કાલિક ધોરણે અટકાવવા પડશે.

અહિ તો માત્ર થોડીક જ વિચારણા કરી છે બાકી તો દરેક બોલ પર વિચારણા થાય તો પણ ખોટું નથી પણ વાચકવર્ગ પણ સ્વયંસુજ્ઞ છે થોડોક પરિશ્રમ કરીને આ બોલ-નિયમોમાં જે ઉપાદેય છે તે સત્વરે સ્વીકારી-આદરી લેવા જેવું છે.

જો આવા પટ્ટકો અત્યારે પુનઃ સંશોધિત કરી જો તૈયાર કરાય તો ઘણો લાભ થાય.

વર્ષો પૂર્વે આ સાધુમર્યાદાપટ્ટક શ્રી આત્માનંદ જન્મશતાબ્દિ સ્મારકગ્રંથમાં પ્રકાશિત થયેલ તે શુદ્ધિ સાથે અહિ પુનઃ પ્રકાશિત કરવામાં આવી રહ્યો છે.

સંવેગી પૂજ્યોએ ભેગા મળીને આ પટ્ટક તૈયાર કર્યો છે એ એક આનંદની વાત છે પૂર્વ પ્રસ્તાવનામાંથી આવશ્યક અંશોને ચૂંટીને અહિ ફરીથી નવી પ્રસ્તાવના તૈયાર કરી છે અસ્તુ.

• • •

# સંવેગીસાધુ મર્યાદા પટ્ટક

### શ્રી વીતરાગાય નમઃ

સંવેગી સાધુસમુદાય યોગ્ય વ્યવહાર મર્યાદાના બોલ લખીએ છીએ. યથા-

૧. પદસ્થ આચાર્ય, ઉપાધ્યાય વિના નાણાથી અંગપૂજા ન કરવી.

૨. પદસ્થ વિના સોનેરી રુપેરી સાજનાં ઝરમર ચંદુઆ (ચંદરવા) બંધાવવા નહિ.

૩. જેણે પ્રતિબોધ્યો હોય તેણે શિષ્ય તેને દેવો, પદસ્થને પૂછીને.

૪. કોઈ શિષ્ય ગુરુથી દુમણો થઈ પર સંઘાડા માંહે જાય તિવારે તેહના ગુરુની આજ્ઞા વિના તેણે ન સંગ્રહવો અને વડે-લહુડે વ્યવહાર વાંદવો પણ નહિ અને ગુરુના અવર્ણવાદી પ્રત્યનીકતા કરીને જાય તિવારે વેષ લઈને કાઢી મુકવો.

૫. આચારિયા યોગ વિના વ્યવહારી ગીતાર્થે આહારપાણી આણ્યો ન લેવો. રોગાદિ કારણે જયણા.

૬. સામાન્ય યતિએ અધિક વસ્તુનું પુંઠીયું ન રાખવું, પદસ્થે પણ યથાયોગ્યપણે કારણ જાણી ૪ માસ ઉપરાંત ન રાખવું, પર્વદિને દૃષ્ટિ પડિલેહણ કરવું.

૭. માસકલ્પ પાલટવો તે જિહાં ગોચરી વસતિ સ્થંડિલ ભૂમિકા પલટાઈ તિમ પાલટવો, રોગાદિક કારણે જયણા.

૮. હાજા પટેલની પોલે નવા ફતાની પોલ મધ્યે કારણ વિના ચોમાસું ન રહેવું, બીજે સ્થાનક પણ ત્રસ જીવાદિ વિશેષ હોય તિહાં ન રહેવું.

૯. તથા એક સામાચારીએ એક માંડલીના એક પરિણ(ણા)તિને ઘેરે ઉપરાઉપરી ન જવું.

૧૦. તથા સામાન્ય યતિએ સ્ત્રિયાદિકને ઘરે જઈ ભણાવવું નહી, આલાપસંલાપ ન કરવો, જો અક્ષરાદિક પૂછે તો ઉપાશ્રય મધ્યે કહેવો.

૧૧. તથા સામાન્ય યતિએ ૧૦૦૦ શ્લોકથી અધિક લખાવવું નહિ, તે પણ લેખકને ઘરે જાવું આવવું નહિ, પુસ્તક વેચાતા લેવા આશ્રી પણ ક્રયવિક્રય ગૃહસ્થ હાથે કરવો કરાવવો પણ સ્વયં સંયતે ન કરવો.

૧૨. તથા વયો વર્ષ ૬૦ દીક્ષાપર્યાય વર્ષ ૨૦ તથા ૧૨ વય વિના એકલે જાવું આવવું, સ્ત્રિયાદિકને ભણાવવું નિષેધ, રોગાદિ કારણે જયણા, ઉપાશ્રય મધ્યે આવ્યાને બોલાવવાની જયણા.

૧૩. તથા થાપના ઘર કલ્પીત હોય તિહાં નિત્યે આહાર અર્થે ન જાવું.

૧૪. તથા પરિણાતીનો સંઘવી થઈ સચિત્તપરિહારિ પ્રમુખ છ-રી પાલતો ન હોય તે સાથે યાત્રાએ ન જાવું, કારણે જયણા.

૧૫. સ્થલભંડારનું પુસ્તક પરગામે લઈ ન જાવું, કારણે લઈ જાય તો ૪ ગૃહસ્થને પૂછીને લઈ જાવું, વર્ષ ૨ મધ્યે પહોંચાડવું.

૧૬. સામાન્ય યતિએ સ્ત્રીને આલોયણ ન દેવી.

૧૭. તથા વડલહુડાઈ વ્યાવરન વિધિ સાચવવો અને જો કદાચિત્ વ્યાનાદિક ૨૬નો વડેરાને કર્યાની જયણા.

૧૮. પરજ્ઞાતિમાં સમગ્ર ઘર થયા વિના સાધારણાદિ ન લેવું, પર-સમવાયી ગુણાનુરાગે આવે તો તે સમવાયની સ્થિતિમર્યાદા દાનાદિક છંડાવવું નહિ.

૧૯. તથા જે આવીને ક્રિયાવ્યવહારમાં ભલાઈ તેહને નિઃપરિગ્રહીપણું અને યોગાદિ ક્રિયા સકલ વિધિ મોટા મર્યાદાપટ્ટક પ્રમાણે સાચવતો

જાણીએ તો એક માંડલે આહારાદિ વિધિ સાચવવો, અન્યથા તેહને આહારાદિ દેવો પણ તે પાસે અણાવવો નહિ.

૨૦. જિવાર લગે ગચ્છનાયકનો દિગ્બંધાદિ કરીએ તેણે સંબંધ ટાળ્યો ન હોય તિવાર લગે તે ગચ્છનાયક મીલ્યે સજ્ઝાય માંડલી અને શય્યા અને પાખિ ખામણાદિક વ્યવહાર સાચવવો અને ક્ષેત્રાદિ શયણસ્ય વ્યવહાર ગોચરી પ્રમુખ આર્દ્રાનક્ષત્ર પહેલાં જવાઈ ઇત્યાદિ વ્યવહાર સાથે આદેશ સાચવવો અને ગચ્છનાયક ગામ મધ્યે છતે પ્રભાતે વ્યાખ્યાન ન માંડવું, કારણે પાછલે પ્રહરે માંડે તો ના નહી.

૨૧. અને ગચ્છનાયક ગચ્છસંબંધ ટાળ્યા પછી માંડલી વ્યવહાર નહિ મિલ્યે ફેટાવંદાન વ્યવહાર કરવો, લોકસમક્ષ અવર્ણવાદ ન કહેવો, પૂછે તેને કહેવું જે અમ્હોને ભિન્ન કર્યા છે તે માટે અલગા રહીએ છીએ.

૨૨. તથા પાત્રે બેઠાં આહરાદિકાર્યે તથા અકુદિપણે થંડલાદિકાર્યે તથા આગાઢ કારણે એકલા જાવું પણ અન્યથા એકલા જાવું નહિ.

૨૩. તથા સામાન્ય યતિએ વાટે બોલાવવો ન લેવો, વિશેષ કારણે જયણા. ગૃહસ્થાદિક સાથે આવીને લીએ તો ના નથી.

૨૪. તથા સંવચ્છરી પડીકમ્યો ઈ સંવછરી-દાને સ્વસમવાયી પરસમવાયી ટાળવો નહીં અને તીર્થંકરની ભક્તિની સ્વગચ્છી પરગચ્છી ન જોવો, ગુણાનુરાગબંધનઈ અંગીકાર કરવો.

૨૫. તથા દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય, સાધારણદ્રવ્યની વિશુદ્ધતા જાણીએ તેહનું સાંહમીવચ્છલ લેવું કરાવવું, જ્ઞાતિ વિવાહાદિક તો જિનધર્મની શોભા દિસે તિમ વર્તવું, ગૃહસ્થને એ રીતે પણ તિહાં સાધુએ જાણી અંધલ-સામલ કરી પક્ષપાત ન કરવો.

૨૬. અને કોઈ યતિએ ગૃહસ્થને છંદે પ્રવતર્તીને ગચ્છ ગચ્છનાયકથી વિપરીતપણે કરી પોતાના પક્ષપાતે ન કરવા અને ગુણાનુરાગે રાગી

તથા ગૃહસ્થ તે પણ પોતાનો ધર્મ રહે તે તેહને જણાવવું પણ તેહની વૃત્તિ ભાજે એમ વ્યુદ્ગ્રાહિત ન કરવો.

૨૭. તથા રાત્રે ધર્મજાગરિકાની થાતી હોય તિહાં યતિએ ન રહેવું, ગૃહાંતરે શ્રાવકધર્મ જાગે તો સાંભળે, ઉદેરી જાવું નહિ અને દિવસે શ્રાવિકા ગીતગાનાદિ કરે તો સાંભળે અને રાત્રે શ્રાવક ધર્મજાગરિકા કરે તો સાંભળે અને માસકલ્પાદિ ગૃહે પાલટતે પદસ્થાદિકને પણ અવિકાર ધર્મજાગરિકા ગૃહાંતરે કરે પણ એક વસતિમાં ન કરે અને કોઈ વિશેષ કાર્ય લાભાલાભ દેખીએ તો ના નહિ.

૨૮. સામાચારી ગુરુપરંપરાગત શ્રાવકને ઉપધાન વહ્યા વિના માંડલીમધ્યે આદેશ વિશેષ પર્વે ન દેવો, સાહમીવચ્છલાદિ વિશેષ યોગે ના નહી.

૨૯. સાધ્વી ન કરવી, કદાચિત સ્વયંબંધિની હોય તો ૪૦ વર્ષ પછી દેવાની જયણા અને પરગચ્છી આવે તો વડેરાને પૂછીને રાખવી.

૩૦. ગીતાર્થ વિના વ્યાખ્યાન કરવું. જઘન્યથી સમવાયાંગ સૂત્ર ગમા મેળવી જાણે, સંસ્કૃતભાષાનિપુણ, શ્રદ્ધાવંત, શુદ્ધપ્રરુપક, ભાષા કુશીલ નહિ, સુશીલ ગચ્છનાયકનો દિગ્બંધી તે ગીતાર્થ વ્યાખ્યાન કરવાનો અધિકારી. એકલી શ્રાવિકાની પર્ષદા આગલે વ્યાખ્યાન ન કરવું, રોગાદિક કારણે જયણા.

૩૧. વિશેષ કારણ વિના પહેલી ૬ ઘડી દિન પાછલી ૪ ઘડી મધ્યે આહાર ન કરવો. વસતિ બાહિર ન નીકળવું. કારણવિશેષ વડાને પૂછીને જાવાની જયણા.

૩૨. માંડલી વિના વિગયાદિ સરસ આહાર ન કરવો, પારણાદિકને કામે શીતલ ભક્તાદિકની જયણા.

૩૩. ષટ્પર્વીએ વિગય ન લેવી, વિશેષ તપાદિકની જયણા.

૩૪. વસતિ પોતાની નિશ્રાએ ન કરવી અને બીજાને ઉતારવાનો એક સામાચારીનાને બાધ ન કરવો. પાત્રાદિ ધર્મોપકરણ નવદીક્ષિત મનોરથે વેચાતાં લીએ પણ પોતાની નિશ્રાએ ન લેવા.

૩૫. શિષ્યાદિક લેતાં ધનાદિકની સહાય કરવી તે દીક્ષા લીધા પછી તે ગુણવંત થયો જાણી તેહના સંબંધો શ્રાવકને શાસનશોભા માટે ધર્મરુચિ પ્રાણી તે સહાય કરે પણ યતિએ તેહની ઉદીરણા ન કરવી અને પહેલાં સાહાય દ્રવ્યનું કરાવીને દીક્ષા ન દેવી નવદીક્ષિત શિષ્યને ગૃહસ્થ ગુહસ્થિણી સાથે આલાપસંલાપ ન કરવો, ગૃહસ્થ ગૃહે ભણવા-ભણાવવાદિકે જાવાનો પ્રસંગ ન કરવા દેવો.

૩૬. વસ્ત્રપાત્રાદિકનો ખપ હોય તિવારે જો પ્રવર્તક હોય તેહને કહેવું, વડલહુડાઈ વસ્ત્ર કરાવવી કલ્પક ૧, કાંબલી ૧, ચોલપટ ૧, સંથારીયું ઉત્તરપટ્ટો ૧, લુંછણો ૧, મુહપત્તિ ૨ અને પાત્રાંનાં ઉપગરણ પાત્રા સામાન્ય યતિને ઢાકણા સહિત ૫ તથા ૭ પટ્ટ (પદ)સ્થને, વિશેષ કામેં અધિકની જયણા, પાત્રાં પણ કાલાં રોગાન વિના રાખવા. પદસ્થને આહારનું તથા પાણી પીવાનો ચેતનો સફેદ વર્ષે રાખવો.

૩૭. તથા નવદીક્ષિત શિષ્યને વિશેષ જ્ઞાન તપ વૈયાવચાદિ કલા ગુણનીપના વિના સંસારીયા મધ્યે વિહાર ન કરવો.

૩૮. તથા અવધાદિક દ્રવ્ય એકના ગૃહથી લઈ સ્વનિશ્રાએ ગૃહાંતરે ન મુકવો.

૩૯. તથા કુણેં સ્વસમાચારીના ગીતાર્થ તથા સ્વપરિણતિ સમુદાય મુકીને અપરમત ગચ્છના યતિ પાસે ભણવા ન જાવું.

૪૦. સાત ક્ષેત્રમાંને નામે દ્રવ્ય જે શ્રાવકે કર્યા હોય તિહાંથી લઈ અપર શ્રાવક પોતાનો મેળાપી હોય તિહાંને ઘેર યતિએ ઉદીરણા કરી મુકાવવો નહિ, ગૃહસ્થ મલી મૂકે તે વારુ, તીર્થાદિકને ઠામે વિશેષ કારણે જયણા.

૪૧. તથા વિદ્યમાન ગચ્છનાયકે સંબંધ ટાળ્યો હોય તોહે પણ અપર-ગચ્છનાયકને ન આશ્રયા હોય તિહાં લગે ગચ્છ તથા ગીતાર્થની નિશ્રા ન મુકવી, દિગ્બંધ તેહનો રાખવો અને જો અપરગચ્છનાયક કરે તે પણ પોતાના ગુર્વાદિકના અનુયોગ હોય તે પરંપરાનો

ગચ્છનાયક પંચ સંમત સૂરિમંત્રના પીઠ સંસ્થાપનયુક્ત કરીને તેહ નિશ્રા પણ વર્જવી.

૪૨. તથા એક સામાચારીના ગીતાર્થ એક વસતિ મધ્યે હોય તો વડલહુડાઈએ પટીઉં આપવું પણ ગૃહસ્થને પક્ષપાતે ક્લેશ ઉદીરવો નહીં, તેહની આજ્ઞાથી વ્યાખ્યાનાદિકનો વ્યવહાર સાચવવો.

ઈત્યાદિક મર્યાદાપટ્ટક સર્વસંવેગી સમુદાયે પાળવા-પળાવવા વિશેષ બોલ શ્રી જગચંદ્રસૂરિકૃત મોટા પટ્ટાથી જાણવા, તદનુસાર શ્રી આણંદવિમલસૂરિપ્રસાદિકૃત ૫૭ બોલ, ભ. શ્રી હીરવિજયસૂરિપ્રસાદીકૃત ૩૬ બોલ, ભ. શ્રી વિજયદાનસૂરિપ્રસાદીકૃત ૩૫ બોલ એવં ભલી રીતે મર્યાદા પાળવી. અત્ર પં. જયસોમગણીમત, પં. જસવિજયગણી ગ., સત્યવિજય ગ. ૠદ્ધિવિમલ ૠ., મણીચંદ્ર ૠ, વીરવિજય.

• • •

પરિશિષ્ટ-૧

## ગહુંલીઓની આદિ પંકિતની અકારાદિ પ્રમાણે સૂચિ


| ક્રમ | આદિ પંક્તિ | કડી | કર્તા | પેજ નં. |
|---|---|---|---|---|
| ૧. | અજબ કીઓ રે મુનિરાય | ૭ | પં. પદ્મવિ. | ૩૩ |
| ૨. | આગમરસના રે દરિયા | ૫ | પં. રુપવિ. | ૬૧ |
| ૩. | આજ રે હો મનમોહન | ૯ | પં. જિનવિ. | ૧૦ |
| ૪. | આતમ ધરમ સુણન ભણી | ૭ | પં. ઉત્તમ વિ. | ૧૮ |
| ૫. | આવો આવો સહિયરો વાંદીયે | ૬ | મુ. કુંવરવિ. | ૭૫ |
| ૬. | એક દિન આવી સમોસર્યા | ૯ | પં. રુપવિ. | ૫૦ |
| ૭. | કલ્પસૂત્ર પૂજો ઉછરંગે | ૮ | પં. અમીવિ. | ૬૪ |
| ૮. | ગુણવંતા પ્રભુની દેશના | ૬ | મુ. કુંવરવિ. | ૭૧ |
| ૯. | ગુરુ ગુણવંતા વાંદીયે | ૮ | મુ. કુંવરવિ. | ૭૪ |
| ૧૦. | ચઉનાણી ગુણખાણી ગણધર | ૭ | પં. રુપવિ. | ૫૪ |
| ૧૧. | ચઉનાણી ગુણખાણી ગણધર ગુણભંડાર | ૮ | પં. રુપવિ. | ૫૫ |
| ૧૨. | ચઉનાણી ચોખે ચિત્તે | ૭ | મું. મોહનવિ.(બીજા) | ૯૧ |
| ૧૩. | ચક્ર ચલે આકાશમાં | ૬ | પં. પદ્મવિ. | ૨૯ |
| ૧૪. | ચંપાનયરી ઉદ્યાન રે | ૭ | પં. જિનવિ. | ૯ |
| ૧૫. | ચાલો હે સહેલી વાંદવા ગણધારી રે | ૭ | પં. રુપવિ. | ૫૯ |
| ૧૬. | ચિત્તહર ચરમ જિણંદ મુણિંદ | ૬ | પં. મોહનવિ. | ૮૪ |
| ૧૭. | ચેલણા લાવે ગુંહલી | ૭ | પં. જિનવિ. | ૭ |
| ૧૮. | જી રે મારે દેશના દ્યો ગુરુરાજ | ૮ | મુ. કુંવરવિ. | ૭૬ |
| ૧૯. | જ્ઞાન દરિસન ગુણ ધરતા આતમકામ | ૫ | પં. ઉત્તમવિ. | ૧૯ |
| ૨૦. | જ્ઞાનાદિક ગુણખાણ | ૯ | પં. જિનવિ. | ૮ |
| ૨૧. | તુમ્હે શુભ પરિણામે શ્રાવિકા | ૭ | પં. ઉત્તમવિ. | ૨૧ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૨. | દેશ પ્રદેશ વિચરતાજી | ૧૧ | મુ. કુંવરવિ. | ૭૭ |
| ૨૩. | સખી વીર જિણંદ પાવાપુરી | ૯ | પં. રુપવિ | ૫૧ |
| ૨૪. | પર્યુષણ ધર્મભૂષણ ભલુ | ૫ | પં. મોહનવિ. | ૮૫ |
| ૨૫. | પંચમ ગણધર વીરના રે | ૭ | પં. પદ્મવિ. | ૩૨ |
| ૨૬. | પ્રણમી તે નિજ ગુરુ ચરણને | ૧૭ | પં. પદ્મવિ. | ૩૮ |
| ૨૭. | પ્રણમીય શાસનદેવતા મંગલ ગાયસ્યું એ | ૧૭ | પં. પદ્મવિ. | ૩૬ |
| ૨૮. | મુનિવરમાં પરધાન, દ્વાદશ અંગનો જાણ | ૧૫ | પં. ઉત્તમવિ. | ૧૬ |
| ૨૯. | મુનિસર સમતા રસ સંગી | ૯ | પં. રુપવિ. | ૫૬ |
| ૩૦. | રાજગૃહી નયરી મનોહાર | ૭ | પં. ઉત્તમવિ. | ૧૫ |
| ૩૧. | રાજગૃહી રળિયામણી, જિહાં ગુણશૈલ | ૭ | પં. પદ્મવિ. | ૩૧ |
| ૩૨. | રુડીને રઢિઆલી રે | ૭ | પં. પદ્મવિ. | ૩૫ |
| ૩૩. | વીતભય પટ્ટણ વીર જિણંદા | ૯ | પં. રુપવિ. | ૫૨ |
| ૩૪. | વીતભય પાટણ વીરજી આવીઆ | ૬ | પં. પદ્મવિ. | ૨૮ |
| ૩૫. | વીર પટાંબર દિનમણિ સરિખા | ૬ | પં. રુપવિ. | ૬૦ |
| ૩૬. | વીર પટોધર વિચરતાજી | ૮ | મુ. મોહનવિ. (બીજા) | ૯૨ |
| ૩૭. | શાસનનાયક વીરજિણંદ | ૮ | પં. રુપવિ. | ૪૭ |
| ૩૮. | શાસનપતિ પ્રભુ વીરના | ૮ | પં. રુપવિ | ૫૮ |
| ૩૯. | શ્રી સરસ્વતી સમરી સદ્ગુરુનેં નમી પાય જો. | ૮ | પં. મોહનવિ. | ૮૬ |
| ૪૦. | ષટવ્રત શુદ્ધા પાલતા મુનિવર સોભાગી | ૯ | પં. ઉત્તમવિ. | ૨૦ |
| ૪૧. | સખી પર્વ પર્યુષણ આવીયા | ૮ | પં. અમીવિ. | ૬૩ |
| ૪૨. | સખી વીરજિણંદ આમલકલપા | ૯ | પં. રુપવિ. | ૪૯ |
| ૪૩. | સમકિત સૂરજ ઉગીયો | ૬ | પં. પદ્મવિ. | ૩૪ |
| ૪૪. | સહિયર મોરા હો વીર જિણંદ સમોસર્યા | ૮ | મુ. કુંવરવિ. | ૭૦ |
| ૪૫. | સહિયર મ્હારી અરિહંત વંદન આવી રે | ૫ | પં. જિનવિ. | ૬ |
| ૪૬. | સાહેલી હે આવી હું હરખ ઉલાસ | ૧૩ | મુ. કુંવરવિ. | ૭૨ |
| ૪૭. | સૈયર જગગુરુ વંદન કરવા | ૧૦ | પં. મોહનવિ. | ૮૨ |
| ૪૮. | સૈયર મોરી ચંપાનગરી ઉદ્યાન રે | ૧૦ | પં. મોહનવિ. | ૮૩ |
| ૪૯. | સોહમસ્વામી ગુણભરીયા | ૬ | પં. રુપવિ. | ૫૭ |
| ૫૦. | સોહમસ્વામી સમોસર્યા સાહેલડીઆ | ૭ | મુ. મોહનવિ. (બીજા) | ૯૦ |
| ૫૧. | હસ્તિયામ વનખંડ મઝારે | ૭ | પં. પદ્મવિ. | ૩૦ |

પરિશિષ્ટ-૨

# ગહુંલીઓમાં પ્રયુક્ત દેશીઓની સૂચિ


| ક્રમ | | પેજ નં. |
|---|---|---|
| ૧ | અજબ બન્યો સિર સેહરો સાહિબ મ્હારા રતિ એકરુપ દેખાય હો એ દેશી | ૯૧ |
| ૨ | અબકોં ચોમાસું ઘર રહીંઇ હો, | ૬૦ |
| ૩ | અભિનંદન જિન દરિસણ તરસીએની દેશી | ૨૮ |
| ૪ | આ છે લાલ ની દેશી | ૮/૧૬ |
| ૫ | આજ રે કાનુડે વ્હાલે અમશું અંતર કીધો રે | ૧૦ |
| ૬ | આવો જમાઈ પ્રાહુણા જયવંતાજીની દેશી | ૭૫ |
| ૭ | આવો મુજ મન મંદિરે એ દેશી | ૫૦ |
| ૮ | આવો હરી લાસરીયાવાલા એ દેશી | ૫૬/૬૪ |
| ૯ | ઉભી ભાવલ દેરાણી અરજ કરે છે | ૬૦ |
| ૧૦ | કેસરીઆ ચઢો વરઘોડે એ દેશી | ૩૦ |
| ૧૧ | ગરબાની દેશી | ૬ |
| ૧૨ | ગિરુઆ રે ગુણ તુમ તણાની દેશી | ૫૭ |
| ૧૩ | ગુણવંતાની દેશી | ૯/૫૯ |
| ૧૪ | ચઢો વરઘોડેને વાંકે અંબાડે | ૧૫ |
| ૧૫ | જગપતિ શ્રી અરજિન જગદિશની દેશી | ૮૦ |
| ૧૬ | જિણંદા તારી વાણીએ મન મોહ્યુ એ દેશી | ૪૫/૪૭ |
| ૧૭ | જી રે જી એ દેશી | ૭૬ |
| ૧૮ | ઝુંબખડાની દેશી | ૩૪ |
| ૧૯ | ત્રીજે વધાવે રે સજની ચૈતર સુદિ તેરસની રજની એ દેશી | ૬૧ |
| ૨૦ | દયા તાહરી મુજ પાંખડીજી લળી લળી લાગુ પાય-એ દેશી | ૯૨ |

૨૧ દ્વારકા તે નગરી દીપતી રે જિનવંદીએ એ દેશી ૩૨
૨૨ ધન ધન જિનવાણી એ દેશી ૫૨
૨૩ નયર માહણકુંડમાં વસે રે એ દેશી ૩૮
૨૪ નીલુડી રાયણ તરુતલે એ દેશી ૭૧
૨૫ પહેલે ભવે એક ગામનો રે એ દેશી ૭૭
૨૬ પીતલ લોટા જલભર્યા એ દેશી ૨૦
૨૭ પોંખણાના ગીતની દેશી ૭૦
૨૮ બીંદલીની દેશી ૫૭
૨૯ મૃગશિર શુદિ એકાદશી દિન જાયા રે એ દેશી ૩૬
૩૦ રુડી રઢિઆલીની દેશી ૩૫
૩૧ લાલ રંગાવો વરના મોલીઆ એ દેશી ૩૧
૩૨ લ્યોને રાજિ ફુંદાલી દોરી એ દેશી ૨૯
૩૩ સખિ ! નેમ ઘૂઘરી તારી ધમ ધમ વાજે એ દેશી ૫૫
૩૪ સખી ! પર્વ પર્યુષણ આવીયા એ દેશી ૮૫
૩૫ સખી સુણ કહીય રે માહરો જિનજી મોહનવેલી
હિયડે વહિયે રે એ દેશી ૫૪
૩૬ સજનીની દેશી ૮૩
૩૭ સમકિતનું મૂળ જાણીએજી એ દેશી ૭૪
૩૮ સંભવ જિનવર વિનતિની દેશી ૨૧
૩૯ સાહેલડીયા એ દેશી ૭/૯૦
૪૦ સાહેલીની દેશી ૭૨
૪૧ સાંભળજો મુનિ સંજમ રાગે એ દેશી ૮૨
૪૨ સુણો ચંદાજીની દેશી ૫૧/૪૯
૪૩ સૂરતિ માસની દેશી ૧૯
૪૪ હાંરે મારે ઠામ ધરમનાં સાડા પચવીસ દેશ જો એ દેશી ૮૬

• • •

પરિશિષ્ટ-૩

# વિશેષ નામોની સૂચિ


| વિશેષ નામ | પૃષ્ઠ સંખ્યા |
|---|---|
| અપાપા નગરી | ૫૦ |
| અંબશાલિ ઉદ્યાન | ૬ |
| આણંદ શ્રાવક | ૩૭ |
| આમલકલ્પા | ૪૯ |
| ઉદક | ૩૦ |
| ઉદાઈ | ૨૮, ૫૩ |
| કાલિકસૂરિ | ૬૧ |
| કોણિક | ૬, ૯, ૩૩, ૪૭, ૫૮, ૮૨ |
| ખંધક | ૩૬ |
| ગજસુકુમાલ | ૩૬ |
| ગુણશીલવન | ૫૪, ૫૫, ૫૮, ૫૯ |
| ગુણશૈલચૈત્ય | ૩૧ |
| ચંપાનગરી | ૯, ૧૬, ૮૩, ૮૪, |
| ચિત્તહરવન | ૮૨ |
| ચેલણા | ૭, ૧૫, ૧૯, ૨૯, ૩૧, ૩૨,૫૪, ૫૫, ૫૯, ૬૦, ૭૦, ૯૧, ૯૨ |
| ઢંઢણમુનિ | ૩૬ |
| ધનગિરિ | ૩૬ |
| ધારિણીરાણી | ૪૯ |
| ધ્રુવસેનરાજા | ૬૧ |
| નાગકેતુ | ૮૬ |
| નાલંદા | ૩૦ |
| પદ્માવતી | ૩૩ |
| પાટણ | ૧૦ |
| પાવાપુરી | ૫૧ |
| પેઢાલ | ૩૦ |
| પ્રભાવતી | ૨૮, ૫૩ |
| ભદ્રબાહુસ્વામિ | ૬૩, ૬૪ |
| મગધ | ૮ |
| મૃગવન ચૈત્ય | ૨૮ |
| રાજગૃહી | ૮, ૧૫, ૧૯, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૭૦, ૯૧, ૯૨ |
| રોહણગિરિ | ૫૫ |
| વનખંડ | ૧૫ |
| વયરસ્વામી | ૩૬ |
| વીતભય પાટણ | ૨૮, ૫૨ |
| શ્રીપાલ | ૮૪ |
| શ્રેણિક | ૭, ૧૫, ૧૯, ૨૯, ૩૧, ૩૪ ૫૪, ૫૫, ૫૬, ૫૯, ૭૦, ૮૩, ૮૪, ૯૧, ૯૨ |
| સિદ્ધાર્થ | ૮૪ |
| સ્થૂલિભદ્ર | ૩૬ |
| હસ્તિયામ વનખંડ | ૩૦ |

પરિશિષ્ટ-૪

# કઠિન શબ્દ કોશ

અભિગમ = સામે જવું

અભિવાદ = વાદ-વિવાદ

અંતેઉર = અંતઃપુર, રાણીવાસ

અંતેવાસી = ગુરુની સમીપે રહેનાર શિષ્ય

આણી = લાવી

આરામ = બગીચો

ઉછરંગ = આનંદ કે તેનો ઉછાળો, ઉત્સાહ

ઉદંત = સમાચાર

ઉવેખીએ = અવગણીએ

ઉંવારણા = અશુભ તથા દુઃખનું વારણ કરવા માટે આશીર્વાદ આપવાની એક રીત, દુઃખણા

ઊલટ = હર્ષ, ઉમંગ

કચોલ = કંકાવટી

કમલાએ = ચીમળાએ

કંકણ = કાંગરાવાળી ચૂડી, બંગડી

ગવેષતા = શોધતા

ગિરુઆ = ગૌરવવાળા, ઉદારદિલના

ગેલ = આનંદ

ગેહિની = પત્ની

ગોપતિ = ઇન્દ્ર

ગોભર = સૂર્ય

ઘટમાંહિ = આત્મામાં

ઘાટ = સ્ત્રીઓને પહેરવાનું એક રેશમી વસ્ત્ર

ઘાટડી = રાતા રંગનું બાંધણીના ભાતનું સ્ત્રીઓને પહેરવાનું રેશમી વસ્ત્ર, ચૂંદડી

ચકોરી = ચકોર પક્ષીની માદા

ચંગ = સ્વચ્છ

ચાકરી = સેવા

ચૂંનડી = એક જાતનુ ભાતીગર રેશમી વસ્ત્ર

ચોરી = વરકન્યા પરણવા બેસે તે મંડપ

જાદર = એક જાતનું ધોળું રેશમી કપડું

ઝાકઝમાલ = આનંદની રેલમછેલ
ટાણું = અવસર
ઠાઠ = ભપકો, શોભા
તરણિ = સૂર્ય
તોરી = તોડી નાંખી
દાંતે તરણા લેવા = નમી પડવું,
દિનમણિ = સૂર્ય
દેદાર = દીદાર, દેખાવ
ધોરી = મુખ્ય
નિરવદ્ય = દોષરહિત
નિષ્કામ = ફળની ઇચ્છા વિનાના
નેઉર = ઝાંઝર
પટાંબર = પાટપરંપરા રૂપી આકાશ
પનોતી = ભાગ્યશાળી સ્ત્રી
પરવડા = પ્રકૃષ્ટ (?)
પહેરણા = કુરતો
પાટવી = ગાદીનો વારસ
પાલવવું = પોષવું
પાસ = પક્ષ, ૧૫ દિવસ
પાંગર્યા = નીકળ્યા
પીહર = પીયર (?)
પુષ્કરણી = તળાવડી
પુષ્કલ જલધાર= પ્રલય કે કલ્પ ને અંતે વરસતો મેઘ
પ્રમદા = જુવાન સુંદર સ્ત્રી
બલિહાર = વાહવાહ

ભમરી = ઘૂમરી
ભામિની = રૂપાળી જુવાન સ્ત્રી
ભાલી = ભાલ, કપાલ
મચાવે છે = જામે છે, જોશમાં આવે છે.
મણા = ઊણપ
મહાલતા = ઠાઠમાઠથી આનંદમાં અહિં તહિં ફરવું
મહિષા = પૃથ્વી (?)
મહેર = કૃપા, દયા, અનુગ્રહ
મહેરબાન = કૃપાળુ
મંડી = ખંતથી વળગવું, લાગવું
મામ = માયા, મમતા
મિચંત = આંખ બંધ કરવી
મુણીજે = જાણીજે
મોભી = અગ્રણી, મુખ્ય
યામ = પ્રહર (ત્રણ કલાક)
રતિ = આનંદ, અનુરાગ
રંગમરેલ = આનંદની રેલ, ઘણો આનંદ
રાતીમાતી = હૃષ્ટપુષ્ટ અને આનંદમાં
રામી = બગીચો
લગાર = થોડી પણ
લંગર = સ્ત્રીઓનું પગનું એક ઘરેણુ
લેખે = હિસાબે, પ્રમાણે

| | | |
|---|---|---|
| વસન | = | વસ્ત્ર |
| વાઘા | = | ડગલો, પોશાક |
| વારુ | = | ઠીક, સારુ |
| વિચાલ | = | વચ્ચેની ખાલી જગ્યા |
| શચી | = | ઇંદ્રાણી |
| શલ્ય | = | માયા, નિયાણ અને મિથ્યાત્વ રૂપ ત્રણ દોષ |
| શાણી | = | ચતુર |
| શ્રુતભાણ | = | શ્રુતસૂર્ય |
| સજાઈ | = | સજાવટ |
| સદ્મ | = | આવાસ |
| સનૂરે | = | પ્રકાશ કે સુંદરતા સહિત |
| સમારે | = | દુરસ્ત કરે, વ્યવસ્થિત રીતે આચરે |
| સંભારી | = | યાદ કરી |
| સામૈયુ | = | વાજતે ગાજતે સામે લેવા જવું |
| સારંગનયણી | = | વિષ્ણુના ધનુષ જેવી આંખવાળી |
| સુરંગી | = | સારા સુશોભિત રંગનું |
| સુહાલી | = | સુંદર |
| સુહાવે | = | શોભવું |
| સોહવ | = | સધવા સ્ત્રી |
| સોહાગણ | = | સૌભાગ્યવતી |
| હય | = | ઘોડા |
| હુંસ | = | ઊલટ, ઉમંગ |
| હેજ | = | ઉમળકો |
| હેષંત | = | ઘોડાનો હણહણાટ |

❋

પરિશિષ્ટ-૫

## ગહુંલીઓનાં કર્તા વગેરેની સૂચિ

| ક્રમ | આદિ પંક્તિ | પદ | ગહુંલી |
|---|---|---|---|
| ૧. | અમીવિજયજી મ. | પંન્યાસ | ૨ |
| ૨. | ઉત્તમવિજયજી મ. | પંન્યાસ | ૬ |
| ૩. | કુંવરવિજયજી મ. | મુનિ | ૭ |
| ૪. | જિનવિજયજી મ. | પંન્યાસ | ૫ |
| ૫. | પદ્મવિજયજી મ. | પંન્યાસ | ૧૦ |
| ૬. | મોહનવિજયજી મ. | પંન્યાસ | ૫ |
| ૭. | મોહનવિજયજી મ. | મુનિ | ૩ |
| ૮. | રૂપવિજયજી મ. | પંન્યાસ | ૧૩ |

• • •

પ.પૂ. નિસ્પૃહશીલ આ.ભ. ગુરુદેવ **શ્રીજગચ્ચન્દ્રસૂરીશ્વરજી** મહારાજ
(ડહેલાવાળા) સૂરિપદપ્રદાનરૌપ્યમહોત્સવ
(વિ.સં. 2055 - 2080)નાં ઉપલક્ષમાં

## જૈનાચાર્ય શ્રીજગચ્ચન્દ્રસૂરિ-સૂરિપદ રૌપ્યવર્ષ ગ્રન્થપુષ્પમાળાનો શુભારંભ

## તદન્તર્ગત પ્રકાશિત થનારા ગ્રંથોની યાદી :

- સંવેગી પરંપરા કૃતિસંદોહ ૧ થી ૧૦ ભાગ
- શ્રી દ્વાદશારનયચક્ર - પ્રથમઅર હિન્દી અનુવાદ સવિવેચન
- પં. શ્રી રૂપવિજયજી મહારાજ કૃત વિમલમંત્રીરાસ
  (અદ્યાવધિ અપ્રગટ હસ્તપ્રતો દ્વારા લિપ્યંતર - સંશોધન - સંપાદન)
- સપ્તનયરાસ - ગુજરાતી વિવેચન ભા. ૧,૨.
- પં. શ્રીરત્નવિજયજી મહારાજ કૃત
  આર્ય અનાર્ય દેશજ્ઞાપક ચર્ચાપત્ર
- મુહપત્તી ચર્ચાસાર સંગ્રહ
- પં. શ્રીરત્નવિજયજી મહારાજનું જીવનચરિત્ર
- પં. શ્રીધર્મવિજયજી મહારાજનું જીવનચરિત્ર
- અપ્રતિમપ્રતિભાસંપન્ન પ.પૂ. આ. શ્રીસુરેન્દ્રસૂરીશ્વરજી મહારાજનું સંશોધિત જીવનચરિત્ર
- ક્રિયારત્ન સમુચ્ચય (અનેક હસ્તપ્રતો દ્વારા લિપ્યંતર - સંશોધન - સંપાદન)
- શ્રી આઠદષ્ટિની સજ્ઝાય હિન્દી વિવેચન.

• • •

## જૈનાચાર્ય શ્રીજગચ્ચન્દ્રસૂરિ - સૂરિપદરૌપ્યવર્ષ ગ્રંથમાળા અન્તર્ગત પ્રકાશિત થયેલ ગ્રંથો

| | | |
|---|---|---|
| ૧. | શ્રી હૈમવિભ્રમ - (શ્રીગુણચન્દ્રગણિકૃત તત્ત્વપ્રકાશિકા ટીકા અને શ્રીજિનપ્રભસૂરિકૃત વૃત્તિ સમેત - અનેક હસ્તપ્રતો દ્વારા લિપ્યંતર - સંશોધન - સંપાદન) | |
| ૨. | શાંતિસ્તવ - શ્રીલક્ષ્મીવલ્લભગણિકૃત શાંતિભક્તામરનો પદ્યાનુવાદ | ગુજરાતી |
| ૩. | સંવેગીપરંપરાકૃતિસંદોહ - ૧ | ગુજરાતી |
| ૪. | શ્રી અન્યયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકા અજ્ઞાનકર્તૃક અપ્રગટ અવચૂરિ સહ - હસ્તપ્રત દ્વારા લિપ્યંતર - સંશોધન - સંપાદન) | संस्कृत- ગુજરાતી |
| ૫-૬-૭. | Samaraditya Mahakatha (Vol, 1, 2, 3) | English |
| ૮. | શ્રી દશાશ્રુતસ્કંધ સૂત્ર - શ્રીબ્રહ્મર્ષિકૃત ટીકા એવં ટબો (અદ્યાવધિ અપ્રગટ અનેક હસ્તપ્રતો દ્વારા લિપ્યંતર - સંશોધન - સંપાદન) | प्राकृत- संस्कृत-हिन्दी |
| ૯. | Anjana | English |
| ૧૦. | Jambukumar | English |
| ૧૧. | Rishidatta | English |
| ૧૨. | Sursundari | English |
| ૧૩. | Adventures of Prince Shrenik | English |
| ૧૪. | Kalikalsarvagna Hemchandrasuri | English |
| ૧૫. | Sulsa | English |
| ૧૬. | સંવેગી પરંપરાકૃતિ સંદોહ-૨ (ગહુંલી સંગ્રહ-પૂર્વાર્દ્ધ) | ગુજરાતી |

## આ. શ્રીસુરેન્દ્રસૂરીશ્વરજી જૈન તત્ત્વજ્ઞાનશાળાનાં પ્રકાશનો અંતર્ગત "સૂરિરામ" પુણ્યસ્મૃતિ ગ્રંથાવલિનાં પ્રકાશનો

| | | |
|---|---|---|
| ❋ १. | हैमविभ्रम | संस्कृत |
| ❋ २. | कविकल्पद्रुम | संस्कृत |
| ૩. | આર્હત્ દર્શન દીપિકા | ગુજરાતી |
| ૪. | ગુરુરામ સંસ્મરણ યાત્રા | ગુજરાતી |
| ૫. | ગુરુરામ સંસ્મરણ રાસ | ગુજરાતી |
| ૬. | भव आलोचना | हिन्दी |
| ૭. | सम्यक्त्व मूल बार व्रत की संक्षिप्त जानकारी | हिन्दी |
| ❋ ૮. | હિમાલયની ગોદમાં અષ્ટાપદની શોધમાં | ગુજરાતી |
| ૯. | हिमालय की गोद में अष्टापद की शोघ में | हिन्दी |
| ૧૦. | नव्यन्यायभाषाप्रदीप | संस्कृत-हिन्दी |
| ૧૧. | Catalogue of Palm-Leaf Manuscripts With Basic Manuscriptolopy | English |
| ૧૨. | अनुयोग द्वारसूत्र सटीक अनुवाद भा. 1, 2. | प्राकृत-संस्कृत-हिन्दी |
| ૧૩. | ભવ આલોચના | ગુજરાતી |
| ૧૪. | બારવ્રત | ગુજરાતી |
| ૧૫. | અધ્યાત્મકલ્પદ્રુમ (ચોપાઈ - અર્થ સાથે) | प्राकृत-ગુજરાતી |
| ૧૬. | જૈનાગમશબ્દસંગ્રહ - અર્ધમાગધી ગુજરાતી કોશ | प्राकृत-ગુજરાતી |
| ❋ ૧૭. | शक्रस्तव (मूल) | संस्कृत |
| ૧૮. | આનંદઘનચોવીશી સાર્થ | ગુજરાતી |
| ૧૯. | शक्रस्तव (ગુજરાતી અનુવાદ સહ) | संस्कृत-ગુજરાતી |
| ૨૦. | श्री श्रीपालराजा का रास | हिन्दी |
| ૨૧. | तत्त्वार्थसूत्र પરિશીલન કાર્યપત્રક-૧ થી ૨૦ | ગુજરાતી |

| | |
|---|---|
| ૨૨. તત્ત્વાર્થસૂત્ર પ્રશ્નબેંક અધ્યાય-૧ થી ૧૦ | ગુજરાતી |
| ૨૩. श्री तत्त्वार्थसूत्र परिशीलन (हिन्दी विवेचन सहित) | हिन्दी |
| ૨૪. तत्त्वार्थसूत्र परिशीलन कार्यपत्रक-१ से २० | हिन्दी |
| ૨૫. આઠ દૃષ્ટિની સજ્ઝાય કાર્યપત્રક | ગુજરાતી |
| ૨૬. GOOD MANNERS | હિન્દી-અંગ્રેજી |
| ૨૭. શ્રાદ્ધવિધિપ્રકરણ કાર્યપત્રક | ગુજરાતી |
| ૨૮. અષ્ટપ્રકારીપૂજા (પં. શ્રી ઉત્તમવિ.મ. કૃત) | ગુજરાતી |

❋ આ નિશાનીવાળા પુસ્તકો અપ્રાપ્ય છે.

## આ. શ્રીસુરેન્દ્રસૂરીશ્વરજી જૈન તત્ત્વજ્ઞાનશાળાનાં ઉપલબ્ધ અન્ય પ્રકાશનો

| | | |
|---|---|---|
| ૧. | સુવર્ણાક્ષરીય કલ્પસૂત્ર (પ્રત) | સંસ્કૃત |
| ૨. | ઉપદેશપ્રાસાદ (પ્રત) ભાગ ૧ થી ૪ | સંસ્કૃત |
| ૩. | ચતુર્વિંશતિ જિન ચરિતાનિ | સંસ્કૃત |
| ૪. | પ્રમાણનયનતત્ત્વલોકાલંકાર (મૂલ + અવચૂરિ) | સંસ્કૃત |
| ૫. | અધ્યાત્મ કલ્પદ્રુમ (મૂલ) | સંસ્કૃત |
| ૬. | અધ્યાત્મ સાર (મૂલ) | સંસ્કૃત |
| ૭. | પારમર્ષ સ્વાધ્યાય (મૂલ) | સંસ્કૃત |
| ૮. | શ્રીશ્રુતજ્ઞાન અમીધારા | સંસ્કૃત |
| ૯. | શ્રી જૈન ધર્મ પ્રકરણ રત્નાકર | ગુજરાતી |
| ૧૦. | ધાતુ રૂપાવલી | સંસ્કૃત |
| ૧૧. | ગુણવૈભવ પરમ વિભૂતિનો | ગુજરાતી |
| ૧૨. | સમ્યગ્દર્શન | ગુજરાતી |
| ૧૩. | વાંચન આંદોલન | ગુજરાતી |
| ૧૪. | જ્ઞાનપૂજા કાર્ડ | ગુજરાતી |

## આ શ્રેણીની વિશેષતાઓ

- ❋ સંવેગીપરંપરાનાં પ્રભાવક પૂજ્યોની અદ્યાવધિ અપ્રગટ કૃતિઓનું પ્રકાશન
- ❋ વર્ષો પૂર્વે પ્રકાશિત હોવા છતાંય હાલમાં અજ્ઞાત એવી પ્રગટ કૃતિઓનું પણ પ્રકાશન
- ❋ સંવેગીપરંપરાનાં પ્રભાવક પુરુષોનાં જીવનની જાણી-અજાણી અનેક માહિતીઓનું પ્રકાશન
- ❋ સંવેગી પરંપરાનાં પૂજ્યોની વિશિષ્ટ શાસન પ્રભાવનાની વિગતો
- ❋ ક્રિયોદ્ધારક પં. શ્રી સત્યવિજયજી મ.થી માંડીને પ્રત્યેક પૂજ્યોની વંશપરંપરાની યથાશક્ય પ્રસ્તુતિ
- ❋ સંયમશુદ્ધિ સદાચારવૃદ્ધિ અને આત્મસમૃદ્ધિપરક વાતો
- ❋ આપણા સહુનાં આસન્ન ઉપકારી જેઓનાં ધન્ય નામથી આજે ચારેકોર પં. શ્રી ધર્મવિજયજી મ. (ડહેલાવાળા)નો સમુદાય પ્રખ્યાત છે એવા પૂજ્ય દાદા ગુરુદેવશ્રી તપાગચ્છાધિરાજ સન્માર્ગસંરક્ષક આચાર્યપ્રવર **શ્રીરામસૂરીશ્વરજી** મહારાજા (ડહેલાવાળા) સંબંધી અનેક અપ્રગટ વાતો.

અને આ સિવાય પણ બીજુ ઘણું.....બધું....